بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૯**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૬, અંક : ૧૨, સળંગ અંક : ૧૯૨

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


01 ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો મક઼ામ તથા મર્તબો 03
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 11
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 14
04 અસ્રારુલ અવલિયા : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 17
05 બાબરી મસ્જિદ હતી તે જમીન રામલલ્લાને આપી! 19
06 لَیْسَ مِنَّا 'તે અમારો નથી' 20
07 રિયાઝત તથા નફ્સની ઈચ્છાઓ 23
08 ગૈરે રસૂલને રસૂલ માનવા વિશે શરઈ હુકમ 26
09 ઈખ્લાસનો મર્તબો અને આપણા બુઝુર્ગો 31
10 સબ્ર કામયાબીનો નુસ્ખો 33
1 1 મોલવી વિના દુનિયા કેવી લાગશે ?! 35
12 રાફઝિયતના પાંગરી રહેલ જંતુઓ 40
13 ઈદારા શરઈય્યહ-ભરૂચની મીટિંગનું આયોજન 46
14 બરકાતે ખ્વાજાની ટપાલ 48


## યા ગૌષ અલ મદદ !

અઝ :હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ

પીરોં કે આપ પીર હૈં યા ગૌષ અલ મદદ
અહલે સફ઼ાકે મીર હૈં યા ગૌષ અલ મદદ
રંજો અલમ કષીર હૈં યા ગૌષ અલ મદદ
હમ આજિઝો અસીર હૈં યા ગૌષ અલ મદદ
હમ કૈસે જી રહે હૈં યહ તુમસે ક્યા કહેં
હમ અલમ કે તીર હૈં યા ગૌષ અલ મદદ
તીરે નઝરસે ફેર દો સારે અલમ કે તીર
ક્યા યહ અલમ કે તીર હૈં યા ગૌષ અલ મદદ
તેરે હી હાથ લાજ હૈ યા પીર દસ્તગીર
હમ તુઝસે દસ્તગીર હૈં યા ગૌષ અલ મદદ
કિસ દિલસે હો બયાં બેદાદ ઝાલિમાં
ઝાલિમ બળે શરીર હૈં યા ગૌષ અલ મદદ
અહલે સફ઼ાને પાઈ તુમસે રહે સફ઼ા
સબ તુમસે મુસ્તનીર હૈ યા ગૌષ અલ મદદ
સદક઼ા રસૂલે પાકકા ઝોલીમેં ડાલ દો
હમ ક઼ાદરી ફ઼કીર હૈ યા ગૌષ અલ મદદ
દિલકી સુનાએ **'અખ્તર'** દિલકી ઝબાંમેં
કહતે યહ બહતે નીર હૈં યા ગૌષ અલ મદદ




તંત્રી લેખ...

ગૌષે આ'ઝમ સરકારે બગદાદ શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ *(વિલાદત : હિ. ૪૭૧, વિસાલ : હિ. ૫૫૬)*નો મક઼ામ તથા મર્તબો ખૂબ જ ઊંચો છે. આપ તમામ વલીઓના સરદાર છે. તમામ વલીઓની ગરદન પર આપનો ક઼દમ મુબારક છે. આપની શાને પાક નિરાલી છે. આપ આપના ચાહકો મુરીદોના પોકારને સાંભળે છે બલ્કે તેમની મદદ પણ કરે છે. આપે બાર વરસથી ડૂબેલી કશ્તીને દરિયામાંથી જીવતી કાઢી છે. આપે ચોરને પલમાં વલી બનાવી દીધો, મુડદાંને જીવતાં કરી દીધાં, અનેક કાફિરોનાં દિલો આપની કરામતો થકી ઈમાનની રોશનીથી જગમગી ઉઠયાં, અનેક ગુનેહગારોએ બલ્કે ખૂંખાર ડાકૂઓએ તૌબા કરી અને વિલાયતના મક઼ામ પર બિરાજમાન થઈ ગયા. આપ رضی اللہ عنہને પોકારનારની પોકાર આપ સાંભળે છે અને તેની મદદે પહોંચે છે. એના પર યક઼ીન ન આવતુ હોય તેઓ નીચેનુ લખાણ વાંચે જરૂર ઈમાનની રોશની નસીબ થશે, ઈન્શાઅલ્લાહ !

## સામાન્ય મુડદુ પણ સાંભળે છે

ઘણી બધી હદીષોથી સાબિત છે કે મુસલમાન મુડદાં પોત પોતાની કબરોમાં ઝિંદા છે, સાંભળે છે અને જુએ છે. જેમ કે ઈમામ બયહક઼ીએ અને ઈબ્ને અસાકિરે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતથી વર્ણન કર્યું છે. હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : "જ્યારે માણસ કોઈ એવી વ્યક્તિની કબરેથી પસાર થાય છે જેની સાથે દુનિયામાં જાણ પહેચાન હતી અને તે તેને સલામ કરે છે તો તે સલામનો જવાબ પણ આપે છે અને તેને ઓળખે પણ છે. અને જેની સાથે ઓળખાણ ન હતી તેને ઓળખતો તો નથી, પરંતું તેના સલામનો જવાબ આપે છે."

*(બયહક઼ી ઈબ્ને અસાકિર બહવાલા બેહજતુલ અસ્રાર)*

અને બીજી હદીષ જેને ઈમામ અહમદ અબૂ દાઊદે હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત કરી છે. એમાં હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : "જ્યારે મૈયતને દફન કરીને લોકો પરત થાય છે તો મુડદુ તેમના જોડાઓની હલચલનો અવાજ (પગરવ) સાંભળે છે" *(ઈમામ અહમદ, અબૂ દાઊદ)*

અને ઈમામ મુસ્લિમની રિવાયતમાં છે : "જ્યારે મૈયતને દફન કરીને લોકો પરત થાય છે તો મુડદુ તેમના જોડાઓની હલચલનો અવાજ સાંભળે છે."

આ સર્વ હદીષોથી સારી પેઠે સાબિત થયું કે **આમ મુસલમાન પોતે પોતાની ક઼બરોમાં ઝિંદા છે, સાંભળે છે, ઓળખે છે, અને સલામનો જવાબ આપે છે.** વહાબી દેવબંદી બદ અક઼ીદાઓ જુએ કે જ્યારે સામાન્ય મો'મિનનો આ મક઼ામ છે તો અલ્લાહના વલીઓના શો મક઼ામ હશે ? વળી ગૌષે આ'ઝમ رضی اللہ عنہનો મક઼ામ શું હશે ?!

## મો'મિનની રૂહ આલમે બાલામાં રહે છે

એની સાથોસાથ એ પણ સાંભળી લો કે મો'મિનની રૂહ આલમે બાલા (ઉચ્ચ મક઼ામ)માં રહે છે, અને સલામ કરનારો તેની ક઼બ્ર પર સલામ કરે છે અને તે ત્યાંથી એની સલામ સાંભળે છે અને જવાબ આપે છે. જેમ કે સુનને નિસાઈની શરહ ઝહરુર્રબીમાં છે : "રૂહની એક શાન એ પણ છે કે આલમે બાલામાં રહેવા છતાં પણ શરીર સાથે

તેનો સંબંધ જોડાયેલો રહે છે અને ત્યાંથી **તે સલામનો અવાજ સાંભળે છે અને જવાબ પણ આપે છે."**

જ્યારે આમ મુસલમાન મુડદાંઓની રૂહોની શ્રવણ શક્તિનો એ હાલ છે કે આલમે બાલાથી સલામનો અવાજ સાંભળી લે છે, તો પછી અવલિયાએ કિરામની પવિત્ર રૂહોની શક્તિ તથા પહોંચનો અંદાઝો કોણ લગાડી શકે છે ?! એમના બારામાં હઝરત અલ્લામા મુનાદી તયસીરમાં અને હઝરત મુલ્લા અલી કારી મિર્કાત શરહે મિશ્કાતમાં વર્ણવે છે :

"અવલિયાએ કિરામની પવિત્ર રૂહોનો સંબંધ જ્યારે પોતાના ખાકી શરીરોથી તૂટે છે તો તે આલમે બાલાથી જઈને મળી જાય છે અને એ વખતે કોઈ પ્રકારનો કોઈ પડદો તેમના પર આડ નથી રહેતો, બિલ્કુલ એ જ પ્રમાણે તે દરેક ચીજને જુએ છે અને દરેક અવાજને સાંભળે છે જેમ કે કોઈ (જીવતો) જુએ છે."

## વિલાયતના હોદ્દાઓની વહેંચણી ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہ કરે છે

આ શાન આમ અવલિયાએ કિરામની છે (જે ઉપર વાંચી) પણ હવે આવો ! તેમના સરદાર ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہની રૂહાનિયતે કુબ્રાનો જલ્વો જુઓ. હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "અસ્સૈફુલ મલૂલ"માં લખ્યું છે : "વિલાયતના કારખાનાના ફયઝો તથા બરકતો અને દરજાઓના મન્સબો (હોદ્દાઓ) જે અલ્લાહ તઆલાના તરફથી અવલિયાએ કિરામના માટે જમીન પર નાઝિલ થાય છે તે ડાયરેક્ટ કુતબુલ ઈર્શાદ પર ઉતારવામાં આવે છે. તે કેપેસિટી પ્રમાણે વિલાયતના હોદ્દાના તે સર્વ મર્તબા તથા દરજાઓ જમીનના ખૂણે ખૂણે રહેતા અક઼તાબ તથા અવતાદ, નક઼બા તથા નજબા વગેરેના દરમિયાન વહેંચે છે. હઝરત આદમ علیہ السلامના મુબારક યુગથી આ મન્સબ પર સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની રૂહ મુબારક બિરાજમાન હતી. પછી ક્રમાનુસાર અહલે બયતના ઈમામો એક પછી એક આ મહાન મન્સબ (સ્થાન) પર બિરાજમાન થતા રહ્યા ત્યાં સુધી કે હઝરત ઈમામ અસ્કરી સુધી આ ક્રમ પહોંચ્યો. જ્યારે તેમની વફાત થઈ તો આલમે બરઝખમાં તેમની મુક઼દ્દસ રૂહને આ મન્સબ પર બિરાજમાન કરવામાં આવી."

એના પછી ઈર્શાદ ફર્માવે છે : "જ્યારે હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہ પૈદા થયા તો આ મહાન સ્થાન તેમને સુપ્રત કરી દેવામાં આવ્યું અને હઝરત ઈમામ મેહદીના ઝહૂર સુધી તેમની રૂહ મુબારક આ સ્થાન પર બિરાજમાન રહેશે."

મન્સબો (હોદ્દાઓ)ની વહેંચણીની આ સર્વ વિગત કાઝી સાહબે ઈમામ રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہના મક઼તૂબાતના ત્રીજા ભાગમાંથી હાંસલ કરી છે, જેમાં તેમણે ખૂબ જ ખુલાસાપૂર્વક વિસ્તારની સાથે આ મહાન મન્સબ પર હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہને બિરાજમાન કરવાનો ઉલ્લેખ કર્યો છે. છેવટમાં સ્પષ્ટતા પણ કરી છે કે હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہના નાયબપણા હેઠળ આ મન્સબ મને પણ પ્રાપ્ત થયેલ છે તેમના શબ્દો આ પ્રમાણે છે :

"મુજદ્દિદ અલ્ફેષાની આ મક઼ામમાં હઝરત શયખના (ગૌષ પાકના) નાઈબે મનાબ છે અને હઝરત શયખના નાયબપણા હેઠળ આ મન્સબથી એને પણ સંબંધ છે. જેવી રીતે કે કહેવામાં આવ્યું છે કે ચાંદની રોશની સૂરજની રોશનીનું પ્રતિબિંબ છે. આ સ્થિતિમાં હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہના અનોખાપણા તથા વિશિષ્ટતા પર કોઈ અસર નથી પડતી."

આ મહાન મન્સબનો તક઼ાઝો ત્યાં સુધી પૂરો નથી થઈ શકતો જ્યાં સુધી કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہના માટે એક સીમિત પહોંચ તથા તસર્રુફની શક્તિ સ્વીકારવામાં ન આવે કે આપ આલમે કુદ્સથી નાઝિલ થનારા સર્વ ફયઝો તથા બરકતોનો પણ મુશાહેદો કરે (દીદાર કરે) છે અને પૃથ્વીના પટ પર રહેનારા અવલિયાએ કિરામ સર્વ તબક઼ાત (વલીઓના વર્ગો)થી પણ બાખબર છે. જ્યારે તેમની રૂહાની પહોંચ શક્તિ પૂરા આલમને ઘેરી ચૂકેલ છે તો જમીનના કોઈ પણ હિસ્સાથી પોકારનારનો અવાજ સાંભળવો એ તેમના માટે શું મુશ્કેલ હોય શકે છે ?!

## ઈમામ હંબલ ગૌષપાકથી મળવા ક઼બરની બહાર આવ્યા !

હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہની મહાન રૂહાનિયતનો એક અધિક આશ્ચર્યજનક બનાવ સાંભળો જે બેહજતુલ અસ્રાર, પેજ–૩૬૪ વર્ણવેલો છે :

"આ બનાવના રાવી હઝરત અબુલ હસન અલી ઈબ્ને હીતી رضی اللہ عنہ છે. તે બયાન કરે છે કે એક દિવસે હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہ ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہના મઝાર મુબારક પર ઝિયારતના માટે તશરીફ લઈ ગયા. હું અને શયખ બક઼ા પણ આપની સાથે હતા. જેવા સૈયદના ગૌષપાક رضی اللہ عنہ રોઝા મુબારકમાં દાખલ થયા તો હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલની ક઼બર મુબારક ફાટી ગઈ અને આપ ઝિંદાની જેમ બહાર તશરીફ લાવ્યા, અને ગૌષપાક رضی اللہ عنہને પોતાના સીનાથી લગાડયા અને તેમને ખિલ્અતે ફાખિરા (શાનવાળો ડ્રેસ) પહેરાવ્યો અને ઈર્શાદ ફર્માવ્યો કે ઈલ્મે શરીઅત તથા તરીક઼તમાં અમો આપના મોહતાજ છીએ."

આ બનાવ પરથી એ વાત સ્પષ્ટપણે જાહેર થઈ જાય છે કે હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہનું ખાકી શરીર પણ રૂહની જેમ લતીફ હતું કે એક મુજર્રદ રૂહની મુલાકાતમાં તે કોઈ રીતે આડરૂપ ન બન્યું.

દેવબંદી વહાબીઓ જે કહે છે કે **કોઈની ક઼બર તરફ સફર કરવી શિર્ક છે, તો શું ગૌષપાક رضی اللہ عنہ હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہની કબરની ઝિયારતે ગયા એના પર શું હુકમ લગાડશો ?! શું ગૌષપાક رضی اللہ عنہને પણ તૌહીદ તથા શિર્કની સમજ ન હતી ?!** વળી સઉદી અરબના નજદી કૂતરા લાલ રુમાલવાળા મુતવ્વા રોઝએ રસૂલ પર જનારને કહે છે કે, "અહીં કાંઈ ન માગો ! એ તો શિર્ક છે ! હુઝૂર તો મઆઝલ્લાહ ! મરીને માટી થઈ ગયા ! હવે કાંઈ કરી શકતા નથી ! ...... વગેરે." "તેઓ જુએ કે સૈયદુલ અંબિયા صلی اللہ علیہ وسلمની વાત તો અલગ જ છે, અહીં તો સમયના ગૌષે આ'ઝમ رضی اللہ عنہને મળવા કબરમાંથી પોતાના સમયના મહાન ઈમામ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ કબરથી બહાર નીકળે છે ! શું ફત્વો છે નજદી વહાબી દેવબંદીઓનો આ બુઝુર્ગો બારામાં !

*અક઼્લ હોતી તો ખુદાસે ન લળાઈ લેતે–યહ ઘટાએં ઉસે મંઝૂર હૈ બળ્હાના તેરા*

## ગૌષપાક رضی اللہ عنہની રૂહાની શક્તિનો તસર્રુફ

અહીં સુધી તો હઝરત ગૌષુષ્ષક઼લૈન رضی اللہ عنہની રૂહાની શ્રવણ શક્તિ તથા પહોંચ (ઈદરાક) પર ચર્ચા હતી. હવે આવો તેમની તસર્રુફની શક્તિનો પણ એક જલ્વો જોઈએ. હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી "હમ્આત"માં લખે છે : "સર્વ ઉમ્મતના અવલિયા તથા અસ્હાબે સલાસિલમાં જેમની રૂહાનિયતનો મક઼ામ સૌથી

ઊંચો છે, નિસ્બતની શક્તિ સૌથી સંપૂર્ણ તથા કામિલ છે તે શયખ મુહયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ છે, જેમના બારામાં બુઝુર્ગોએ ઈર્શાદ ફર્માવ્યો છે કે તે પોતાની કબ્ર મુબારકમાં જીવતાઓની જેમ તસર્રુફ ફર્માવે છે."

દારુલ ઉલૂમ અરબિયા ભરૂચ–કંથારીયાવાળા દેવબંદીઓ તેમના માસિક "દારુલ ઉલૂમ"માં લખે છે કે "મસ્લકે વલીયુલ્લાહ" અપનાવવો જોઈએ તો તેઓ આંખે રોશની બચી હોય તો આ વાત વાંચે કે ગૌષ પાક رضی اللہ عنہનો શું મર્તબો છે તે હઝરત શાહ વલીયુલ્લાહ જ બતાવી રહ્યા છે ! આ છે "મસ્લકે વલીયુલ્લાહ" !

## ગૌષપાક رضی اللہ عنہ પોતાના ચાહકો પ્રતિ દરેક સમયે ધ્યાનિત રહે છે !

નકશબંદી સિલસિલાના અમીર કબીર હઝરત મિર્ઝા મઝહર જાને જાનાં પોતાના "મલ્ફૂઝાત"માં લખે છે : "પોતાના મુરીદો તથા અકીદતમંદોની તરફ હઝરત ગૌષુષ્ષકલૈન رضی اللہ عنہની તવજ્જોહ (ધ્યાન) દરેક સમયે દોરાયેલી રહે છે. તેમના સિલસિલાનો કોઈ શખ્સ મને એવો નથી મળ્યો કે તેની તરફ આં હઝરતનું ધ્યાન મુબારક દોરાયેલું ન હોય."

આ સર્વ વર્ણવેલ લખાણોથી એ હકીકત બિલકુલ સ્પષ્ટ થઈ ગઈ કે હઝરત ગૌષુષ્ષકલૈન رضی اللہ عنہની રૂહ મુબારકને ખુદાવંદે ઝુલ જલાલે એવી શક્તિ, પહોંચ તથા તસર્રુફ (ફેરફારની શક્તિ) અતા કરેલ છે કે તે જીવતાઓની જેમ દરેક સમયે પોતાના દુ:ખિયારાઓની ખબરગીરી કરે છે.

## "શયઅન લિલ્લાહ" કહેવું જાઈઝ હોવા પર રોશન લખાણો

હવે આપણે સ્પષ્ટતાપૂર્વક વઝીફા **"શયઅન લિલ્લાહ યા અબ્દલ કાદિર"**ના ખાસ મસ્અલા પર પણ ઈસ્લામના ઈમામો તથા મશાઈખે તરીકતનાં અમુક મહેકતાં લખાણોને જોઈ લઈએ. સૈયદી જમાલ મક્કી કુદ્દેસસિર્રહૂ પોતાના ફત્વાઓમાં લખે છે : એ શખ્સના બારામાં મને સલાલ થયો જે મુસીબતના સમયે "યા રસૂલલ્લાહ ! યા અલી ! તથા યા શયખ અબ્દલકાદિર જીલાની !" કહે છે. શું એ શરીઅતની રૂએ જાઈઝ છે કે નહીં ? મેં જવાબ આપ્યો : **હા ! અવલિયાથી મદદ માગવી અને તેમને પુકારવા અને તેમની સાથે વસીલો કરવો જાઈઝ તથા પસંદીદા છે. જેનો ઈન્કાર તે જ કરશે જે હઠધર્મી તથા અવલિયાએ કિરામની બરકતોથી મેહરૂમ છે.**

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી પોતાની કિતાબ "ઈન્તિબાહ"માં **મુશ્કેલીઓના હલને માટે એક વઝીફો** શીખવાડે છે કે "પ્રથમ બે રકાત નફ્લ પઢે પછી એકસો અગીયાર વખત દુરૂદ શરીફ, પછી એકસો અગીયાર વખત કલમએ તમહીદ, પછી એકસો અગીયાર વખત **શયઅન લિલ્લાહ યા શયખ અબ્દુલ કાદિર જીલાની** કહે.

દેવબંદી વહાબી હઝરાત જરા ધ્યાનથી વાંચે અને પોતાના મુલ્લાઓને પૂછે કે હઝરત શાહ વલીયુલ્લાહ પર શું ફત્વો લગાડશો ?!

## ખુદ ગૌષપાક رضی اللہ عنہના આદેશો "મદદે પહોંચવા" વિશે

બેહજતુલ અસ્રાર, પેજ–૩૦૧માં ગૌષપાક رضی اللہ عنہના આ ઈર્શાદો નકલ થયેલા છે, તેને વાંચો અને ઈમાનને તાજુ કરો !

ગૌષપાક رضی اللہ عنہ ફર્માવે છે : "જે શખ્સ મને મુસીબતના સમયે પોકારે તો હું તેની મુસીબત દૂર કરીશ. જે શખ્સ તકલીફના સમયે મને ફરિયાદ કરે તો હું તેની તકલીફ દૂર કરીશ."

વળી એ જ કિતાબના પેજ–૨૯૨ પર ફર્માવે છે : "જો મારા મુરીદનો પર્દો પૂર્વમાં ખુલી જાય અને હું પશ્ચિમમાં હોઉં તો ત્યાંથી જ હું ઢાંકી દઉં છું." આ વિષયની સાબિતીમાં બુઝુર્ગોના અનેક હવાલા છે જેને અત્રે ટૂંકા લેખમાં સમાવવા મુશ્કેલ હોવાથી આટલેથી જ બસ કરીએ છીએ.

## ગૌષપાક رضی اللہ عنہની કરામતોની એક ઝલક !

ગૌષપાક رضی اللہ عنہની અસંખ્ય કરામતો છે જેના માટે કિતાબ બેહજતુલ અસ્રારનો અભ્યાસ જરૂરી છે. અત્રે અમુક કરામતો ટૂંકમાં રજૂ કરીએ છીએ. રાવીઓની ક્રમસર સનદો જોવા માટે જણાવેલ કિતાબ વાંચશો.

**મરઘી જીવતી થઈ ગઈ ! :** "એક સ્ત્રી શયખ મુહયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની ખિદમતમાં પોતાનો પુત્ર લાવી અને કહેવા લાગી કે હું આ પુત્રનુ દિલ જોઉં છુ કે આપની તરફ ખૂબ સંબંધિત છે. હું અલ્લાહને ખાતર અને આપના માટે મારા હક્કથી દરગુઝર કરું છું. ત્યારે આપે તેને કબૂલ કરી લીધો, અને તેને મુજાહિદા તથા તરીકે સલફ (બુઝુર્ગોના માર્ગ) પર ચાલવાના માટે હુકમ આપ્યો. પછી એક દિવસે તેની મા બાળકને મળવા આવી તો જોયું કે તે ભૂખ તથા ઉજાગરાઓના કારણે દૂબળો તથા પીળો પડી ગયો છે, અને જોયું કે જવના ટુકડા ખાય રહ્યો છે. પછી તે શયખની ખિદમતમાં હાજર થઈ તો આપની સમક્ષ એક વાસણ જોયું જેમાં આખી મરઘીનાં હાડકાં પડેલાં છે જેને આપ હમણા ખાઈને ફારિગ થયા હતા. તેણીએ કહ્યું, હે મારા સરદાર ! આપ પોતે તો મરઘી ખાવ છો અને મારો પુત્ર જવની રોટી ખાય છે ?! ત્યારે આપે આપનો હાથ મુબારક એ હાડકાં પર રાખ્યો અને ફર્માવ્યું કે એ અલ્લાહના હુકમથી ઉભી થઈ જા કે જે એ હાડકાંને જીવંત કરશે જે સડી ચૂક્યાં હશે. તો એ જ વખતે તે મરઘી જીવતી થઈ ગઈ પછી ચિલ્લાઈ. ત્યારે ગૌષપાક رضی اللہ عنہએ ફર્માવ્યું કે તારો પુત્ર આ દરજા સુધી પહોંચશે તો જે ચાહશે ખાશે. *(બેહજતુલ અસ્રાર, પેજ–૧૯૩)*

**ચીલને મારવું અને ફરી જીવંત કરવું :** એક દિવસે હવા સખત ચાલી રહી હતી તો એક ચીલ આપની મજલિસની ઉપરથી પસાર થઈ અને ચિલ્લાઈ જેનાથી હાજરજનોની તબીઅત પરેશાન થઈ. આપે ફર્માવ્યું કે, હે હવા ! એના માથાને લઈ લે ! તો એ જ સમયે ચીલ જમીન પર પડી અને તેનું માથુ એક બાજુ પડયું. પછી આપે તેને એક હાથ વડે ઉઠાવીને બીજો હાથ તેના પર ફેરવ્યો અને બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢી તો અલ્લાહ તઆલાના હુકમથી જીવતી થઈ ગઈ અને ઉડી ગઈ. સર્વ લોકોએ આ તમાશો જોયો. *(હવાલો : ઉપર મુજબ)*

**ડાકૂઓને પાવડીઓ ફેંકી ખત્મ કરી દીધા :** અમને ખબર આપી અબુલ અફફાફ મૂસા બિન શયખ આરિફ અબુલ મઆલી ઉષ્માન બિન મૂસા બકાઈએ કાહિરામાં હિ.સ. ૬૩૩માં. કહ્યું, ખબર આપી અમને મારા બાપે દમિશ્કમાં હિ.સ. ૬૧૪માં. કહ્યું, ખબર આપી અમને બે શયખ અબૂ ઉમર તથા ઉષ્માન સરીફીની અને શયખ મુહમ્મદ અબ્દુલ હક્ક હરીમીએ બગદાદમાં હિ.સ. ૫૬૯માં. એ બંનેવે કહ્યું કે અમે અમારા શયખ મુહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની સામે મદરસામાં રવિવારના દિવસે ૩–સફર હિ. ૫૫૫માં હતા. આપ ઉભા થયા અને પાવડીઓ પહેરી વુઝૂ કરવા લાગ્યા અને બે રકાત નમાઝ પઢી. જ્યારે બે રકાત પઢીને સલામ ફેરવી તો આપ ખૂબ જ જોરથી ચિલ્લાયા અને એક પાવડી પકડીને હવામાં ફેંકી તો તે અમારી નજરો સમક્ષથી અદશ્ય થઈ

ગઈ. પછી બીજીવાર ચિલ્લાયા અને બીજી પાવડી ફેંકી તો તે પણ અમારી નજરો સામેથી અદશ્ય થઈ ગઈ. પછી આપ બેસી ગયા અને કોઈનામાં હિંમત ન હતી કે આપને કાંઈ પૂછે. ત્રણ દિવસ પછી અજમના શહેરથી એક કાફલો આવ્યો. તેમણે કહ્યું કે અમારી પાસે શયખની નઝર છે. અમે હઝરતથી ઈજાઝત ચાહી તો આપે ફર્માવ્યું કે તેમનાથી લઈ લો. ત્યારે તેમણે અમને દરિયાઈ તથા રેશમી કપડાં અને સોનુ તથા શયખની તે બે પાવડીઓ જે તે દિવસે ફેંકી હતી તે આપી. અમે તેમને પૂછયું કે તમને આ પાવડીઓ ક્યાંથી મળી ? તેમણે કહ્યું કે અમે રવિવારના દિવસે ૩–સફરના રોજ સફર કરી રહ્યા હતા. એવામાં અમારી સામે અરબનો કાફલો નીકળ્યો. તેમના બે સરદાર હતા તેમણે અમારો માલ લૂટવાનો શરૂ કર્યો અને અમુકને કત્લ કર્યા. પછી તેઓ જંગલમાં ઉતરીને માલ વહેંચવા લાગ્યા. અમે જંગલના એક કિનારે ઉતર્યા અને અમે કહ્યું કે કાશ ! આપણે શયખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہને એ સમયે યાદ કરતા ! અને અમે એમના માટે કેટલાક માલની નઝર માની કે અમે બચી રહ્યા તો આપીશું. પછી અમે આપને યાદ કરવા જ લાગ્યા હતા કે એવામાં અમે બે એવા ઊંચા અવાજો સાંભળ્યા જેનાથી આખુ જંગલ ભરાઈ ગયું. અમે તે ડાકૂઓને જોયા કે તેઓ ભયભીત છે. અમે વિચાર્યુ કે એમના પર અન્ય અરબ આવી ગયા હશે. પછી એમનામાંથી અમુક અમારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે આવો ! તમારો માલ લઈ લો અને જુઓ કે અમારા પર શું આફત આવી પડી છે ! પછી તેઓ અમને પોતાના સરદારોની પાસે લાવ્યા અને અમે તેમને મરેલા જોયા, અને દરેકની પાસે એક એક પાવડી પડી છે કે જે પાણીથી ભીંજાયેલી છે. ત્યારે તેમણે અમારો સઘળો માલ પરત આપી દીધો અને કહેવા લાગ્યા કે આ કોઈ મોટો બનાવ છે ! આ સિવાય અનેક કરામતો આપ رضی اللہ عنہની છે, જેને વધુ શોખ હોય તે "બેહજતુલ અસ્રાર" કિતાબ વાંચે.

## ગૌષપાક رضی اللہ عنہની ઈબાદતો તથા મુજાહિદા અને આપણે

બેહજતુલ અસ્રારમાં છે કે : **આપે ૪૦ વરસ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી.** પૂરી રાત નફ્લ, ઝિક્ર, તિલાવત, મુરાકેબા, મુશાહેદામાં પસાર થતી. આજે આપણો શો હાલ છે ? એક તરફ નારા તો "ગૌષકા દામન નહીં છોડેંગે !"ના મારીએ છીએ પણ આપણી રાતો ગુનાહોમાં પસાર થાય છે. ક્યાંક મોબાઈલમાં ગંદી ફિલ્મો જોવા પાછળ તો ક્યાંક ખેલ તમાશાઓ પાછળ વીતે છે. આપણે સાચા આશિકે ગૌષ છીએ તો આવો ! એ ગુનાહોથી તૌબા કરી લઈએ અને કાંઈ નહીં તો ઈશા જમાઅતથી પઢી સૂઈ જઈએ અને ફજર જમાઅત સાથે પઢીએ.

**આપ ૨૫ વરસો સુધી જંગલમાં રહ્યા અને ઈબાદતો રિયાઝત કરતા રહ્યા** અને નફસની એ હાલત કરી હતી કે તે આપની સમક્ષ એક સૂરતમાં જાહેર થતો હતો અને **નફસ આજીજી કરતો કે જે આપની મરજી હશે તે જ કરીશ !** જ્યારે આપણે ગૌષપાક رضی اللہ عنہની ન્યાઝ ખાવાને ગૌષપાક رضی اللہ عنہની આશિકીનો તકાઝો સમજીએ છીએ પણ આપણે નફસના ગુલામ બની ગયા છીએ. નફસ જે બદી તરફ દોરે દોરાઈ જઈએ છીએ. ગૌષપાક رضی اللہ عنہની મહોબ્બતનો તકાઝો છે કે સર્વ બદીઓ બુરાઈઓથી આપણે તૌબા કરીને તેનાથી દૂર થઈ જઈએ. નફસને રાજી કરવા આપણે યહૂદ તથા નસારા જેવા લિબાસ તેમના જેવા વાળ કટરાવીએ છીએ, બહેનો ખુલ્લા વાળો સાથે બેપર્દા બનીને છાતીઓ જાહેર થાય તથા જાંગો, સીટો જાહેર થાય તેવા ડ્રેસો, ચુસ્ત પોશાક પહેરી રહી છે. તો ક્યાંના આપણે ગૌષપાકના આશિક રહ્યા ?! ફયઝાને ગૌષપાક પામવો હોય તો એ સર્વ હરામ કામોથી તૌબા કરવી જોઈએ.

**આપે પંદર વરસો સુધી એક પગે ઉભા રહી જંગલમાં ખુદાની ઈબાદત કરી.** દિવસો સુધી ભૂખ્યા રહી નફસને તડપાવ્યો. ઈલ્મે દીન હાંસલ કરવા માટે એવી સખત તકલીફો વેઠી જેની આજના દૌરમાં કલ્પના પણ નથી થઈ શકતી. શૈતાન આપને બહેકાવવામાં હારી ગયો તો વાદળનું રૂપ ધારણ કરીને આવ્યો અને ગયબી અવાજ આપ્યો કે, "હે અબ્દુલ કાદિર ! હવે શરીઅતની પાબંદીથી તને મુક્તિ આપવામાં આવે છે. નમાઝ તારા માટે હવે માફ છે ! ....વગેરે." તો ગૌષપાક رضی اللہ عنہ તેની આ ચાલને ઓળખી ગયા અને વિચાર્યું કે નમાઝ જ્યારે રસૂલુલ્લાહ ﷺ પર માફ ન થઈ તો મારા પર કેવી રીતે માફ થાય ?! અને લાહૌલ પઢયા તો તે વાદળ વિખેરાઈ ગયું. આમ શૈતાનના અનેક ધોકાઓથી આપ છેતરાયા નહીં. જ્યારે આજે એવા જાહિલ પીરો શૈતાનના ચેલાઓ છે કે તેઓ નમાઝ વિશે હલકા શબ્દો બોલે છે અને પોતાના મુરીદોને તેનાથી રોકે છે અને કેવળ પોતાના નામનો જાપ કરવાનું કહે છે. તો એવા પીરો મુરીદોએ શૈતાનની રાહથી તૌબા કરી ગૌષ પાક رضی اللہ عنہના નકશે કદમ પર ચાલવા કોશિશ કરવી જોઈએ. નહીં તો યકીનન ! જહન્નમ તેમનુ ઠેકાણુ બનશે. એ જ પ્રમાણે સર્વ ભાઈઓ બહેનોએ ઈસ્લામી શરીઅતને અપનાવી ગુનાહની રાહ છોડવી જોઈએ તો જ તેઓ સાચા આશિકે ગૌષ ગણાશે, નહીં તો જૂઠા દાવેદાર રહીને જહન્નમની આગનો સ્વાદ ચાખશે. અલ્લાહ આપણને સૌને ગૌષપાક رضی اللہ عنہ ના વસીલાથી નેક તૌફીક બખ્શે. (આમીન)

*(સંપૂર્ણ)*

## ફૈઝાને મુસ્તફા લાયબ્રેરી-જુનાગઢ

**જુનાગઢ** : ફૈઝાને મુસ્તફા લાયબ્રેરીની સ્થાપ્ના ૨૦૦૫માં થઈ. આજે લગભગ ૧૪ વર્ષથી આ લાયબ્રેરીમાં તાજદારે અંબિયા, હુઝૂરે પાક ﷺના દીની પ્રચારમાં લગભગ ૨૦૦૦ જેટલી ગુજરાતી, હિન્દી અને ઉર્દૂની કિતાબોનો સંગ્રહ છે. હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અને તમામ બુઝુર્ગો, દરેક માસિકના લેખકોની તેમજ દીની સાહિત્ય ક્ષેત્રે પ્રખર એવા લેખકોની કિતાબોનો સમાવેશ કરેલ છે. આ લાયબ્રેરી કિતાબો મફત પઢવા વાંચવા આપે છે. કોઈ પણ પ્રકારનું ડોનેશન કે નવા સભ્ય બનનાર પાસેથી ચાર્જ લેવામાં આવતો નથી. સ્વખર્ચે એટલે કે દીની ખિદમત કરનાર દાનવીરો, સખાવતો દ્વારા ચલાવવામાં આવે છે. ૪૦ દિવસ સુધી મેમ્બરને કિતાબ આપે એ પરત કરવાની હોય છે. જુનાગઢના વાંચકો, સાદાતો ખબર આપે તો ઘર સુધી પહોંચાડવા લાયબ્રેરી સંચાલકો કટીબધ્ધ છે. આ લાયબ્રેરી મુહર્રમ માહિનામાં ઈમામે આલી મુકામની યાદમાં અને કર્બલાના શહીદોને ખિરાજે અકીદત પેશ કરવાની નિય્યતથી શરૂ કરેલ છે. પીરે તરીકત, રેહબરે શરીઅત, સૈયદ દાદાબાપુ કાદરી ફાતમી સાવરકુંડલાની દુઆઓ અને એમના રૂહાની ફૈઝો કરમથી ચાલે છે. ઘણા સૈયદ સાદાત, બુઝુર્ગોએ આ લાયબ્રેરીની મુલાકાત લઈ દીલી દુઆઓ આપી છે. લાયબ્રેરીની મુલાકાત કરવા ઈચ્છતા હોય તો અમારા નીચે જણાવેલ ફોન નંબર પર ફોન કરીને આવવા નમ્ર અરજ છે. કારણ કે અમો સરકારી જોબના કર્મચારી હોય રજાના દિવસોમાં આવી શકો છો. અમારી નમ્ર અરજ છે કે, આપની પાસે કે સગા-સંબંધીઓ પાસે કોઈક નવી કે જુની કિતાબો હોઈ (મેગેઝીન, માસિક કે પરચા નહીં) તો અમને મોકલી આપશો. જેથી સભ્યોને વાંચવા આપી આપ જારીયા સવાબના હકદાર બની શકો.

**સંપર્ક કરો : ફૈઝાને મુસ્તફા લાયબ્રેરી (વ્યવસ્થાપક)**

C/o. મેહબૂબભાઈ શેખ કાદરી બગદાદી આશિયાના, હિના એપાર્ટવાળી ગલી, **જુનાગઢ-૩૬૨૦૦૧**

મો. ૯૦૩૩૩૭૮૩૩૨, ૯૧૦૪૩૯૫૭૮૬



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَّ الْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَا مَلَكَتْ اَیْمَانُكُمْۚ كِتٰبَ
اللّٰهِ عَلَیْكُمْۚ وَ اُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ اَنْ تَبْتَغُوْا
بِاَمْوَالِكُمْ مُّحْصِنِیْنَ غَیْرَ مُسٰفِحِیْنَؕ فَمَا اسْتَمْتَعْتُمْ
بِهٖ مِنْهُنَّ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ فَرِیْضَةًؕ وَ لَا جُنَاحَ
عَلَیْكُمْ فِیْمَا تَرٰضَیْتُمْ بِهٖ مِنْۢ بَعْدِ الْفَرِیْضَةِؕ اِنَّ اللّٰهَ
كَانَ عَلِیْمًا حَكِیْمًا(۲۴) وَ مَنْ لَّمْ یَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ
یَّنْكِحَ الْمُحْصَنٰتِ الْمُؤْمِنٰتِ فَمِنْ مَّا مَلَكَتْ اَیْمَانُكُمْ
مِّنْ فَتَیٰتِكُمُ الْمُؤْمِنٰتِؕ وَ اللّٰهُ اَعْلَمُ بِاِیْمَانِكُمْؕ
بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍۚ فَانْكِحُوْهُنَّ بِاِذْنِ اَهْلِهِنَّ وَ اٰتُوْهُنَّ
اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ مُحْصَنٰتٍ غَیْرَ مُسٰفِحٰتٍ وَّ لَا
مُتَّخِذٰتِ اَخْدَانٍۚ فَاِذَاۤ اُحْصِنَّ فَاِنْ اَتَیْنَ بِفَاحِشَةٍ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને હરામ છે પતિવાળી સ્ત્રીઓ. પણ કાફિરોની જે સ્ત્રીઓ તમારી મિલ્કીયત (માલિકીપણા)માં આવી જાય[૧] (તે હરામ નથી) આ અલ્લાહનું લખી દીધેલું છે તમારા માટે, અને એમના[૨] સિવાય જે રહી તે તમને હલાલ છે કે પોતાના માલ બદલે (તેણીઓની) તલબ કરો. સ્થાયી રાખીને[૩], ન (માત્ર) પાણી કાઢવા[૪] તો જે સ્ત્રીઓ નિકાહમાં લાવવા ઈચ્છો તેમની બાંધેલી મહેર તેમને આપો, અને નક્કી થઈ ગયા પછી તમારી અંદર અંદર કાંઈક સમજૂતી થઈ જાય તો તેમાં ગુનોહ નથી[૫] બેશક ! અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે (૨૪) અને તમારામાં જેના નિકાહમાં બિનશક્તિના કારણે ઈમાનવાળી સ્વતંત્ર સ્ત્રીઓ ન હોય તો એવીઓ સાથે નિકાહ કરે જે તમારા હાથોની મિલ્કત છે. ઈમાનવાળી કનીઝો[૬] અને અલ્લાહ તમારા ઈમાનને સારી પેઠે જાણે છે, તમારામાં એકબીજાથી છે, તો તેણીઓ સાથે નિકાહ કરો[૭], તેણીઓના માલિકોની પરવાનગીથી[૮] અને નિયમ અનુસાર તેણીઓની મહેર તેણીઓને આપો[૯], સ્થાયી રહેતી ન મસ્તી કાઢતી અને ન યાર બનાવતી[૧૦] જ્યારે તેણીઓ

فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ الْعَذَابِ ؕ ذٰلِكَ
لِمَنْ خَشِيَ الْعَنَتَ مِنْكُمْ ؕ وَ اَنْ تَصْبِرُوْا خَيْرٌ لَّكُمْ ؕ وَ
اللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۲۵﴾ يُرِيْدُ اللّٰهُ لِيُبَيِّنَ لَكُمْ وَ يَهْدِيَكُمْ
سُنَنَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ وَ يَتُوْبَ عَلَيْكُمْ ؕ وَ اللّٰهُ عَلِيْمٌ
حَكِيْمٌ ﴿۲۶﴾ وَ اللّٰهُ يُرِيْدُ اَنْ يَّتُوْبَ عَلَيْكُمْ ۫ وَ يُرِيْدُ
الَّذِيْنَ يَتَّبِعُوْنَ الشَّهَوٰتِ اَنْ تَمِيْلُوْا مَيْلًا عَظِيْمًا ﴿۲۷﴾

*(નિકાહ દ્વારા) કેદમાં આવી જાય[૧૧]. પછી કુકૃત્ય કરે તો એમના પર તે સજાની અડધી છે જે સ્વતંત્ર સ્ત્રીઓ પર (લાગુ પડે) છે[૧૨] આ[૧૩], તેના માટે (છે) જેને તમારામાંથી ઝિના (માં સપડાઈ જવા)નો ભય હોય, અને ધીરજ ધરવી તમારા માટે ઉત્તમ છે[૧૪], અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૫) અલ્લાહ ઈચ્છે છે કે તે પોતાના હુકમો તમારા માટે બયાન કરી આપે અને તમને પૂર્વજોની રીતભાતો બનાવી દે[૧૫], અને તમારા પ્રત્યે પોતાની રહમત દ્વારા ધ્યાન આપે, અને અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે (૨૬) અને અલ્લાહ તમારા પર પોતાની રહમત દ્વારા ધ્યાન આપવા ઈચ્છે છે, અને જે પોતાની મોજ મજામાં પડયા છે તેઓ ઈચ્છે છે કે તમે સીધા માર્ગથી ઘણા વેગળા થઈ જાવ[૧૬] (૨૭)*

## :: સમજૂતી ::

**૧** : કેદ પકડાઈને પોતાના પતિઓ સિવાય, તો તેણીઓ એક હૈઝ પૂરૂં થયા પછી અથવા હમલ હોય તો બાળક જન્મ્યા બાદ તમારા માટે હલાલ છે, ભલે પછી દારુલ હર્બ (ઈસ્લામના શત્રુ દેશ)માં તેણીઓના પતિ જીવંત હોય, કારણ કે સ્થળની વિભિન્નતાના કારણે તેણીઓ પોતાના પતિઓથી અલગ થઈ ચૂકી.

**શાને નુઝૂલ** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, "અમે એક દિવસ ઘણી કેદી સ્ત્રીઓ મેળવી, જેમના પતિઓ દારુલ હર્બમાં હતા, જેથી અમે તેણીઓની નિકટતામાં વિચાર કર્યો. અને સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને મસ્અલો પૂછયો, ત્યારે આ આયત ઉતરી."

**૨** : ગણાવેલી હરામ સ્ત્રીઓ.

**૩** : નિકાહ દ્વારા અથવા માલિકી હક્કથી, આ આયતથી અનેક મસ્અલા સાબિત થયા.

**મસ્અલો** : નિકાહમાં મહેર જરૂરી છે.

**મસ્અલો** : મહેર નક્કી ન કરી હોય તો પણ વાજિબ છે.

**મસ્અલો** : મહેર માલ (બજારમાં જે દ્વારા ખરીદ વેચાણ થઈ શકે એવી વસ્તુ) જ હોવો જોઈએ. સેવા કે તા'લીમ નહીં, કારણ કે એ વસ્તુઓ માલ નથી.

**મસ્અલો** : એટલી ઓછી વસ્તુ જેના માટે માલ શબ્દ ન ઉચ્ચારી શકાય તે મહેર બની શકતી નથી. હઝરત જાબિર અને હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે મહેરની લઘુત્તમ હદ દસ દિરહમ છે. એનાથી ઓછી મહેર હોઈ શકે નહીં.

**૪** : એનાથી વ્યભિચાર મુરાદ છે, અને એ

બાબત લાલબત્તી ધરવામાં આવી છે કે વ્યભિચારી માત્ર વાસના સંતોષી રહ્યો છે અને ઉત્તેજના ઠંડી પાડી રહ્યો છે. એનું કાર્ય આદર્શ અને હેતુની ઉત્તમતાથી ખાલી છે.

ઔલાદ પ્રાપ્તિ, વંશની જાળવણી, નફ્સને હરામથી બચાવવો વિગેરે એમાંથી એક પણ બાબત તેના લક્ષ સ્થાને નથી હોતી, તે પોતાના વિર્ય અને માલને વેડફીને દીન દુનિયાની ખોટમાં સપડાય છે.

**૫** : ભલે પછી સ્ત્રી નક્કી થયેલી મેહરમાંથી કંઈક ઓછુ કરી આપે કે તદ્દન માફ કરી દે અથવા પુરૂષ મહેરની માત્રામાં વધારો કરી આપે.

**૬** : અર્થાત મુસ્લિમોની ઈમાનવાળી કનીઝો, કારણ કે પોતાની કનીઝ સાથે નિકાહ થતો નથી, તે તો નિકાહ વગર જ માલિક માટે હલાલ છે, અર્થ એ છે કે જે માણસ મુસ્લિમ સ્વતંત્ર સ્ત્રી સાથે નિકાહ કરવાની જોગવાઈ ન ધરાવતો હોય, તે ઈમાનદાર કનીઝ સાથે નિકાહ કરે, એ બાબત શરમ કરવા જેવી નથી.

**મસ્અલો** : જે માણસ સ્વતંત્ર સ્ત્રી સાથે નિકાહ કરવા સમર્થ હોય, તે પણ કનીઝ સાથે નિકાહ કરી શકે છે.

**મસ્અલો** : ઉપરનો મસ્અલો આ આયતમાં તો નથી, પણ એની ઉપરવાળી આયત وَاُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ થી સાબિત છે.

**મસ્અલો** : એ જ પ્રમાણે કિતાબિયહ કનીઝ સાથે પણ નિકાહ જાઈઝ છે, જેવું કે આ આયતથી સાબિત થયું.

**૭** : આ કોઈ શરમ કરવા જેવી બાબત નથી, ઈમાનની શ્રેષ્ઠતા ખાતર છે, એને પૂરતો જાણો.

**૮ : મસ્અલો** : આનાથી જણાયું કે કનીઝને પોતાના માલિકની પરવાનગી વગર નિકાહનો અધિકાર નથી. એ જ પ્રમાણે ગુલામને પણ.

**૯** : જો કે તેણીઓના મહેરના માલિક તેણીઓના માલિક છે, પણ કનીઝોને આપવું એ માલિકોને આપવા જેવું જ છે, કારણ કે તે પોતે અને તેની માલિકીમાં જે કાંઈ હોય તે બધું માલિકની માલિકીનું જ છે, અથવા એ અર્થ છે કે માલિકની પરવાનગીથી મહેર તેણીઓને આપો.

**૧૦** : અર્થાત કે જાહેરમાં કે છુપી રીતે બદ્કારી કરતી નથી.

**૧૧** : અને પતિવાળી બની જાય.

**૧૨** : કે જેઓ પરણિત ન હોય, એટલે કે પચાસ કોરડા કારણ કે સ્વતંત્ર સ્ત્રીની સજા ૧૦૦ કોરડા છે. અને કનીઝોને સંગસાર કરવામાં નહીં આવે, કારણ કે સંગસારનો અડધો ભાગ થઈ શકતો નથી.

**૧૩** : કનીઝ સાથે નિકાહ કરવો.

**૧૪** : કનીઝ સાથે નિકાહ કરવા કરતાં, કારણ કે એનાથી ઔલાદ (કોઈની) માલિકીની જન્મશે.

**૧૫** : અંબિયા અને નેક લોકોની.

**૧૬** : અને હરામ (કાર્યો)માં સપડાયને એમના જેવા જ બની જાવ. *(ક્રમશઃ)*

## પાંચ રોઝા જશ્ને શહીદે કર્બલા

**જુનાગઢ** : ખાતે જુણેજા હોલમાં "આશિકાને એહલે બૈત" થકી તા. ૫–૯–૨૦૧૯ થી ૯–૯–૨૦૧૯ સુધી દરરોજ રાતે ૧૦ વાગ્યાથી ૧૧ સુધી નવાસાએ રસૂલ હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતે કિરામ તથા શોહદાએ કર્બલાની યાદમાં શાહઝાદાએ અમીરે અહલે સુન્નત, પીરે તરીકૃત, ગુલઝારે મિલ્લત હઝરત ગુલઝાર અહમદ સાહબ કિૃબ્લા નૂરી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરિય્યહ જુનાગઢ) સાહબે પોતાના અનોખા અંદાઝમાં બયાનો કર્યા હતાં. *–(રજૂ : મેહમૂદભાઈ : ફયઝાને મુસ્તફા લાયબ્રેરી–જૂનાગઢ)*

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

### એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان
કાર્યાલય

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે નમાઝની તકબીર કહેવામાં આવે તો દોડતા ન આવો બલ્કે ચાલતા ચાલતા ઈત્મિનાનની સાથે આવો[૧]. જે મેળવી લો તે પઢી લો, જે રહી જાય તે પૂરી કરી લો[૨]. (મુસ્લિમ, બુખારી) મુસ્લિમની રિવાયતમાં છે, કેમ કે જ્યારે કોઈ નમાઝનો ઈરાદો કરે છે તો તે નમાઝમાં જ હોય છે[૩]. (પ્રકરણ બીજા વિભાગથી ખાલી છે.)*

**૧.** એટલે કે જમાઅતના માટે ગભરાયને દોડતા દોડતા ન આવો કે પડી જવાનો તથા વાગવાનો અંદેશો છે. યાદ રાખશો કે રબે જે ફર્માવ્યું : فَاسْعَوْا اِلٰی ذِکْرِ اللّٰہِ ત્યાં સઈથી મુરાદ દોડવું નથી, બલ્કે જુમ્આની નમાઝની તૈયારી કરવું છે. જેથી આયત તથા હદીષમાં વિરોધાભાસ નથી.

**૨.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે જમાઅતમાં જોડાવા માટે સુકૂનથી આવવું મુસ્તહબ છે. દોડવું મુસ્તહબની વિરૂધ્ધ છે, હરામ નથી. જેથી ફારૂકે આ'ઝમનું એકવાર દોડીને રુકૂઅમાં સામેલ થવું નાજાઈઝ ન હતું. બીજો એ કે અંતિમ ભાગ મળી જવાથી જમાઅત મળી જાય છે. જેથી જો નમાઝે જુમ્આની અત્તહિય્યાતમાં મળી જાય તો તે જુમ્આ પઢે. ત્રીજો એ કે જે રકાતમાં મુકતદી જમાઅતમાં જોડાય તે સંખ્યાના હિસાબે પ્રથમ રકાત છે અને કિ઼રાઅતના લેહાઝથી છેલ્લી રકાત છે.

**૩.** એટલે કે જ્યારથી તે નમાઝના ઈરાદાથી ઘરેથી ચાલ્યો તેને નમાઝનો સવાબ મળી રહ્યો છે પછી જલ્દી શા માટે કરે છે ! અને ચૌટ ખાય છે. ઈત્મિનાનથી આવે અને જે પામે તેને અદા કરે. યાદ રાખશો કે જો તકબીરે ઉલા અથવા રુકૂઅ પામવાના માટે થોડોક ઝડપભેર આવે પણ ન એટલો ઝડપથી કે વાગી બેસે, પડી જવાનો ભય રહે, તો વાંધો નથી. જેમ કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો અમલ અગાઉ વર્ણન થયો.

**(વિભાગ : ૩)** *હઝરત ઝયદ ઈબ્ને અસ્લમ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે કે એક રાતે નબી કરીમ رضی اللہ عنہ એ મક્કાના રસ્તામાં[૨] ઉતારો કર્યો અને હઝરત બિલાલને એટલા માટે નિયુક્ત કર્યા કે તેમને નમાઝના માટે જગાડી દે. ત્યારે હઝરત બિલાલ અને સૌ હઝરાત સૂઈ ગયા[૩]. અને જ્યારે જાગ્યા ત્યારે તેમના પર સૂરજ ચમકી રહ્યો હતો. કૌમ ગભરાયેલી હાલતમાં જાગી. તેમને નબી કરીમ ﷺ એ હુકમ આપ્યો કે સવાર થઈ જાવ ત્યાં સુધી કે આ જંગલથી દૂર નીકળી જઈએ, અને ફર્માવ્યું કે આ જંગલમાં શૈતાન છે[૪]. લોકો સવાર થયા ત્યાં સુધી કે તે જંગલથી નીકળી ગયા. પછી હુઝૂરે અન્વર ﷺ એ તેમને હુકમ આપ્યો કે ઉતરો ! અને વુઝૂ કરો અને હઝરત બિલાલને હુકમ આપ્યો કે નમાઝની તકબીર અથવા અઝાન કહો[૫]. પછી નબી કરીમ ﷺ એ લોકોને નમાઝ પઢાવી[૬] પછી ફારિગ થઈને તેમની ગભરાહટ જોઈ તો ફર્માવ્યું, હે લોકો ! અલ્લાહે આપણી રૂહો ક઼બ્ઝ કરી લીધી હતી, જો ચાહતો*

*તો તેને આના સિવાય અન્ય સમયમાં તેમને પરત કરતો[૭]. જ્યારે તમારામાંથી કોઈ નમાઝથી સૂઈ જાય અથવા તેને ભૂલી જાય પછી ગભરાયને તેની તરફ આવ્યા તો તેને એવી જ પઢે જેવી રીતે એના સમયમાં પઢતો હતો[૮]. પછી નબી કરીમ ﷺએ હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની તરફ ધ્યાન કર્યું અને ફર્માવ્યું, શૈતાન બિલાલની પાસે આવ્યો જ્યારે તે ઉભા રહીને નમાઝ પઢી રહ્યા હતા, તેમને ઊંઘાડી દીધા[૯], પછી તેમને થપકારતો રહ્યો જેવી રીતે બાળકને થપકારવામાં આવે છે, ત્યાં સુધી કે તે સૂઈ ગયા. પછી નબી કરીમ રઊફો રહીમ ﷺએ હઝરત બિલાલને બોલાવ્યા તો હઝરત બિલાલે હુઝૂર ﷺને એ જ પ્રમાણેની ખબર આપી, જેવી કે હુઝૂર ﷺએ અબૂ બક્ર સિદ્દીક઼ને ખબર આપી હતી[૧૦]. અબૂ બક્ર સિદ્દીક઼ બોલ્યા હું ગવાહી આપુ છું આપ સાચા રસૂલ છો[૧૧]. ﷺ (માલિક)*

**૧.** આપ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના આઝાદ કરેલા ગુલામ છે, તાબઈ છે, ઘણા જ ઈલ્મ તથા તક઼વાવાળા છે.

**૨.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે તઅરીસનો આ બીજો બનાવ છે, કેમ કે પ્રથમ બનાવ ખૈબર તથા મદીના મુનવ્વરાની દરમિયાન બન્યો હતો, અને આ મદીના મુનવ્વરા તથા મક્કા મોઅઝ્ઝમાની વચ્ચે બન્યો. શયખે ફર્માવ્યું કે લગભગ બનાવ તો તે જ છે પણ અહીં રાવીને ધોકો થયો કે મક્કા મોઅઝ્ઝમાના માર્ગમાં સમજ્યા.

**૩.** જો આ ખૈબરવાળો બનાવ છે તો હઝરત બિલાલ ઊંટની પીઠ પર ટેક લગાડીને સૂઈ ગયા અને અગ્રગણ્ય સહાબાઓ બાક઼ાયદા આડા પડીને ઈરાદાપૂર્વક સૂઈ ગયા. અને જો બીજો બનાવ છે તો હઝરત બિલાલ رضی اللہ عنہ પણ આડા પડીને સૂતા પણ સૂવાનો ઈરાદો ન હતો, કમર સીધી કરવા આડા પડયા એવામાં આંખ લાગી ગઈ.

**૪.** એની શરહ (સ્પષ્ટતા) એ જ છે જે પહેલાં વર્ણન થઈ ચૂકી. એટલે કે આ જંગલમાં અત્યારે સૂરજ ઉગી રહ્યો છે અને શૈતાનની શીંગોની દરમિયાન છે. અત્યારે નમાઝ મકરૂહ છે. થોડાક આગળ ચાલો જેથી સફર પણ પા થઈ જશે અને સૂરજ પણ ઊંચો આવી જશે. એ મતલબ નથી કે અહીં આ જંગલમાં શૈતાન મૌજૂદ છે જેણે અમને સૂવડાવી દીધા જેથી અહીં નમાઝ ન પઢો. શૈતાન દરેક સમયે માણસની સાથે રહે છે, તેમજ શૈતાનના કારણે નમાઝ ન પઢવું યોગ્ય ક઼યાસ મુજબ નથી. મંદિરો, શરાબખાનાઓમાં નમાઝ એટલા માટે મકરૂહ છે કે તે દરેક જગા ગુનાહો અથવા શિર્ક તથા કુફ્રની છે. ઈસ્તિન્જાખાના (જાજરૂ) તથા બાથરૂમમાં નમાઝ મકરૂહ છે કે તે જગા નાપાકીની છે કે એટલા માટે કે ત્યાં શૈતાન છે.

**૫.** જાહેર એ છે કે અહીં أو વાવના અર્થમાં છે, એટલે કે અઝાન તથા તકબીર કહી. અને જો શકના માટે છે તો એ શક રાવીને છે. એટલે કે મને ખયાલ નથી કે મારા શયખે અઝાનનો ઉલ્લેખ કર્યો કે તકબીરનો.

**૬.** જાણવા મળ્યું કે જો પૂરી ક઼ૌમની નમાઝ રહી જાય તો કઝા બાજમાઅત કરવામાં આવશે અને એના માટે અઝાન તથા ઈક઼ામત થશે.

**૭.** એટલે કે જો ચાહત તો આપણને ક઼યામતના દિવસે જ ઉઠાડત, આ તો એની મહેરબાની છે કે આજે જ જગાડી આપ્યા. ઊંઘ મૌતની નાની બહેન છે, જેથી આ ક઼ઝા પર ગભરાવો નહીં. આમાં રબ તઆલાની હિકમતો છે.

**૮.** મોટાભાગના હનફીઓનો એ ક઼ૌલ છે કે જહરી (જોરથી ક઼િરાઅતવાળી) નમાઝની ક઼ઝા પણ જહરથી કરવામાં આવશે, અને ખફી (ધીરેથી ક઼િરાઅતવાળી) નમાઝોની ક઼ઝા ધીમી ક઼િરાઅતથી કરવામાં આવશે. એમની દલીલ આ હદીષ છે. એનાથી જાણવા મળ્યું કે સફરની નમાઝ જો ઘરમાં ક઼ઝા કરે તો કસ્ર જ કરશે અને જો ઘરની નમાઝ સફરમાં ક઼ઝા કરશે તો પૂરી પઢશે. તેમજ ફજરની નમાઝ જો ઝવાલ પહેલાં ક઼ઝા પઢે તો સુન્નતો પણ ક઼ઝા કરશે.

**૯.** સરવરે દો જહાં ﷺ હઝરત બિલાલની સફાઈ વર્ણવી રહ્યા છે કે તેમણે અમારા હુકમની વિરૂધ્ધ નથી કર્યુ, જે કાંઈ થયું એ શૈતાનની હરકતથી થયું. બિલાલ નિર્દોષ છે. આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે સવારના સમયે શૈતાન લોકોને એ પ્રમાણે થપકારે છે જેવી રીતે મા બાળકને સૂવડાવતી વખતે થપકારે છે. જેથી લાહૌલ પઢીને ઉઠી જવું જોઈએ. **બીજો** એ કે શૈતાન ક્યારેક મક્બૂલ બંદાઓ પર પણ વસવસો કે ઊંઘ નાખી દે છે, હા ! એમને ગુમરાહ નથી કરી શકતો. જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી : اِنَّ عِبَادِىْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ **ત્રીજો** એ કે હુઝૂરે અકરમ ﷺ સૂતેલી હાલતમાં પણ લોકોના દરેક હાલથી ખબરદાર રહે છે અને શૈતાનની હરકતોને જુએ છે. જુઓ, રબ તઆલાએ અહીં હુઝૂરે અન્વર ﷺને સૂર્યના ઊગવાથી બેધ્યાન કરી આપ્યા પણ જે બનાવ બિલાલ સાથે બન્યો તેને જોતા રહ્યા. જે મહબૂબની ઊંઘમાં આવી ખબરદારી છે એની જાગૃતાવસ્થાનો શો હાલ હશે ?! રબ ફર્માવે છે : عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ "એમના પર તમારી દરેક તકલીફ ભારે છે." જાણવા મળ્યું કે તે ઉમ્મતના રખેવાળ, પોતાના દરેક ઉમ્મતીના દરેક હાલથી વાકેફ છે. યાદ રાખશો કે અહીં બિલાલ رضی اللہ عنہની ઊંઘનો સબબ શૈતાન હતો પણ ઊંઘનો ખાલિક્ રબ છે. એટલા માટે હમણા થોડીકવાર પહેલાં આ જ હદીષમાં આ ઊંઘને રબની પ્રતિ નિસ્બત આપવામાં આવી, અને અહીં શૈતાનની તરફ. ફકીરની આ તક્રીર (ચર્ચા)થી ઘણી બધી આયતો તથા હદીષો પરથી શંકા ઉઠી જશે.

**૧૦.** કે હું નમાઝ પઢી રહ્યો હતો. શૈતાને મને થપકાર્યો જેથી હું સૂઈ ગયો. એનાથી જાણવા મળ્યું કે મોટાભાગના સહાબાએ કિરામ શૈતાનની હરકતો મેહસૂસ કરતા હતા, બલ્કે ક્યારેક શૈતાનને હરકતો કરતાં જોતા પણ હતા, અને પકડી પણ લેતા હતા. અને તે એમના હાથોએથી છૂટી શકતો ન હતો, માફી માગીને ભાગતો હતો. જેવું કે આ જ મિશ્કાત શરીફમાં આગળ જતાં આવશે.

**૧૧.** એટલે કે આજે મેં આપની રિસાલત નજરે જોઈ લીધી, જોઈને ગવાહી આપી રહ્યો છું. જાણવા મળ્યું કે હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ આપની નબુવ્વત તથા રિસાલતની દલીલ છે. જે કોઈ ઈલ્મનો ઈન્કાર કરે છે તે પર્દા પાછળ નબુવ્વતનો ઈન્કારી છે. એની સંપૂર્ણ તેહક્રીક્ અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૧)માં જુઓ.

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મોઅઝ્ઝિનોની ગરદનોમાં મુસલમાનોની બે ચીજો લટકેલી છે, તેમના રોઝા તથા નમાઝો[૧]. (ઈબ્ને માજહ)*

**૧.** કે મોઅઝ્ઝિન મુસલમાનોના નમાઝ રોઝા બંનેના જિમ્મેદાર છે, કેમ કે અઝાનથી સહરી તથા ઈફ્તાર છે. અને અઝાનથી જ નમાઝોની અદાયગી. જો અઝાનો સહીહ સમય પર આપવામાં આવશે તો લોકોના રોઝા નમાઝ દુરુસ્ત થશે અને સૌનો સવાબ એમને મળશે, અને જો ગલત સમય પર આપશે તો સૌના રોઝા નમાઝ બર્બાદ થશે અને વબાલ એ હઝરાત પર આવશે. મિર્કાતે અહીં એક હદીષ નક્લ ફર્માવી છે કે હુઝૂરે અન્વર ﷺ ફર્માવે છે, જન્નતમાં પ્રથમ અંબિયા જશે પછી બયતુલ્લાહના મોઅઝ્ઝિન એટલે બિલાલ, પછી બયતુલ મુક્દસના મોઅઝ્ઝિન પછી સર્વ મોઅઝ્ઝિનો જશે. *(ક્રમશઃ)*

**એક જરૂરી એલાન**

આપનું પ્યારુ અહલે સુન્નત વ જમાઅતનો ડંકો વગાડતું, હક્ક વાતને કશાય ખચકાટ વિના પ્રદર્શિત કરતું, રાફઝી, ખારજી, શીઆ, વહાબી, ગૈર મુક્લ્લિદ, દેવબંદી, મૌદૂદી....વગેરે તમામ બાતિલ ફિર્કાઓની કુર્આન હદીષથી રદ કરીને તમારા તથા તમારી ઔલાદના ઈમાનને બચાવતુ માસિક....એટલે **"બરકાતે ખ્વાજા"** હાલ ખોટમાં ચાલી રહ્યું છે, ગ્રાહકો લવાજમ મોકલવામાં સુસ્તી કરે છે તો નમ્ર અરજ કે વેળાસર લવાજમો મોકલે અને એને ચાલુ રાખવા માટે વધુ ગ્રાહકો કરી આપી અવશ્ય સહકાર કરે એવી નમ્ર અરજ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૮

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક :** હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### તવક્કુલનો મક઼ામ

હઝરતે એ મોક઼ા પર ઈર્શાદ ફર્માવ્યો, એકવાર એહલે સુલૂકમાંથી અમુક હઝરાત ખાનએ કા'બા શરીફના માટે તવક્કુલ અલલ્લાહ ઘરેથી નીકળી પડયા. અને એ અહદ કર્યો કે પોતાના જરૂરતના બારામાં કોઈનાથી હરગિઝ ઈઝહાર કરીશું નહીં અને કાંઈ માગીશું નહીં. છેવટે એક જંગલમાં પહોંચી ગયા જ્યાં કોઈ ઈન્સાનની આવજા તદ્દન ન હતી. એ જંગલમાં એક ઝરણુ હતું તે ઝરણા પર રોકાયા, વુઝૂ કર્યું અને નિયમાનુસાર બે રકાત નમાઝ અદા કરી. એટલામાં શું જુએ છે કે સૈયદના ખિઝર علیہ السلام થોડીક જવની રોટીઓ લઈને તશરીફ લાવ્યા. તે સૌ એમની તરફ ધસ્યા અને ઘણી ખુશીનો ઈઝહાર કર્યો અને કહ્યું, અલ્લાહ કરીમનો શુક્ર છે કે સૈયદના ખિઝર علیہ السلامની ઝિયારત પણ નસીબ થઈ ગઈ અને અમે ભૂખ્યા હતા તો અમને ખાવા પણ મળી ગયું. જ્યારે એ વાત એમના દિલમાં આવી તો અવાજ આવ્યો, હે બદઅહદ દાવેદાર ! શું તમે અમારાથી આ જ અહદ કર્યો હતો ? અને આ જ વાત નિશ્ચિત કરીને ઘરથી નીકળ્યા હતા ? હવામાં એક તલ્વાર જાહેર થઈ અને તમામનાં માથાં શરીથી જુદાં કરીને ફેંકતી ગઈ. ફર્માવ્યું, હે દુરવેશ ! જે વાયદાભંગ (અહદ શિકની) કરે છે અને અલ્લાહ પર તવક્કુલમાં અડગ નથી રહેતો એમની સજા આ જ છે જે એમને મળી. એના પર હઝરતની આંખોમાં આંસૂ આવી ગયાં. ફર્માવ્યું, આ બે શેઅરો જો હુઝી શમ્સી પર હઝરત ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી સાંભળ્યા. બે મિષાલ શેઅર છે : *(ફારસી શેઅર ૧ લાઈન)*

"જેણે પોતાના મહબૂબથી વાયદો કર્યો અને તોડી નાખ્યો, છેવટે વચનભંગ કરનારાઓની જેમ માર્યો ગયો."

### ઈશ્કની શરૂઆત

ફર્માવ્યું, હે દુરવેશ ! ઈશ્ક઼ની શરૂઆત પણ આદમ સફીયુલ્લાહ رحمۃ اللہ علیہથી થઈ. જ્યારે એમને આ દુનિયામાં પેદા કરવામાં આવ્યા તો જમાલે (ઈશ્ક઼ની સુંદરતા) તેમની નજરોના સામે લાવવામાં આવ્યો. જેવો કે આદમ સફીયુલ્લાહ علیہ السلامએ જમાલે ઈશ્ક઼ને જોયો તો સો જાનથી કુર્બાન થઈ ગયા, દીવાનાઓની જેમ ફરવા લાગ્યા. પછી ફરિશ્તાઓને સંબોધન થયું કે હે ફરિશ્તાઓ ! હું આદમના માટે સાથી પેદા કરવા ચાહું છું કે જેથી તેની દિલદારી કરે, નહીં તો આદમ સહન નહીં કરી શકે અને બર્બાદ થઈ જશે. ફરિશ્તા સજદામાં સર રાખીને અર્ઝ કરવા લાગ્યા

કે હે બારી તઆલા ! જે કાંઈ તું જાણે છે તેને અમે નથી જાણતા. તું હાકિમ છે જે ચાહે હુકમ ફર્માવે. ફર્માન થયું, હે ફરિશ્તાઓ ! જુઓ અને ધ્યાનપૂર્વક જુઓ કે હું તેનો સાથી કેવી રીતે પેદા કરું છું. હઝરત આદમ સફીયુલ્લાહ علیہ السلام એકલા બેઠેલા હતા કે તેમના ડાબા પાસાથી હઝરત હવ્વા علی نبینا علیہما السلام પેદા થયાં અને હઝરત આદમ علیہ السلامને સલામ કહી. અને તેમની બાજુમાં બેસી ગયાં. હઝરત આદમે જ્યારે તેમને જોયાં તો પૂછયું, હે સુંદર ચહેરાવાળી ! તું કોણ છે ? અર્ઝ કરી, હું આપની પત્ની છું જેથી મારી હમનશીનીમાં આપને સંતોષ મળે.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! આશિકે હકીકીની ફરિયાદ દરાઝી તે સમય સુધી થાય છે જ્યાં સુધી તે મંઝિલે મકસૂદ સુધી ન પહોંચ્યો હોય. જ્યારે આશિકે મહેબૂબનું મિલન પામી લે છે તો તેનો સર્વ શોર તથા જોશ ખત્મ થઈ જાય છે. હઝરતે ફર્માવ્યું કે શયખ બહાઉદ્દીન બુખારી رحمۃ اللہ علیہ (કે જે વાસિલાને હક્કમાંથી હતા)નો એક કત્અહ મને યાદ છે જે ઘણા જ શોખ તથા મહોબ્બતના જઝબાની હાલતમાં કહેવામાં આવ્યો છે :

**અર્થ** : "મેં પહેલા દિવસે જ્યારે તને જોયો તો તારો આશિકેઝાર બની ગયો. પછી મને નથી ખબર કે તું હતો કે બીજો કોઈ જેને મેં જોયો. એ મહબૂબના રૂખે અન્વર (ચમકતા ચહેરા) પર એ રીતે આશિક થઈ ગયો છું કે હું મારા આપમાં ન રહ્યો અને મહબૂબને શરીર તથા જાનમાં છવાય ગયેલો જોયો."

આ મોકા પર શોખના ગલ્બાથી શયખ ફરીદુદ્દીન મસ્ઊદ رضی اللہ عنہની ઝબાન મુબારકથી નીકળ્યું કે એકવાર મેં કાઝી હમીદુદ્દીન નાગોરીથી સાંભળ્યું :

**અર્થ** : "મારા માટે ઈશ્ક એક બલા છે અને હું બલાઓથી પરહેઝજ કરું છું. જ્યારે ઈશ્ક થઈ જાય છે તો મારી પરેશાની તેને જાગૃત કરી દે છે ભલે ઈશ્ક સારો દેખાય છે અને વફા અધિક સારી જણાય છે પણ મારા માટે એ જ સારું છે કે ઈશ્ક તથા વફા બંનેવને મિલાવી લઉં. મને સાથી કહે છે કે બલાથી પરહેઝકર, બલા તો દિલ છે, તો હું દિલથી કેવી રીતે પરહેઝ કરી શકુ છું."

**તવક્કુલની વ્યાખ્યા** : તવક્કુલ રિઝકે મઝમૂનમાં જ આવે છે, કેમ કે આપ જાણો છો કે જે આપનુ મુકદ્દર છે તે જરૂર મળીને રહેશે. રિઝકે મખ્લૂકમાં તવક્કુલ નથી અને રિઝકે મવઊદમાં પણ તવક્કુલ નથી હોતો, કેમ કે જે વાયદો છે તે જરૂર મળશે. એનો મતલબ એ છે કે જે આપના મુકદ્દરમાં છે અને આપનો વઝીફો છે તેના વિશે આપ જાણી લો કે નિશ્ચિતરૂપે તેને આપ જરૂર હાંસલ કરશો. એમાં તવક્કુલ જાઈઝ છે. હે દુરવેશ ! રિઝ્કમાં તવક્કુલ ઘણા બધા મહાન સાલિકો (રાહે સુલૂકના મુસાફરો)ને પણ ત્યાં સુધી મયસ્સર ન થયો જ્યાં સુધી તેણે દસ વીસ વરસ તવક્કુલની સાથે જિંદગી પસાર ન કરી અને સર્વ જગતથી પોતે પોતાને પાક તથા સાફ ન રાખ્યા.

ખ્વાજા ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ પચાસ વરસો સુધી મુતવક્કિલ રહ્યા અને ખુદાની મખ્લૂકથી અલગ રહી જિંદગી ગુજારી. એ પચાસ વરસોમાં કોઈ વ્યક્તિ સાથે તેમણે કોઈ ઉમ્મીદ ન રાખી અને ન કોઈને પોતાની પાસે આવવા દીધો. અને જો કોઈ વ્યક્તિ કોઈ ચીજ લાવતો તો આપ પરત કરી આપતા. ફર્માવતા, હું ખુદાનો બંદો છું, જે મારી રોજી છે તે મને મળી જશે.

હઝરત શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ વીસ વરસ ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہની ખિદમતે અકદસમાં રહ્યા. ફર્માવતા હતા કે મેં કોઈ શખ્સને હુઝૂરે આ'લાની ખિદમતમાં કાંઈ

લાવતો નથી જોયો. જે વખતે લંગરમાં સામાન ખત્મ થઈ જતો તો ખાદિમ હાજર થતો અને ખિદમતે અક્દસમાં ખામોશ ઉભો રહી જતો. ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મુસલ્લો ઉઠાવતા અને ફર્માવતા, આજના માટે જેટલી જરૂરત છે તેટલુ ઉઠાવી લો ! ખાદિમ ઉઠાવી લેતો. આખુ વરસ આ જ નિયમ ચાલતો. જો કોઈ મુસાફર કે ગરીબ હઝરત ખિદમતમાં હાજર થતો તો રવાનગીના સમયે એ જ પ્રમાણે મુસલ્લાની નીચે હાથ લઈ જતા અને જે નીકળતુ તે એને અતા કરી દેતા.

હે દુરવેશ ! જે શખ્સ અલ્લાહ કરીમની મહોબ્બત તથા દોસ્તીનો દમ ભરે છે અને પોતાને દુરવેશ કહેવડાવે છે, મુતવક્કિલ હોવાનું પ્રદર્શિત કરે છે, અને પછી પોતાના જેવા માણસથી કોઈ ચીજની અપેક્ષા પણ રાખે છે, તે દાવો તો આવો કરે છે અને અપેક્ષા મખ્લૂકથી રાખે છે ! હક઼ીક઼તમાં એવા શખ્સને દુરવેશ સમજવો જોઈએ નહીં. હઝરતે આ બે શેઅર ફર્માવ્યા :

ہر دعوے کند بد رویشی۔خط بیزارے از جہان ندہد
بالحقیقت بداں کہ مرتدہست۔رفت بدنام کس نشان ندہد

"જે માણસ દુરવેશીનો દાવો કરે છે અને દુનિયાના ત્યાગને પ્રદર્શિત નથી કરતો હક઼ીક઼તમાં તે મુર્તદ છે, દુનિયાથી તે એવી રીતે જશે કે તેનું નિશાન પણ બાકી રહેશે નહીં."

જ્યારે શયખુલ ઈસ્લામે આ હિકાયત ખત્મ કરી તો ઉઠયા અને અંદર તશરીફ લઈ ગયા અને લોકો તથા ફક઼ીર પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## બાબરી મસ્જિદ હતી તે જમીન રામલલ્લાને આપી !

અંગ્રેજો વખતથી ચાલતા ઝઘડાનો સુપ્રિમે આપ્યો ચુકાદો !

**કાર્યાલય**

સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ શ્રી રંજન ગોગાઈની અધ્યક્ષતાવાળી પાંચ જજની પીઠમાં જસ્ટીસ શ્રી એસ. એ. બોબડે, જસ્ટીસ શ્રી ડી.વાય.ચંદ્રચુડ, જસ્ટીસ શ્રી અશોક ભૂષણ અને જસ્ટીસ શ્રી અબ્દુલ નઝીરે અંગ્રેજોના વખતથી ચાલતો આવતો બાબરી મસ્જિદ રામ મંદિર કજીયાનો ચુકાદો તા. ૯–૧૧–૨૦૧૯ના રોજ સંભળાવ્યો અને વિવાદિત જમીનની માલિકી હિંદુઓને આપી રામ મંદિર નિર્માણ માટે માર્ગ મોકળો કરી આપ્યો. જણાવ્યું કે ભારતીય પુરાતત્વ સર્વેના ખોદકામમાં મળેલા પૂરાવાની અવગણના કરી ન શકાય. બાબરી મસ્જિદ ખાલી જગ્યા પર બની ન હતી. તેની નીચે એક સંરચના હતી. તેની નીચે જે કલાકૃતિઓ મળી તે ઈસ્લામિક નથી. પુરાતત્વ વિભાગે એવું પણ કહ્યું છે કે મંદિર તોડીને મસ્જિદ બનાવાઈ તેના કોઈ પૂરાવા મળ્યા નથી !

સુપ્રિમ કોર્ટના આ ચુકાદાનું દેશની એકતા તથા શાંતિની જાળવણી ખાતર અમો માન રાખીએ છીએ પણ આ ચુકાદાથી અમો સંતુષ્ઠ નથી. કારણ કે એ મુસલમાનોના ઈમાન તથા અક઼ીદાને લગતો પ્રશ્ન છે કે "ઈસ્લામમાં મસ્જિદની જગા ક઼યામત સુધી મસ્જિદ રહે છે. એને કોઈ ફેરવી શકતુ નથી." અમોએ બાબરી મસ્જિદની સ્થાપ્નાનો જૂનો ઈતિહાસ વાંચેલો છે જેનાથી પુરવાર થયેલી છે કે અહીં કોઈ મંદિર હતું નહીં. જો કે પાછળથી રાજકારણમાં લાભ પામવા ખાતર કેટલાક તત્વોએ હિંદુ મુસ્લિમમાં વૈમનસ્ય ખડુ કરી દેશની હરીમળીને રહેતી હિંદુ મુસ્લિમ જનતામાં ફાટફૂટ અને વિવાદ ખડા કરી સત્તા હાંસલ કરવા આ પ્રશ્ન ખૂબ ચગવ્યો અને કોમી તોફાનો કરાવ્યાં અને નકલી ઈતિહાસ બનાવી તેનો ખૂબ પ્રચાર કરી લોકોને ખોટા વહેમમાં નાખીને આપસની મહોબ્બતનો જનાઝો કાઢી નાખ્યો. ખૈર ! જેણે જે કર્યું અને જે કરશે તેને ખુદા જુએ છે અને તે સૌથી મહાન શિક્ષા આપનારો છે. આ નાઝુક મામલે અમારે વધુ કાંઈ લખવું નથી. બસ અલ્લાહ તઆલા દેશમાં અમ્નો શાંતિ અર્પિત કરે અને અશાંતિ ફેલાવનારાઓનો ખાત્મો કરે, એ જ દુઆ.

બસ ! એટલુ જ કે ઈસ્લામમાં છે કે મુસલમાનો જે જગાએ એકવાર દિલથી નિય્યત કરી નિશ્ચિત કરી આપે કે આ જગા (જમીન) મસ્જિદ છે અને દિવાલો બનાવી લે. ભલે એ મસ્જિદની દિવાલો કોઈ તોડી નાખે અને એ જમીન પર મંદિર કે અન્ય મકાન બનાવી લે છતાં ક઼યામત સુધી એ જગા અલ્લાહની નજીક મસ્જિદ જ રહે છે. એને કોઈ બદલી શકતુ જ નથી.



# لَيۡسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૦૫


અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


## અમારા પર તલવાર ઉગામનાર અમારામાંથી નથી !

ઈસ્લામના આગમન પૂર્વે અરબવાસીઓમાં લડાઈ ઝઘડા અને કતલનો માહોલ આમ હતો. તેમનો હાલ એ હતો કે તેઓ તબાહીના મોખરે પહોંચી ચૂક્યા હતા, નાની નાની બાબતો માટે તેમના દરમિયાન જંગની આગ ભડકી જતી તો તે વરસો સુધી ચાલતી. એકવાર જંગ છેડાય જતી તો કેટકેટલી નસ્લો સુધી જંગનો ક્રમ ચાલતો રહેતો.

મઝહબે ઈસ્લામનું આગમન થયું અને ઈસ્લામી ઉખુવ્વત અને ભાઈચારગીનો માહોલ પ્રચલિત થયો તો જાનવરોની જેમ લડવાવાળા લોકો પરસ્પર હરીમળી ગયા, તેમની તલવારો બાતિલનું સર કલમ કરવા માટે ખાસ થઈ ગઈ અને તેઓ આપસમાં એકબીજા માટે સંપૂર્ણ રહમો કરમ બની ગયા. કુર્આને કરીમે તેમની આ સિફત આ રીતે વર્ણન ફર્માવે છે :

مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰهِ ؕ وَالَّذِيۡنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَى الۡكُفَّارِ رُحَمَآءُ بَيۡنَهُمۡ۔

"મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે અને તેમના સાથવાળા (સહાબાએ કિરામ) કાફિરો પર સખત છે અને આપસમાં નરમ દિલ." *(સૂરએ ફતહ, આ. ૨૯)*

એક સ્થળે ફર્માવવામાં આવ્યું :–

وَاذۡكُرُوۡا نِعۡمَتَ اللّٰهِ عَلَيۡكُمۡ اِذۡ كُنۡتُمۡ اَعۡدَآءً فَاَلَّفَ بَيۡنَ قُلُوۡبِكُمۡ فَاَصۡبَحۡتُمۡ بِنِعۡمَتِهٖۤ اِخۡوَانًا ۚ وَكُنۡتُمۡ عَلٰى شَفَا حُفۡرَةٍ مِّنَ النَّارِ فَاَنۡقَذَكُمۡ مِّنۡهَا۔

"અને અલ્લાહનું એહસાન પોતાના પર યાદ કરો જ્યારે તમારામાં વેર હતું તેણે તમારા દિલોમાં મેળાપ કરી દીધો તો તેના ફઝ્લથી તમે આપસમાં ભાઈ બની ગયા અને તમે દોઝખની એક ગુફાના મોખરે હતા તો તેણે તમને એનાથી બચાવી લીધા."

*–(સૂરએ આલે ઈમરાન, આ. આ. ૧૦૩)*

આ સરવરે આલમ ﷺના સહાબાએ કિરામ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ની સિફત (ખૂબી) છે. તેઓ કાફિરો પર એટલા સખત છે જેમ કે સિંહ શિકાર પર સખત હોય છે, અને સહાબાએ કિરામ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ની સખતી કાફિરો સાથે એ હદની હતી કે તેઓ એ વાતનો ખયાલ રાખતા કે તેમનું શરીર કોઈ કાફિરના શરીરને ન અડી જાય અને તેમના કપડાથી કોઈ કાફિરનું કપડુ સ્પર્શી ન જાય. એકબીજા સાથે એટલી મહોબ્બત અને મહેરબાની કરવાવાળા હતા જે રીતે બાપ બેટામાં હોય છે.

બલ્કે, ઈસ્લામમાં મુસાફા અને ગળે મળવાની સુન્નતને એટલા માટે જ પ્રચલિત કરવામાં આવી છે કે તે મહોબ્બતનો ઝરિયો છે. સરવરે આલમ ﷺએ ફર્માવ્યું, "એકબીજા સાથે મુસાફા કર્યા કરો, તમારા દિલોથી કીનો દૂર થઈ જશે."

*–(મોઅત્તા ઈમામ માલિક, ૫/૧૩૩૪)*

આકાએ કૌનેન ﷺએ પરસ્પર મહોબ્બત અને ભાઈચારો સ્થાપિત રાખવા માટે કોઈ મુસલમાન પર

તલવાર ઉઠાવવાને **અત્યંત બુરો અમલ** ઠરાવ્યો.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર રહ્મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : مَنۡ حَمَلَ عَلَيۡنَا السِّلَاحَ فَلَيۡسَ مِنَّا۔

"જેણે અમારા પર (હથિયાર ઉઠાવ્યું) તલવાર ઉઠાવી તે અમારામાંથી નથી." *(સહીહ બુખારી, ૯/૪)*

એ જ પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી જ રિવાયત છે કે સરકાર અબદક઼રાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لِجَهَنَّمَ سَبۡعَةُ اَبۡوَابٍ، بَابٌ مِّنۡهَا لِمَنۡ سَلَّ السَّيۡفَ عَلٰى اُمَّتِيۡ۔

"જહન્નમના સાત દરવાજા છે, એમનામાંથી એક દરવાજો એના માટે છે જેણે મારી ઉમ્મત પર તલવાર ઉઠાવી." *(સુનને તિર્મિઝી, ૫/૨૯૭)*

પોતાના મુસલમાન ભાઈ ઉપર હથિયાર ઉઠાવવું તો મોટી વાત, હથિયારથી ઈશારો કરવાની પણ મનાઈ છે. એટલા માટે કે જો તેણે ઈશારો કર્યો (ઉગામ્યું) અને કોઈ કારણથી તે હથિયાર મુસલમાનને વાગી ગયું, જેનાથી તે ઈજાગ્રસ્ત થઈ ગયો અથવા મૃત્યુ પામી ગયો તો ઈશારો કરનાર અપરાધી ઠરશે.

જેમ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :–

"તમારામાંથી કોઈ પોતાના ભાઈ તરફ હથિયાર વડે ઈશારો ન કરે એટલા માટે કે તે નથી જાણતો કદાચ શૈતાન તેના હાથમાં કુંચા (ચુટકી) મારી દે અને તે જહન્નમના ખાડામાં પડી જાય."

–*(સહીહ બુખારી, ૯/૪૯)*

એક રિવાયત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી છે કે આક઼ાએ કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : سِبَابُ الۡمُسۡلِمِ فُسُوۡقٌ، وَقِتَالُهٗ كُفۡرٌ۔

"કોઈ મુસલમાનને ગાળ આપવી ફિસ્ક઼ (હરામ તથા ગુનોહ) છે અને તેનાથી જંગ કુફ્ર છે."

–*(સહીહુલ બુખારી, ૮/૧૫)*

આ રિવાયતમાં મુસલમાનથી જંગ કરવાને 'કુફ્ર' કહેવામાં આવ્યું છે, તેની સમજૂતીમાં શરહકર્તાઓના વિવિધ કથનો છે :–

**૦૧.** અહીંયાં 'કુફ્ર' 'કુફરાને નેઅમત'' અર્થાત નાશુક્રીના અર્થમાં છે. હવે હદીષનો મતલબ એ થશે કે કોઈ મુસલમાનથી નાહક્ક઼ જંગ કરવું ઈસ્લામ (રૂપી) નેઅમતની નાશુક્રી છે.

**૦૨.** મુસલમાનથી જંગ કરવું કાફિરોનું કાર્ય છે માટે કોઈ મુસલમાન માટે (તે) યોગ્ય નથી.

**૦૩.** તે (મુસલમાન)ના ક઼ત્લને જાઈઝ સમજીને તેનાથી જંગ કરવી કુફ્ર છે.

અહીંયાં એક સવાલ ઉભો થાય છે કે પછી જંગે જુમલ અને જંગે સિફ્ફીન જે બે મુસલમાન ગૃપો વચ્ચે થઈ અને તેમાં મુસલમાનોએ મુસલમાનો વિરુદ્ધ મોર્ચા લીધા તેના વિશે શું કહેવામાં આવશે ?!

## ★ જંગે સિફ્ફીનની હક઼ીક઼ત ★

આનો જવાબ એ છે કે અહલે સુન્નતનો અક઼ીદો છે કે જંગે સિફ્ફીનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم યક઼ીનન ! હક્ક઼ પર હતા અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની જમાઅત નિ:સંદેહ ખતા કરનાર હતી. પરંતુ, તેમની **ખતા ઈજતેહાદી** હતી માટે **તેઓ ગુનેહગાર ન હતા.** કારણ કે રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે કે કોઈ મુજતહિદ પોતાના ઈજતેહાદતમાં સહીહ અને દુરુસ્ત મસ્અલા સુધી પહોંચી ગયો તો તેને બમણો સવાબ મળશે, અને જો મુજતહિદ પોતાના ઈજતેહાદમાં ખતા કરે તો પણ તેને એક સવાબ મળશે. –*(હાશિયએ બુખારી બહાવાલા કિર્માની, ૧/૫૦૯ બાબો અલામાતિન્નુબુવ્વત)*

એટલા માટે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની શાનમાં લાન તાન (ભલુબુરુ કહેવું) કદાપિ જાઈઝ નથી, કારણ કે ઘણા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ જંગમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ સાથે હતા.

### ★ અંદરો અંદર લડાઈ ઝઘડાના નુકસાનો ★

મુસલમાનોને એકબીજા વિરુદ્ધ મોર્ચા બનાવવા (જંગ કરવા)થી જે મના કરવામાં આવ્યું છે તેનું મોટુ કારણ એ છે કે એકબીજા સાથે લડાઈ ઝઘડા, કમજોરી અને બેવક઼ારીનું કારણ છે. ખુદ ખાલિક઼ે કાઈનાત ﷻએ કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવ્યો :–

وَاَطِیْعُوا اللّٰہَ وَرَسُوْلَہٗ وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَتَذْھَبَ رِیْحُکُمْ

"અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડો નહીં કે પછી બુઝદિલી કરશો અને તમારી બંધાએલી હવા જતી રહેશે."

*–(સૂરએ અન્ફાલ, આ. ૪૬)*

આ આયતમાં પરસ્પર લડાઈ ઝઘડાના નુકસાનો પણ બતાવવામાં આવ્યાં છે અને તેમનાથી બચવાનો ઉપાય પણ બતાવવામાં આવ્યો છે કે દરેક અલ્લાહ તબારક વ તઆલાની ઈતાઅત અને રસૂલુલ્લાહ ﷺની પૈરવીને પોતાના જીવન માટે અનિવાર્ય બનાવી લે, પછી ન લડાઈ ઝઘડો થશે, ન ઈજ્જત અને વક઼ાર (પ્રભાવ) જશે અને ન તાકત અને શક્તિમાં કમી થશે.


## આપની ન્યાઝ ઈજતેમાના સ્થળે કરાવો !

**ભરૂચ :** વાદીએ રહમત સબ જેલ ગ્રાઉન્ડ ખાતે તા. ૧૪–૧૫ ડિસેમ્બર–૨૦૧૯, શનિ રવિ બે દિવસ **'સુન્ની દા'વતે ઈસ્લામી'**નો ૧૭મો વાર્ષિક સુન્ની ઈજતેમા થશે. જેમાં બહારથી આવનાર ભાઈ બહેનોને જમવાની વ્યવસ્થા બે દિવસ સુધી થાય છે, તો આપની ૧૧મી શરીફની ન્યાઝ એ મેદાનમાં ઈલ્મે દીન શીખવા આવનાર ભાઈ બહેનોને ખવડાવો અને અગણિત સવાબના હક્કદાર બનો.




**એક દેગના**
**Rs. 6,000/-**
**તમારી શક્તિ પ્રમાણે ૧-૨ દેગ કે વધુ કે જે રકમ બને તેના માટે અમારો સંપર્ક કરો.**

*લિ. પટેલ શબ્બીર અલી રઝવી*

**:: સંપર્ક કરો ::**

૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૪૨૮૦ ૨૭૫૯૨, ૯૮૨૪૭ ૭૪૮૩૭, ૯૪૨૭૮ ૭૮૬૫૧

**Phonepe, Paytm**થી આ નંબર પર રકમ જમા કરાવો. **Mob. 9427464411** અથવા **Bank of Baroda, A/c. No. 34620100000303. Razvi Kitab Ghar, IFSC CODE : BARB0DADR** (પાંચમો અંક **Zero** છે)


**જુનાગઢ :** બરકાતે ખ્વાજા મંથલીના ચાહક, ફયઝાને મુસ્તફા લાયબ્રેરી જુનાગઢના સંચાલક મુહિબ્બે ગિરામી જનાબ મહબૂબભાઈ શેખ ક઼ાદરીએ રૂા. ૫૦૦/– ભાઈ તથા દીકરાએ દુકાન ખરીદી તેની ખુશીમાં, રૂા. ૫૦૦/– નાના દીકરા નવાઝની મંગની ભાવનગર થઈ તેની ખુશીમાં, અને રૂા. ૫૦૦/– દીકરા નવાઝની શાદીની તા. ૧૭–૨–૨૦૨૦ નિશ્ચિત થઈ તેની ખુશીમાં અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને આપ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તમામ મુરાદો તેના હબીબ ﷺના સદક઼ામાં બર લાવે, બરકતો, રહમતોથી ખૂબ નવાઝે. (આમીન)

*તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

# રિયાઝત
## (તકલીફ વેઠીને કરેલ ઈબાદત)
## તથા નફસની ઈચ્છાઓ

કાર્યાલય

ફરમાને ઈલાહી છે :–

وَلْتَنْظُرْ نَفْسٌ مَّاقَدَّمَتْ لِغَدٍ "દરેક નફસ (જાન) એ જુએ કે તેણે કયામતના માટે શું અમલો કર્યા છે." *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

હે ઈન્સાન ! સારી રીતે સમજી લે કે તને બુરાઈની તરફ લઈ જવાવાળો તારો નફસ તારા શયતાન કરતાં પણ તારો મોટો દુશ્મન છે અને શયતાનને તારા પર કબજો જે મળે છે તે તારા નફસની ઈચ્છાઓના કારણે મળે છે. જેથી તને તારો નફસ જૂઠી ઉમ્મીદો અને ધોકામાં રાખે છે. જે શખ્સ બેખૌફ થાય અને ગફલતમાં સપડાયો અને પોતાના નફસની પયરવી કરે છે તો તે ઈન્સાનનો દરેક દાવો જૂઠો છે. જો તું નફસને રાજી કરવામાં તેની ઈચ્છાઓના પ્રમાણે ચાલશે તો હલકા થઈ જશે અને તેના હિસાબ કિતાબથી ગાફિલ થઈશ તો ગુનાહના સમુદ્રમાં ડૂબી જઈશ.

જો તું તેનો વિરોધ કરવાથી લાચાર થઈ જઈને તેની ઈચ્છાઓનું અનુસરણ કરીશ તો તે તને જહન્નમની આગની તરફ ખેંચીને લઈ જશે. નફસનું ચકકર ભલાઈના પક્ષે નથી બલ્કે તે મુસીબતોનું મૂળ, શર્મિંદગીની ખાણ, ઈબ્લીસનો ખજાનો અને દરેક દરેક બુરાઈનું આશ્રયસ્થાન છે અને તેની ફિત્નાખોરીઓને ભલા તથા બુરાના જાણકાર સિવાય એટલે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું.

ફર્માને ઈલાહી છે :

وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ

"અને અલ્લાહથી ડરો ! બેશક અલ્લાહ તમારા તમામ કાર્યોથી માહિતગાર છે."

*–(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

તફસીરે અબિલ્લયષ رحمۃ اللہ علیہમાં છે કે જ્યારે કોઈ બંદો આખેરતની તલબ (આખેરતની જિંદગી આરામદાયક બનાવવા)ના કારણે પોતાની વહી ગયેલી જિંદગી પર ચિંતા વિચારણા કરે છે તો આ ચિંતન તેના દિલના માટે ગુસ્લનું કામ કરે છે. જેમ કે ફર્માને નબવી ﷺ છે કે એક ક્ષણની ફિકર વર્ષભરની ઈબાદતથી બેહતર છે.

*–(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦૬)*

જેથી દરેક બુદ્ધિશાળીના માટે જરૂરી છે કે પોતાના પાછલા ગુનાહોની મગફિરત ચાહે, જે ચીજોનો ઈકરાર કરે છે તેની બાબતે ચિંતા કરે અને ક઼િયામતના દિવસના માટે તોસો (ભાથુ) બનાવે, અરમાનોને ઓછા કરી દે, તૌબામાં જલ્દી કરે, અલ્લાહ તઆલાનો ઝિક્ર કરતો રહે, હરામ ચીજોથી બચે અને નફસને સબ્ર માટે તૈયાર કરે, નફસની ઈચ્છાઓની પયરવી ન કરે કેમ કે નફસ એક બુતની જેમ છે અને જે નફસની પયરવી કરે છે તે જાણે બુતની ઈબાદત કરે છે અને જે ઈખ્લાસથી અલ્લાહની ઈબાદત કરે છે તે પોતાના નફસ પર સખ્તી કરે છે.

### ★ હઝરત માલિક ઈબ્ને દીનારે અંજીર ખાવા ચાહ્યું ★

જનાબ માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ એક દિવસે બસરાના એક બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. એવામાં આપે અંજીર જોયાં અને દિલમાં તેને ખાવાની ઈચ્છા થઈ જેથી દુકાનદાર પાસે પહોંચ્યા અને કહ્યું કે મારા જોડાઓના બદલામાં અંજીર આપી

દો. દુકાનદારે જોડાઓ જૂના હોવાથી કહ્યું કે તેના બદલામાં કાંઈ મળી શકશે નહીં. આપ આ જવાબ સાંભળીને ચાલવા લાગ્યા. તો કોઈકે દુકાનદારને કહ્યું, કે જાણો છો આ બુઝુર્ગ કોણ છે? તે બોલ્યો નહીં. તો તેણે જવાબ આપ્યો કે આ વિખ્યાત મદની હઝરત માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ હતા. દુકાનદારે જયારે આ સાંભળ્યું તો પોતાના ગુલામને એક ટોપલી અંજીર ભરીને આપી અને કહ્યું કે જો જનાબ માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ તારી પાસેથી આ ટોપલી કબૂલ કરી લે તો તેની ખિદમતના બદલામાં તને આઝાદ કરી દીધો સમજજે. ગુલામ દોડતો દોડતો આપની પાસે હાજર થયો અને અર્ઝ કરી કે હુઝૂર ! આ ટોપલી કબૂલ કરી લો. આપે કહ્યું, હું નથી લેતો. ગુલામ બોલ્યો કે જો આપ એને કબૂલ કરી લો તો હું આઝાદ થઈ જઈશ. તો આપે જવાબ આપ્યો, કે એમાં તારા માટે તો આઝાદી છે પણ મારા માટે હલાકત છે. જ્યારે ગુલામે અતિ આગ્રહ કર્યો તો આપે ફર્માવ્યું કે મેં કસમ ખાધી છે કે દીનના બદલામાં અંજીર ખાઈશ નહીં અને મરતા દમ સુધી કદાપિ અંજીર લઈશ નહીં.

**★ જિંદગીની અંતિમ ઘડીમાં સબ્ર ★**

હઝરત માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہને મૃત્યુ શૈયા પર એ વાતની ઈચ્છા થઈ કે હું ગરમ રોટીની ''શરીદ'' બનાવીને ખાઉં. જેમાં દૂધ અને મધ મેળ વેલ હોય. જેથી આપના હુકમથી ખાદિમ એ તમામ ચીજો લઈને હાજર થયો. આપ કેટલીક વાર સુધી તે ચીજોને જોતા રહ્યા. પછી બોલ્યા, હે નફસ ! મેં ત્રીસ વરસ સતત સબ્ર કરી છે અને હવે જિંદગીની અંતિમ ઘડીએ શું સબ્ર નથી કરી શકતો ? આમ કહ્યું અને પ્યાલો છોડી દીધો અને એ જ રીતે સબ્રની હાલતમાં ઈન્તેકાલ કરી ગયા. હકીકત એ છે કે અલ્લાહના નેક બંદાઓ એટલે કે અંબિયા, અવલિયા, સિદ્દિકો, આશિકો અને ઝાહિદોની હાલતો આવી જ હોય છે.

હઝરત સુલૈમાન علیہ السلامનો કૌલ છે કે **જે શખ્સે પોતાના નફસ પર કાબૂ મેળવ્યો તે એ શખ્સ કરતાં વધુ શકિતશાળી છે જે એકલે હાથે શહેરને જીતી લે છે.**

હઝરત અલી رضی اللہ عنہનો કૌલ છે કે હું મારા નફસની સાથે એવા એક યુવાન જેવો છું જે બકરીઓના ટોળા સાથે હોય છે કે જ્યારે તે તેઓને એક તરફ એકત્ર કરે છે તો બીજી તરફ ફેલાઈ જાય છે.

જે શખ્સ પોતાના નફસને ફના કરી દે છે તેને રહમતના કફનમાં લપેટીને કરામતની જમીનમાં દફન કરવામાં આવે છે અને જે શખ્સ પોતાના ઝમીર (અંતરઆત્મા)ને ખતમ કરી દે છે તેને લા'નતના કફનમાં લપેટીને અઝાબની જમીનમાં દફન કરવામાં આવે છે.

જનાબ યહયા ઈબ્ને મઆઝ રાઝી رحمۃ اللہ علیہ કહે છે કે પોતાના નફસનો, (ખુદાની) ઈતાઅત તથા બંદગી કરીને સામનો કરો. રિયાઝત એ શબબેદારી (રાત્રે જાગી ઈબાદત કરવી), ટૂંકી વાતચીત (ઓછું બોલવું), લોકોની તકલીફો સહન કરવી અને ઓછો ખોરાક લેવો તેનું નામ છે. ઓછું સૂવાથી ખયાલો પાકીઝા થાય છે, ઓછું બોલવાથી માણસ આફતોથી સુરક્ષિત રહે છે, તકલીફો સહન કરવાથી દરજજાઓ બુલંદ થાય છે અને ઓછુ ખાવાથી નફસની વાસના ખત્મ થઈ જાય છે. કેમ કે ખૂબ ખોરાક દિલની કાળાશ (સિયાહી) વધારે છે અને તેને ગુમરાહીમાં સપડાવે છે. ભૂખ હિકમતનું નૂર છે અને ધરાઈ જવું અલ્લાહ તઆલાથી દૂર કરી દે છે. ફર્માને નબી صلی اللہ علیہ وسلم છે કે :

**(અર્થ)** : ''તમારા દિલોને ભૂખ વડે રોશન કરો, તમારા નફસનો ભૂખ તથા તરસ વડે મુકાબલો કરો અને હમેશાં ભૂખના દ્વારા જન્નતનો દરવાજો ખટખટાવતા રહો. ભૂખ્યા રહેનારને મુજાહિદ

ફીસબીલિલ્લાહ (ખુદાની રાહમાં જંગ કરનાર)ના જેટલો સવાબ મળે છે ને અલ્લાહ તઆલાની નજીક ભૂખ્યા તરસ્યા રહેવાથી બેહતર કોઈ અમલ નથી. આસમાનના ફરિશ્તાઓ તે ઈન્સાનની પાસે તદ્દન આવતા નથી જે પોતાનું પેટ ભરીને ઈબાદતની મજા ખોઈ નાખે છે.'' *(અહયાઉલ ઉલૂમ, ૩/૭૩)*

**મિન્હાજુલ આબિદીનમાં** હઝરત અબૂબક્ર رضی اللہ عنہનો કૌલ નકલ થયેલ છે કે હું જયારથી ઈમાન લાવ્યો છું ત્યારથી કદી પેટ ભરીને ખાધું નથી કે જેથી હું મારા રબની ઈબાદતની મજા પ્રાપ્ત કરી શકું અને મારા રબના દીદારના શોખના કારણે કદી ધરાઈને પાણી નથી પીધું, એટલા માટે કે ખૂબ ખાવાથી ઈબાદતમાં ઉણપ આવી જાય છે કેમ કે જયારે માણસ ખૂબ જ ધરાઈને ખાઈ લે છે તો તેનું શરીર સુસ્ત અને આંખો ઊંઘથી ભારે થઈ જાય છે. તેના શરીરનાં અંગો ઢીલાં પડી જાય છે. પછી તે પ્રયત્ન કરવા છતાં ઊંઘ સિવાય કાંઈ પણ પામી શકતો નથી અને આ રીતે તે તેવા મુડદાની જેમ બની જાય છે જે રસ્તા વચ્ચે પડેલું હોય.

મુનિયતુલ મુફતીમાં છે કે જનાબ લુકમાન હકીમે પોતાના પુત્રને કહ્યું કે ખાવા અને સૂવાનું ઓછું કરો કેમ કે જે શખ્સ વધારે ખાય છે અને વધારે સૂએ છે તે કયામતના દિવસે નેક અમલોથી ખાલી હાથે હશે.

ફર્માને નબી صلی اللہ علیہ وسلم છે કે, પોતાના દિલોને વધારે ખાવા–પીવાથી હલાક ન કરો. જેવી રીતે વધારે પાણીથી ખેતી તબાહ થાય છે તેવી જ રીતે વધારે ખાવા પીવાથી દિલ હલાક થઈ જાય છે.

*(અહયાઉલ ઉલૂમ, ૩/૭૪)*

નેક લોકોએ પેટને એવી હાંડલી સાથે સરખાવ્યું છે જે ઉકળતી રહે છે અને તેની વરાળો સતત દિલ પર પહોંચતી રહે છે. પછી તે વરાળોનું અધિક પ્રમાણ દિલને મેલુ અને ગંદુ બનાવી દે છે. વધારે ખાવાથી ઈલ્મ તથા ચિંતનમાં ઉણપ આવે છે અને ભરેલું પેટ રાખવાની વૃત્તિ બુદ્ધિશકિત તથા તેજસ્વીતાને બરાબર કરી દે છે.

**હિકાયત** : હઝરત યહયા ઈબ્ને ઝકરિયા علیہ السلامએ શયતાનને જોયો તે ઘણીયે જાળો ઉઠાવેલી હાલતમાં હતો. આપે પૂછયું, આ શું છે ? શયતાને કહ્યું, આ જાતીય વાસના છે જેના વડે હું આદમની ઔલાદને કેદ કરૂં છું. આપે ફર્માવ્યું, મારા માટે પણ કોઈ ફંદો છે ? શયતાન બોલ્યો, નહીં, પણ એક રાત્રે આપે પેટ ભરીને ખાણુ ખાઈ લીધું હતું જેનાથી આપને નમાઝમાં સુસ્તી પેદા થઈ ગઈ હતી. ત્યારે હઝરત યહયા علیہ السلام બોલ્યા કે હવે પછી હું કદી પણ ભરપેટ ખાઈશ નહીં. તો શયતાન બોલ્યો કે જો એવી વાત છે તો હું પણ કદાપિ કોઈને નસીહત કરીશ નહીં.

આ તે મુકદ્દસ હસ્તીનો હાલ છે જેણે આખા જીવનમાં કેવળ એક જ રાત્રે ભરપેટ ખાઈ લીધું હતું ! તો તે શખ્સનું શું થશે જે જીવનભર કદાપિ ભૂખ્યો નથી રહેતો અને ભરપેટ ખાય છે અને તેમ છતાં પણ તે ઈચ્છે છે કે પોતે ઈબાદત ગુઝાર બની જાય ?!

**હિકાયત** : હઝરત યહયા علیہ السلامએ એક રાત્રે જવની રોટી પેટ ભરીને ખાઈ લીધી અને ખુદાની ઈબાદતમાં હાજર ન થયા તો અલ્લાહ તઆલાએ વહી મોકલી, કે હે યહયા ! શું તેં આ દુનિયાને આખેરતથી બેહતર સમજી છે અથવા મારા રહમતના સમંદરથી બેહતર તેં કોઈ સમંદર જોઈ લીધો છે ? મને ઈજ્જત તથા જલાલની કસમ ! જો તું જન્નતુલ ફિરદૌસનો નઝારો કરી લે અને જહન્નમને જોઈ લે તો આંસૂઓના બદલે લોહી રડે અને આ ગોદડીના બદલે લોઢાનો લિબાસ પહેરે.

–*(મુકાશફતુલ કુલૂબ)*

# ગૈરે રસૂલને રસૂલ માનવા વિશે શરઈ હુકમ

કાર્યાલય

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! ઈમાન અને અક઼ીદો એ પાયાની ચીજો છે. એમાં ખરાબી આવશે તો જહન્નમની વાટ પકડવાની રહેશે. હુઝૂર ﷺ આખરી નબી બનીને તશરીફ લાવ્યા. હવે કોઈ, કોઈ અન્યને નબી કહે અથવા નબી હોવું શક્ય પણ બતાવે અથવા કોઈ અન્યનો કલમો પઢે, પછી ગમે તેવાં બહાના બનાવે તો એના વિશે શું હુકમ છે તેને શાંતચિત્તે વાંચીને તમારા ઈમાનને મજબૂત બનાવો. આમાં સવાલનો જવાબ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ આપ્યો છે અને તેનું સમર્થન મક્કા–મદીનાના ઉલમાએ કર્યું છે. દેવબંદી પેશવા મોલ્વી અશરફ અલી થાનવીનો એક મુરીદ તેનો કલમો પઢે છે તો થાનવી તેને શું જવાબ આપે છે અને તેમના બંને પર શું હુકમ લાગે છે તેને જુઓ. અને વહાબિયત દેવબંદિયત કેવો ગુમરાહ ફિર્કો છે તેને સમજો. અને તેમનાથી દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ સંબંધને ખત્મ કરી પોતાના ઈમાનની રક્ષા કરો. *–તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

نَحْمَدُهٗ وَنُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

**મસ્અલો** : આપનો ફય્ઝ હમેશાં રહે ! એક શખ્સ (મૌલાના) અશરફ અલી (થાનવી દેવબંદી) તરીકે ઓળખાય છે, એના બારામાં આપનો શો ઈર્શાદ છે કે એના એક ચાહકે (મુરીદે) એના પર લખી મોકલ્યું કે, "ખ્વાબ જોઉં છું કે (ખ્વાબમાં) કલમા શરીફ પઢુ છું પરંતુ મોહંમદુર્રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને બદલે હુઝૂર (થાનવી)નું નામ લઉં છું. (એટલે કે લાઈલાહ ઈલ્લલ્લાહ મુહંમદુર્રસૂલ્લાહને બદલે **લાઈલાહ ઈલ્લલ્લાહ અશરફ અલી રસૂલુલ્લાહ** પઢુ છું !) એટલામાં ખયાલ આવ્યો કે મારાથી ભૂલ થઈ જેથી ફરીથી પઢું છું તો અનાયાસે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ના નામને બદલે અશરફઅલી રસૂલુલ્લાહ જ નીકળી જાય છે ! મને ખબર છે કે આ પ્રમાણે કહેવું દુરુસ્ત નથી, પરંતુ બેક઼ાબૂ જીભ વડે એ જ નીકળે છે. બે ત્રણ વખત જ્યારે એ જ પ્રમાણે થયું તો હુઝૂરને (થાનવીને) મારી સમક્ષ જોઉં છું, એટલામાં હું જમીન પર પડી ગયો અને ખૂબ જ જોરથી ચીસ પાડી અને મને લાગતુ હતું કે મારામાં કોઈ શક્તિ ન રહી.

એટલામાં **બંદો ખ્વાબથી જાગ્યો** પરંતુ લાચારી તથા કમજોરી એ જ પ્રમાણે હતી. પરંતુ ખ્વાબ તથા બેદારી (જાગૃતાસ્થા)માં હુઝૂરનો જ (થાનવીનો) ખયાલ હતો. જાગૃતાવસ્થામાં કલમા શરીફની ગલતીનો ખયાલ આવ્યો તો ઈરાદો થયો કે આ ખયાલને દિલથી દૂર કરવામાં આવે. આ ખયાલ સાથે બેસી ગયો પછી બીજી તરફ પાસુ ફેરવીને આડો પડી કલમા શરીફની ગલતીને દૂર કરવા માટે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) પર દુરૂદ શરીફ પઢું છું પરંતુ એવું કહું છું **અલ્લાહુમ્મ સલ્લિઅલા સૈયિદિના વ નબીય્યિના વ મૌલાના અશરફઅલી !** જો કે હવે **હું જાગૃતાવસ્થામાં છું**, ખ્વાબમાં નથી ! પરંતુ બેકાબૂ છું ! જીભ કન્ટ્રોલમાં નથી ! એ દિવસે એ જ પ્રમાણેની સ્થિતિ રહી. બીજા દિવસે ખૂબ જ રડયો, અન્ય પણ કેટલીક બાબતો છે જે હુઝૂર (થાનવી) સાથે મહોબ્બતના કારણે છે, ક્યાં સુધી અર્ઝ કરું !"

એ શખ્સે દેવબંદી મોલ્વી થાનવીને જ લખેલું તે ખત્મ થયું. હવે એના સંબંધે અશરફઅલી થાનવીએ

જે જવાબ લખ્યો હતો તે જુઓ :–

"આ પ્રસંગમાં તસલ્લી હતી કે જેના પ્રતિ તમે રુજૂઅ કરો છો (ધ્યાનિત થાવ છો) તે સુન્નતોનો પાબંદ છે."

અને આ આખો પ્રસંગ ખૂદ અશરફઅલીએ માસિક અંક "અલ ઈમ્દાદ"માં જાહેરમાં એના પર ખુશીઓ મનાવતાં બલ્કે પોતાના મુરીદોને એના પ્રતિ આકર્ષિત કરતાં છપાવી પ્રસિદ્ધ કર્યો કે તેની (થાનવીની) તા'ઝીમ તથા તેની ફઝીલતને વધારવા માટે એવો જ શોર કરે. એટલા માટે કે એ અંકનો હેતુ જ એ છે કે મુરીદો એને પોતાની હિદાયતને માટે સન્માર્ગ જાણે !

તો આ બંને (પીર–મુરીદ)ના બારામાં શરીઅતનો શું રોશન હુકમ છે ?

અને આ અશરફ અલી તે જ છે જેણે પોતાની નાની કિતાબ "હિફઝુલ ઈમાન"માં કે જે ત્રણ વરકથી વિશેષ નથી ! એમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની પ્રતિ ઈલ્મે ગયબની નિસ્બતને બાતિલ ઠરાવવામાં લખ્યું કે, "જો તમામ ગયબના ઈલ્મો મુરાદ (હેતુ) છે, તો એ રીતે કે તેની એક બાજુ પણ બાકી ન રહે, તો તેનું બાતિલ હોવું અકલી તથા નકલી દલીલોથી સાબિત છે. અને **જો અમુક ગયબનો ઈલ્મ હેતુ છે તો એમાં હુઝૂરની શી વિશિષ્ટતા છે ?! એવો ઈલ્મે ગયબ તો ઝયદ તથા અમ્ર બલ્કે બાળકો, પાગલો બલ્કે તમામ જાનવરો તથા ચોપગાંઓના માટે પણ પ્રાપ્ય છે."**

અને બેશક ! તેના આ કથનને લીધે હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના અકાબિર (મહાન) ઉલમાએ તેના પર હુકમ લગાડયો કે તે કાફિર તથા મુર્તદ થઈ ગયો, એટલે સુધી કે **જે તેના કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે.** જેમ કે "હુસ્સામુલ હરમૈન"માં વિગતવાર છે. મસ્અલાનો જવાબ આપી અમને ફાયદો કરો, અલ્લાહ આપનો સવાબ અધિકતર કરે.

## ★ અલ્જવાબ ★

ઈલાહી ! તારા માટે જ હમ્દ છે. તારા નબી પર દુરૂદ મોકલ જે હમ્દના નબી છે, અને તેમની આલ તથા અસ્હાબ પર કે જેઓ દીનના સુતૂન (થાંભલા) છે. હે મારા રબ ! હું તારી પનાહ માગુ છું શયતાનોના હુમલાઓથી અને હે મારા રબ ! હું તારી પનાહ માગુ છું એનાથી કે તે (શૈતાન) મારી પાસે આવે.

**દીનના ઈમામોએ કુફ્રની બાબતમાં જીભના બહેકવાના બહાનાને માન્ય રાખ્યું નથી,** નહીં તો દરેક ખબીષ (નાપાક) દિલવાળો બહાદુરી કરે કે ખુલ્લમ ખુલ્લા અલ્લાહ વ રસૂલને ગાળો આપે અને કહે કે, **મારી જીભ બહેકી ગઈ !** ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہએ "શિફા શરીફ"માં ફર્માવ્યું, **કોઈ શખ્સ જીભ બહેકવાના દાવા હેઠળ કુફ્રની બાબતમાં મજબૂર (મઅઝૂર) સમજવામાં આવશે નહીં.** અને એમાં જ ઈમામ મુહમ્મદ ઈબ્ને અબી ઝયદથી છે કે, આવી (કુફ્રની) વાતમાં જીભ બહેકવાનુ કોઈનું પણ સાંભળવામાં આવશે નહીં.

એમાં જ છે કે ઈમામ અબુલ હસન કાલબીએ તે શખ્સના બારામાં **જેણે નશાની હાલતમાં નબી ﷺની શાનમાં ગુસ્તાખી કરી તેના માટે ફત્વો આપ્યો કે, કત્લ કરવામાં આવે, એટલા માટે કે તેના માટે ગુમાન થાય છે કે આ તેનો અકીદો છે,** અને પોતાના હોશમાં પણ એવું કહ્યા કરતો હતો. વળી જીભ બહેકવાની જો વાત હોય તો તે એકાદ બે અક્ષર (શબ્દ)માં બની શકે છે, નહીં કે આ રીતે બરાબર કમ્પલેટ વાત કહે. (અને ઈમામ કાઝીખાને પોતાના ફતવામાં ફર્માવ્યું, એકાદ હર્ફ (અક્ષર કે શબ્દ) જીભથી વિના ઈરાદે નીકળી શકે છે, નહીં કે આટલી લાંબી વાત ! જેથી તેને પોતાના દાવામાં સાચો માનવામાં આવશે નહીં.)

અલફસૂલીનની ફસ્લ–૩૮માં છે :–

એક શખ્સ જાત જાતની મુસીબતોમાં સપડાઈ ગયો તો બોલવા લાગ્યો કે, "(અલ્લાહને સંબોધીને) તેં મારો માલ અને મારુ બાળક લઈ લીધું ! અને ફલાણી ચીજ લઈ લીધી ! હવે અધિક તું શું કરીશ ! અને હવે રહી પણ શું ગયું છે જે તેં ન કર્યું." અને આ પ્રકારના શબ્દો કહ્યા, **તે કાફિર થઈ ગયો.**

એ જ પ્રમાણે ઈમામ અબ્દુલ કરીમથી રિવાયત થયું. તેમને અર્ઝ કરવામાં આવી કે, જો બીમારે એવું કહ્યું, બીમારીની સખત પીડાને લીધે તેની જીભ પર એવા (અયોગ્ય) શબ્દો આવ્યા તો શું હુકમ છે ? ફર્માવ્યું, બે એક શબ્દો જીભેથી વિના ઈરાદે નીકળી શકે છે, અને એમાં એવો ઈર્શાદ ફર્માવ્યો કે, **તેને કાફિર માનવામાં આવશે અને જીભ બહેકવાનુ બહાનુ માનવામાં આવશે નહીં.**

તો જયારે અડધી લીટીમાં જીભ બહેકવાનુ બહાનુ માનવામાં આવે નહીં તો એમાં કેવી રીતે માની લેવામાં આવે જેને તેણે સૂતાં તથા જાગતાં દિવસભર રટયું. બલ્કે તે બેશક ! હદથી ગુજરનારો સખત જૂઠો છે. શું તમે નથી જોતા કે અલ્લાહ તઆલાએ અંગોને દિલના ઈરાદાના તાબે બનાવ્યાં છે ? અને આપણા સાચા અને સત્યને રોશન ફર્માવનાર નબી (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ઈર્શાદ ફર્માવ્યો, "શું સાંભળો છો ! શરીરમાં એક ગોશ્તનો ટુકડો છે તે જો સંવરી જાય તો આખુ શરીર સંવરી જાય છે અને તે બગડી જાય તો આખુ શરીર બગડી જાય. સાંભળો છો ?! તે દિલ છે ?!"

જેથી જણાયું કે તેની વાત તથા તેની જીભ ન બગડી પણ એ કે એનાથી પહેલાં એનુ દિલ બગડયું તથા એનું બાતિન (અંતર) બગડી ચૂક્યું હતું. છતાં એ શખ્સ એવો દાવો કરે છે કે જીભ તેના મોઢામાં એક બેકાબૂ બનેલ જાનવર છે કે દિલના તાબે નથી ! જેમ કે કોઈ આડો ફાટેલ અતિ તોફાની ઘોડો કોઈ કમજોર તથા અતિ અશક્ત સવારની નીચે હોય છે જે તેને જમણી બાજુ લઈ જવા ચાહે છે અને ઘોડો ફરતો નથી બલ્કે ડાબી તરફ જ જાય છે. તે જયારે તેને જમણી તરફ ફેરવવા ચાહે છે તો અચૂક ડાબી તરફ જાય છે, એટલે સુધી કે દિવસભર જીભ તથા દિલમાં ઝઘડો ચાલ્યો અને જીભ જ સવાર રહી ! આ વાત ન બુદ્ધિમાં આવે છે ન સાંભળવા યોગ્ય છે. નિઃશંક ! તેના પર કુફ્રનો એવો હુકમ છે જે ટળી શકતો નથી.

અને કદી તમે કોઈ ઈસ્લામનો દાવો રાખનારા પાસેથી સાંભળ્યું કે, મુહમ્મદુર્રસૂલુલ્લાહ કહેવાને બદલે ફલાણા રસૂલુલ્લાહ ! કહે અથવા પોતાના બાપને કહે કે હે કૂતરાના પાળીયા ! હે સુવ્વરના બચ્ચા સુવ્વર ! અને સવારથી સાંજ સુધી એને દોહરાવતો રહ્યો ! પછી કહે કે હું તો એવું કહેવા ચાહતો હતો કે, હે મારા બાપ ! હે મારા સરદાર ! પણ જીભ મારી વિરુદ્ધ ગઈ અને બાપ તથા સરદારને બદલે કૂતરા તથા સુવ્વર તરફ જ વળી જતી હતી ! પાકી છે અલ્લાહના માટે કે એવું ન થયું અને ન થાય, અને એને (એવી વાતને) પાગલ સિવાય કોઈ સ્વીકારશે નહીં.

આ તો એવું કહેનાર માટેનો હુકમ છે. પણ તે જે **અશરફઅલીએ તે મુરીદને જવાબમાં લખ્યું (કે આ પ્રસંગમાં તસલ્લી હતી કે જેના તરફ તમે રુજૂઅ કરો છો તે સુન્નતોનો પાબંદ છે !) તો તે એ કુફ્રને પસંદ કરનારો છે.** અને **કુફ્રને પસંદ કરવું વિના શંકાએ કુફ્ર છે.** અને એ પસંદ કરવાનો સબબ એ જ થયો કે એણે એમાં પોતાની તા'ઝીમ જોઈ અને પોતે પોતાને અલ્લાહ તઆલાનો રસૂલ બતાવવું અને નબી ﷺને બદલે મુસ્તકિલ તૌર પર (જેમ કે હુઝૂર પર દુરૂદ પઢવામાં આવે તેમ) પોતાના ઉપર દુરૂદ અને નબુવ્વતથી પોતાની તારીફ એ સર્વને ખુશી ખુશી જાઈઝ રાખ્યું અને એ બધાને તે તબાહ થનાર (મુરીદ) માટે તસલ્લી ઠરાવ્યું.

અરે ! જુઓ તો ખરા કે જો કોઈ શખ્સ થાનવી તથા તેનાં મા બાપને દિવસભર ગાળો આપતો અને

કહેતો હું તો તારી પ્રશંસા કરવા ચાહુ છું પણ જીભે આ બોલવામાં મારું કહ્યું ન માન્યું અને તારી માં અને તારા બાપને સવારથી ગાળો આપતી રહી એટલે સુધી કે સૂરજ આથમી ગયો ! તો શું અશરફઅલી અથવા કોઈ કમીનો માણસ ભલે તે ચમાર કે ભંગી કે એથીયે વિશેષ કમીનો હોય પણ આ બહાનુ ચાલવા દેત ? અને કહેત કે, "આમાં તારા માટે તસલ્લી છે ! કે આ જેને તુ દોસ્ત રાખે છે ! અને ગાળો આપે છે ! તે જરૂર સુવ્વરની નસલમાંથી છે !" હરગિઝ નહીં ! બલ્કે ગુસ્સાથી ભડકો થઈ જાત અને ગુસ્સામાં બળી મરત અથવા જે કાંઈ થઈ શકત તે તેની સાથે કરત એટલે સુધી કે મોકો મળે તો કત્લ કરી આપત !

માટે અશરફઅલી થાનવીનું આ તસલ્લીનું કહેવું એ કારણે છે કે તેણે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની શાનને હલકી આંકી અને નબુવ્વત તથા રિસલાત અને સૌથી મોટા રુત્બા ખત્મે નબુવ્વતને હલકો જાણ્યો તથા રિસલાત અને સૌથી મોટા રુત્બા ખત્મે નબુવ્વતને હલકો જાણ્યો અને પોતાના નફ્સે અમ્મારાની પ્રતિ જે પુષ્કળ પ્રમાણમાં તેને બદીનો હુકમ આપે છે, નબુવ્વત તથા રિસાલતની નિસ્બત કરવાને પસંદ કર્યું.

બેશક ! તેઓ (થાનવી તથા તેનો મુરીદ) પોતાના જીવમાં ઘણા ઘમંડી બન્યા અને ખૂબ જ મોટી નાફર્માની કરી. તો **કોઈ શક નથી કે અશરફઅલી અને તેનો તે જણાવેલ મુરીદ બંનેએ ઘણા જ ગૈરતવાળા અલ્લાહની સાથે કુફ્ર કર્યું.** તેમને નફ્સની ખ્વાહિશોએ ધોકામાં નાખ્યા. બલ્કે અશરઅફઅલીનું કુફ્ર અધિક સખત અને મુરીદ કરતાં એનો વબાલ વધીને છે. કેમ કે મુરીદે તો એવું ગુમાન કરવા વિશે કહ્યું કે જે કાંઈ રહી રહ્યો છે એ તદ્દન ગલત અને કબીહ બાતિલ છે, જ્યારે **થાનવીએ તો એ કૌલને ન બુરો કહ્યો અને ન તો કહેનારને ધમકાવ્યો બલ્કે એને પસંદ કર્યું અને કહેનારના માટે તસલ્લી ઠરાવી.**

અરે ! એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી કે તે જે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને આવી ખરાબ ગાળ આપે (એટલે કે આપના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો, ચોપગાં સાથે સરખાવે) જેનું વર્ણન સવાલમાં આવી ગયું છે, જેના કારણે આપણા સરદાર ઉલમાએ હરમૈન શરીફૈન (મક્કા–મદીનાના ઉલમાએ) એના પર કુફ્રનો હુકમ કર્યો. તો એવા માણસ થકી બીજા કયા કુફ્રમાં આશ્ચર્ય રહે ! અને જ્યારે તેની દષ્ટિએ મુહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) જેવો ગયબનો ઈલ્મ દરેક બાળક, પાગલ અને ચોપગાંઓને પ્રાપ્ય છે. અને એમાં શક નથી કે તે પોતાની દષ્ટિએ પોતાને એ બુરાં નાલાયકોથી પણ વધારે ઈલ્મ ધરાવે છે, માટે પોતાના મનમાં મુહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)થી ઈલ્મ તથા ફઝીલતમાં વધારે થયો, જેથી તેને એ જ શોભાસ્પદ લાગ્યું કે પોતે પોતાને જ નબી તથા રસૂલ સમજે ન કે મુહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ને માને ! અલ્લાહ આ જ પ્રમાણે મોહર મારી આપે છે કે દરેક ઘમંડી તથા જાલિમના દિલ પર.

પણ ખુદાની કસમ ! બેશક ! મુહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)નો રબ તાકમાં છે અને વિરોધીઓ માટે જહન્નમનો અઝાબ છે. અને અલ્લાહ સારી પેઠે જાણે છે જે તેઓના દિલોમાં સમાએલ છે. અને હવે જવા ચાહે છે જાલિમ કે કઈ કરવટ પલટી ખાશે ! વલ્લાહુ તઆલા અઅ્લમ વ અલ્લમહૂ જલ્લ મજદહૂ અતમ વ અહકમ.

**લખનાર** : અબ્દુહુલ મુઝનબ **અહમદ રઝા બરેલ્વી** અફી અન્હૂ.

## ★ મક્કા મોઅઝ્ઝમાના મુફ્તીઓનું સમર્થન ★

**૦૧.** એમાં કોઈ શક નથી કે આ ફાઝિલ

અલ્લામાએ (આ'લા હઝરતે) જે જવાબ આપ્યો તે જ તદ્દન હક્ક઼ છે, જેમાં ઈન્કારની ગુંજાઈશ નથી અને એવો સવાબ જેનાથી ચારો નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ. મક્કા મોઅઝ્ઝમાના કાઝીયુલ કુઝા અને તમામ અરબ તથા અજમના મુફતી અને મક્કા મોઅઝ્ઝમાના ઉલમાના સરદારની મોહર :–

વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહ ! **અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન સિરાજ** *૧૩૩૫.*

**૦૨. કાઝીએ મક્કા મુકર્રમા–૨૦ ઝિલ હજ્જ હિ.સ. ૧૩૩૭** *અસ્અદ દહાન ૧૩૦૦.*

**૦૩. મુફતીએ માલિકિયહ મુહમ્મદ આબિદ ઈબ્ને હુસૈન** *૧૩૦૦.*

**૦૪. મુફતીએ શાફઈય્યહ અબ્દુલ્લાહ મુહમ્મદ સાલેહ ઝવાવી.**

## ★ મદીના મુનવ્વરાના મુફતીઓનું સમર્થન ★

**૦૫.** એમાં કોઈ શંકાને સ્થાન નથી કે ઉપર જણાવેલ કથનોના કહેનારે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની અદબને કાંઈ જ ન રાખી અને જેણે એને કુફ્રની (એટલે કે જેવી રીતે અલ્લાહ તઆલાએ મુનાફિકોના સરદાર ઈબ્ને ઉબય અને તેના સાથે ખબીષ શૈતાનોના બારામાં ફર્માવ્યું કે તેઓ એ દિવસે ઈમાન કરતાં કુફ્રથી અધિક નજીક છે. અને કોઈ શક નથી કે તેઓ કાફિરોથી ખબીષતર કાફિર હતા.) નજીક દર્શાવ્યું તેણે બુરુ નથી કહ્યું બલ્કે સારું કહ્યું, જેથી તે કહેનારને શરીઅતની તરફ રસ્સીના જોરે ખેંચે અને અલ્લાહ તઆલા આપણને સૌને પોતાના મહબૂબની પસંદીદા વાતોની તૌફીક઼ આપે, આમીન.

અલ્લાહનો અદના બંદો ***અહમદ શમ્સ.*** અલ્લાહ તઆલા દુનિયા, આખેરત તથા કબ્રમાં તેનો થાય. આમીન

**૦૬.** તે કથન જે અશરફ અલી પ્રતિ સંબંધિત થયું તે સ્પષ્ટ સાફ કુફ્રે કબીહ છે. આપણા વિશ્વસનીય ઉલમાના ઈજમાઅ સાથે જીભ બહેકવાનું બહાનુ સ્વીકાર્ય નથી. ***–મુહમ્મદ તકીયુલ્લાહ***

**૦૭.** સર્વ ખૂબીઓ અલ્લાહના માટે છે, તે કહે છે જે ન કૌલનો માલિક છે ન ફેઅલનો (કે સર્વનો માલિક અલ્લાહ વહદહૂ લા શરીક છે) એટલે કે હમ્દાન અલૂનીસી કે હરમ શરીફે નબવીમાં ઈલ્મનો ખાદિમ છે. જે એવી વાત કહે કે જેનાથી કુફ્ર સમજાય છે અથવા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની શાનમાં તૌહીન પ્રતિ નિર્દેશ કરતી હોય, તેનું બહાનુ કે જીભ બહેકી અથવા એ કે ભૂલથી એવું નીકળી ગયું (બોલાઈ ગયું) એ સ્વીકાર્ય ગણાશે નહીં. બલ્કે ઈજમાઅ સાથે તેના પર સ્પષ્ટ કુફ્રનો હુકમ કહેવામાં આવશે. અને કેવી રીતે જાગવા છતાં અશરફઅલી રસૂલુલ્લાહ કહેશે ?! જ્યારે કે નથી પાગલ, નથી અક્કલ ગાયબ થઈ છતાં દાવો કરે કે મારી જીભ બહેકી ગઈ ! આ અમારી તથા તમામ ઈમામોની નજીક મરદૂદ છે. અને તે જેણે (અશરફઅલીએ) એના (મુરીદ પર) કુફ્રનો ફત્વો ન આપ્યો (બલ્કે તેને મુરીદ માટે તસલ્લી ઠરાવ્યું) તેનાથી અલ્લાહ હિસાબ તથા બદલો લેનાર છે. અને મારું ગુમાન તો એ છે કે જો તે પણ પોતાની વાતથી તૌબા ન કરે તો ખુદ પોતાના પગોએ (હાથે કરીને) જહન્નમ તરફ તેનો હશ્ર થશે.

અલ્લાહ તઆલા આપણને તથા સર્વ મુસલમાનોને આવા ફિત્નાઓથી બચાવે અને હઝરત અહમદ રઝાને બેહતર જઝા અતા ફર્માવે અને મુસલમાનોને તેમના વજૂદથી ફયૂઝયાબ રાખે. (આમીન) અને મારી જીભથી કહ્યું અને મારા હાથે લખ્યું.

***હમ્દાન અલૂનીસી મુદર્રિસ હરમ શરીફ નબવી***
*(૨૨ ઝિલ હજ્જ, હિ.સ. ૧૩૩૭)*

# ઈખ્લાસનો મર્તબો અને આપણા બુઝુર્ગો

અઝ : મુફ્તી મુહમ્મદશાકિર પટેલ
નજમી મિસ્બાહી-લેસ્ટર (યુ.કે.)

માનનીય વાંચકો ! સૌ પ્રથમ ઈખ્લાસનો મતલબ સમજવાની કોશિશ કરીએ. ઈખ્લાસને આપણા આસાન શબ્દો મુજબ નિ:સ્વાર્થતા કહી શકાય અને શરીઅતના આધારે તે દરેક કામ જે માત્ર અલ્લાહ તથા તેના પ્યારા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મરજી અને ખુશી માટે કરવામાં આવે જેમાં કોઈ પ્રકારનો સ્વાર્થ ન હોય તેને ઈખ્લાસ કહેવામાં આવે છે.

અલ્લાહ તબારક વ તઆલા પોતાની મુક઼દ્દસ કિતાબમાં ઈર્શાદ ફર્માવે છે :-

وَمَآ اُمِرُوْٓا اِلَّا لِيَعْبُدُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۙ حُنَفَآءَ وَ يُقِيْمُوا الصَّلٰوةَ وَيُؤْتُوا الزَّكٰوةَ وَذٰلِكَ دِيْنُ الْقَيِّمَةِ ۝

"અને તેઓને આ જ હુકમ આપવામાં આવ્યો હતો કે અલ્લાહની ઈબાદત કરે અને એક તરફ થઈ તેના દીનમાં ઈખ્લાસ રાખે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત અદા કરે આ જ સત્ય કાયમ રહેનાર દીન છે." *(સૂરએ બૈયિનહ, ૯૮/૫)*

એક જગાએ ફર્માવ્યું : وَّادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۬ "અને તેની ઈબાદત કરો, નર્યા (કેવળ) તેના બંદા બનીને." *(સૂરએ અઅ્રાફ, ૭/૨૯)*

બીજી જગ્યાએ આ મુજબ ઈર્શાદ ફર્માવ્યો છે :-

قُلْ اِنِّيْٓ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّيْنَ ۝

"હે મહબૂબ ! તમે ફર્માવી દો કે મને હુકમ મળ્યો છે કે હું માત્ર અલ્લાહની (નિખાલસપણે) માત્ર તેનો જ બંદો બનીને ઈબાદત કરું."

*-(સૂરએ ઝુમર, ૩૯/૧૧)*

સૂરએ કહફમાં ફર્માવે છે :-

فَمَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا وَّلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهٖٓ اَحَدًا ۝

"તો જેને પોતાના રબથી મળવાની ઉમ્મીદ હોય તેણે જોઈએ કે નેક કામ કરે અને પોતાના રબની બંદગીમાં કોઈને શરીક ન કરે." *(સૂ. કહફ, ૧૮/૧૧૦)*

આ પ્રમાણે બીજી ઘણી બધી આયતો છે જેમાં એક મો'મિન બંદાને પોતાના દરેક કામમાં ખુલૂસ (નિ:સ્વાર્થતા)નો હુકમ આપવામાં આવ્યો છે.

કારણ કે ઈખ્લાસ ઈસ્લામી ઈબાદતો તથા અમલોનો પાયો છે. તેના વગર ઈમાન તથા અમલનો સંપૂર્ણ બદલો નથી મળતો. આ દિલી, જાતી, માલી તથા રૂહાની દરેક પ્રકારના નેક અમલો માટે ખૂબ જ જરૂરી છે. પોતાના દરેક અમલને દિખાવો તથા ફાયદા પ્રાપ્તિ તથા પ્રશંસાથી પાક રાખવો. માત્ર અલ્લાહને રાજી કરવા માટે લોકોની મરજી તથા નફ્સની ઈચ્છાઓને ત્યજી દેવી દરેક મો'મિન બંદા માટે જરૂરી છે. અને આ જ ઈખ્લાસ કહેવાય છે જેનો ઈસ્લામમાં ઘણો જ ઉચ્ચ દરજ્જો છે.

હઝરત હસન બસરી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હઝરત હુઝૈફા رضی اللہ عنہને સવાલ કર્યો કે ઈખ્લાસ શું છે ? તેમણે જવાબ આપ્યો કે મેં આપણા નબી ﷺને સવાલ કર્યો હતો કે ઈખ્લાસ શું છે ? પ્યારા નબી ﷺએ ફર્માવ્યું કે મેં હઝરત જિબ્રઈલ (علیہ السلام)ને સવાલ કર્યો હતો કે ઈખ્લાસ શું છે ? તો તેમણે અર્ઝ

કરી કે હુઝૂર ! મેં અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી કે પરવરદિગાર ઈખ્લાસ શું છે ? તો રબ તઆલાએ ફર્માવ્યું કે તે મારા ભેદોમાંનો એક ભેદ છે, હું મારા બંદાઓમાં જેને ઈચ્છું છું તેના દિલમાં અમાનત રૂપે તેને મૂકી દઉં છું.

બીજી એક મિશ્કાત શરીફની હદીષમાં છે કે, "દરેક કામનો આધાર કરનારની નિય્યત પર હોય છે. નિય્યતમાં ઈખ્લાસ તથા અલ્લાહની રઝા હશે તો તેનો અધિક્તમ ફાયદો થશે, નહીં તો માત્ર તે કામ જ રહેશે."

ઉપરોક્ત હદીષમાં ઉલ્લેખ કરતાં એક ઘણો જ બોધદાયી વાકિ઼યો યાદ આવ્યો જેને નુઝહતુલ મજાલિસમાં નકલ કરવામાં આવ્યો છે. જ્યારે હઝરત આદમ علیہ السلامને દુનિયામાં ઉતારવામાં આવ્યા તો જંગલના હરણોની એક જમાઅત આપની બારગાહમાં હાજર થઈ. આપની બારગાહમાં સલામ અર્ઝ કરી તો હઝરત આદમ علیہ السلامએ તેઓના શરીર પર પોતાનો મુક઼દ્દસ હાથ ફેરવ્યો. પછી જ્યારે તે હરણો પરત ફર્યાં, પોતાના સાથીઓ પાસે ગયાં તો તેઓના શરીરથી મુશ્કની સુગંધ આવતી હતી. તો હરણોની બીજી ટોળીએ પૂછયું, તમને આ ખુશ્બુ ક્યાંથી નસીબ થઈ ?! તો તેમણે હઝરત આદમ علیہ السلامની મુલાકાત તથા તેમના હાથ મુબારક ફેરવવાનું વર્ણન કર્યું. જેને સાંભળી બીજા હરણો પણ ખુશ્બુની લાલચમાં હઝરત આદમ علیہ السلامની મુલાકાતે ગયાં. જ્યારે તેઓ પરત ફર્યાં તો તેમને ખુશ્બુ પ્રાપ્ત ન થઈ ! તો તેઓએ સવાલ કર્યો કે તમે પણ હઝરત આદમ علیہ السلامની મુલાકાત કરી અને અમે પણ, પરંતુ તમને મુશ્ક મળ્યું અને અમને ન મળ્યુ ! તો તેઓએ જવાબ આપ્યો કે **અમારી મુલાકાતની નિય્યત માત્ર એક નબીની ઝિયારત તથા દુઆઓ લેવાની હતી, જ્યારે કે તમારી નિય્યત નબીની ઝિયારત નહીં, પણ ખુશ્બુ મેળવવાની હતી, માટે તમે મહેરૂમ રહ્યા.**

તો માલૂમ થયું કે નિય્યતમાં જેટલો ઈખ્લાસ હશે એટલો જ ફાયદો પણ થશે.

આપણા પ્યારા બુઝુર્ગોના જીવન ચરિત્રનું વાંચન કરીએ તો તેમના દરેક અમલના ફરતે ઈખ્લાસ, નિઃસ્વાર્થતા તથા અલ્લાહ અને તેના પ્યારા રસૂલની રઝાનો ચેહરો જોવા મળશે. તેઓએ હમેશાં પોતાના નફ્સનો વિરોધ કર્યો અને માત્ર ખુલૂસ નિય્યતે પરવરદિગારને રાજી રાખવામાં પોતાની જિંદગી પૂર્ણ કરી.

એકવાર જંગમાં મૌલાએ કાઈનાત હઝરત અલી کرم اللہ وجہہ الکریم એક કાફિરને પછાડી તેની છાતી પર બેસી ગયા. ટૂંકમાં જ તેને જહન્નમ રશીદ કરી નાખવા તેવામાં કાફિરે આપના ચહેરા મુબારક પર થૂકી દીધું તો આપ તેની છાતી પરથી ઉતરી ગયા અને છોડી દીધો ! તો તેણે આશ્ચર્યચક્તિ થઈ કહ્યું કે જ્યારે હું ક઼ાબૂમાં આવી ગયો પછી મને શા માટે છોડી મૂક્યો ?! તો જવાબ આપ્યો કે પ્રથમ હું તને માત્ર અલ્લાહની રઝા માટે જ જહન્નમમાં પહોંચાડવાનો હતો. જ્યારે તું મોઢા પર થૂક્યો તો નફ્સનો મામલો આવી ગયો અને ઈખ્લાસમાં કમી થઈ ગઈ માટે તને મારા હાથે કત્લથી પોતાને રોક્યો. આ સાંભળી તે મુસલમાન થઈ ગયો.

હવે આપણે પોતાની ભીતરમાં જોઈએ કે શું આપણામાં પણ આ પ્રકારનો ઈખ્લાસ છે ? તો જવાબ નામાં જ હશે, કારણ કે અત્રે આપણુ દરેક કામ લોકોને દેખાડવા તથા વાહવાહી માટે થઈ રહ્યું છે. નફ્સની ગુલામી આપણે ક઼બૂલ કરી લીધી છે. વળી બીજી ગૈર ક઼ૌમ પ્રત્યે ઈખ્લાસની વાત તો ઘણી જ દૂર રહી, પોતાનાં સગા સંબંધીઓ પ્રત્યે પણ કોઈ પ્રકારનો ઈખ્લાસ નથી હોતો ! દરેક કામમાં સ્વાર્થ ખૂબ વધુ પ્રમાણમાં હોય છે. જ્યારે કે આપણા અસ્લાફની જિંદગીની પળે પળ ઈખ્લાસ તથા નિઃસ્વાર્થતાથી ભરપૂર હતી, જેના કારણે તેઓ ખૂબ

જ ઈજ્જતથી જિંદગી પસાર કરી ગયા અને આપણે ઠેક ઠેકાણે ઠોકરો ખાય રહ્યા છીએ.

પ્યારા વાંચકો ! ઈમાન માટે ઈખ્લાસ ખૂબ જ જરૂરી છે કારણ કે તે ઈમાનને મજબૂત કરે છે. એકવાર એક સહાબીએ સરકાર ﷺની બારગાહમાં અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ ઈમાન શું છે ? પ્યારા નબી علیہ الصلوٰۃ والسلامએ જવાબ આપ્યો, "ઈખ્લાસ" *(બૈહકી)*

અલ્લાહના મહાન નબી હઝરત ઈબ્રાહીમ علیہ السلامના મુકદ્દસ જીવનચરિત્રની ઝલક જુઓ. સૌ પ્રથમ અલ્લાહની રઝા કાજે આપે પોતાના કાકા આઝરને છોડયા, પોતાના સગા સંબંધીઓથી પણ દૂર થઈ ગયા, અને માત્ર અલ્લાહને રાજી કરવા ખુલૂસ દિલે પોતાની પત્ની હાજરા તથા હઝરત ઈસ્માઈલને સૂકી વાદીમાં છોડી મૂક્યાં. ત્યાર પછી જ્યારે પોતાનો પ્યારો પુત્ર સમજદાર થયો તો અલ્લાહના હુકમ મુજબ તેમના ગળા પર છરી ફેરવી જેથી અલ્લાહ રાજી થઈ જાય. અને તેમના ઈખ્લાસની જ બરકત હતી કે આપની આ બધી જ અદાઓને ભેગી કરી એક મહાન ઈબાદતનું રૂપ આપી ઉમ્મતે મુહમ્મદી પર ફર્ઝ કરવામાં આવ્યું જેને આપણે "હજ્જ" કહીએ છીએ. આગમાં કૂદી ગયા પરંતુ ઈખ્લાસની બરકતોથી તે આગ આપના માટે બાગ બની ગઈ.

ટૂંકમાં એ કે ખુલૂસની બરકતો માણસને ઉચ્ચ દરજ્જો આપે છે. આપણા પ્યારા નબી علیہ الصلوٰۃ والسلام તથા તેમના સહાબા તથા બધા જ બુઝુર્ગો ખુલૂસના પૈકર હતા. તેમનું દરેક કામ માત્ર અલ્લાહની રઝા કાજે હતું. અને આપણે તેમના માનવાવાળા તેમના આશિકે છીએ જેથી આપણે પણ તેમના નક્શે કદમ પર અમલ કરી પોતાની દુનિયા તથા આખેરતને ઉજ્જવળ કરવી જ જોઈએ.

અલ્લાહ તબારક વ તઆલા પોતાના હબીબ ﷺના સદકામાં દરેક મુસલમાનને નેક કામ ઈખ્લાસથી કરવાની તૌફીક બખ્શે. (આમીન)

# સબ્ર

## કામયાબીનો નુસ્ખો


-: અઝ :-

**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

-: અનુવાદક :-

**હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ**

*(ઈંગ્લિશ/કોમ્પયુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ)*


ઈમામ આલી મકામ رضی اللہ عنہએ દરેક કસોટીમાં સબ્ર ઉપર અમલ કર્યો અને હમેશાં સબ્ર અને નમાઝથી મદદ માગી.

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મુકદ્દસમાં લગભગ ૭૦ જગ્યાઓ પર સબ્ર તથા સાબિરો (સબ્ર કરવાવાળાઓ)નો ઉલ્લેખ કર્યો છે. આ રબ્બે કદીર جل جلالہનો ખાસ કરમ છે કે આ નાશવંત દુનિયામાં મુસીબતોનો ઈલાજ પહેલાંથી જ આપી દીધો. પરેશાનીઓ અને મુસીબતોથી છૂટકારા અને કામયાબી માટે સબ્રની આદત પાડવી ખૂબ જ જરૂરી છે. કહેવત પ્રખ્યાત છે, مَنْ صَبَرَ ظَفَرَ "જેણે સબ્ર કરી તેને કામયાબી હાસંલ કરી લીધી." તેનો મતલબ એ થયો કે કામયાબી (જીત) એ સબ્ર કરવાવાળાઓનું નસીબ છે. **મનુષ્યો પર જુલ્મ અને સિતમ કરવાવાળો અને પોતાની શક્તિનું પ્રદર્શન કરવાવાળો એ સમજે છે કે એ તાકતવાળો છે અને મઝલૂમ બેકસ અને બેબસ છે, તેની સાથે કોઈ તાકત નથી, તો આ એ જુલ્મ કરવાવાળાની ભૂલ મોટી છે.** અલ્લાહ عزوجل કુર્આને મુકદ્દસમાં બેકસ અને બેબસ (સહારા વગરના) બંદાઓને ખુશખબરી આપી કે **સબ્ર કરવાવાળો**

**ડરપોક નથી હોતો બલ્કે સૌથી વધારે જે જાત તાકતવર છે તે જાત મજબૂર બંદા સાથે છે.** ઈર્શાદ છે :–

اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ "અલ્લાહ સબ્ર કરવાવાળાઓ સાથે છે." *(સૂરએ બક઼રહ, ૨/૧૫૩)*

આ આયતે કરીમામાં જેવી રીતે અલ્લાહ ﷻ જુલ્મ કરવાવાળા અને તાકતના નશામાં ચૂર થઈને મજબૂરો પર ક્રૂરતા કરવાવાળાઓને ખબરદાર કરવામાં આવ્યા કે આવા બે સહારા લોકોને એકલા સમજવાની ભૂલ ન કરો. તો બીજી બાજુ મઝલૂમ અને મજબૂરોને દિલાસો આપે છે કે **હાલત ચાહે જેવી પણ આવી જાય તમે સબ્ર કરો, અલ્લાહ તમારી સાથે છે, એ તમને ક્યારેય એકલો નહીં છોડે.** આ આયતે કરીમા સબ્ર કરવાવાળાઓને સાંત્વન આપે છે અને અલ્લાહ પર તેમના ભરોસાના સંબંધને ખૂબ જ મજૂબત કરે છે. સાચે જ સબ્ર ખૂબ જ મોટુ હથિયાર છે બંદો જો સબ્રનો પાબંદ થઈ જાય તો મુસીબતો નાની થઈ જાય છે. સબ્રથી ઈન્સાન અંદરથી મજબૂત થાય છે, તેનું બાતિન નિખરે છે, તેનામાં રૂહાનિયત પૈદા થાય છે, તેનો મર્તબો વધુથી વધુ ઊંચો થઈ જાય છે અને મનુષ્ય અંદરથી ખૂબ જ મજબૂત થતો જાય છે. એટલા માટે અલ્લાહ ﷻએ કુર્આને મુક઼દસમાં અલગ અલગ જગ્યાઓ પર સબ્રના વિશે દોહરાવવામાં આવ્યું અને સબ્રના ફઝાઈલ અને બરકતો પણ બયાન કરવામાં આવી કે સબ્ર કોઈ મામૂલી વસ્તુ નથી, ઘણી મોટી ચીજ છે. અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માન છે :–

وَلَمَنْ صَبَرَ وَغَفَرَ اِنَّ ذٰلِكَ لَمِنْ عَزْمِ الْاُمُوْرِ

"અને બેશક ! જેણે સબ્ર કરી અને બખ્શી (માફ) દીધો તો આ જરૂર હિંમતના કામો છે."

*–(સૂરએ શૂરા, ૪૨/૪૩)*

ઘણા બધા ઊંચા હોદ્દાઓ મનુષ્યને મહેનત અને તકલીફથી નહીં પણ સબ્રથી પ્રાપ્ત થાય છે. જેમ કે આપણા બધાનો ખાલિક તથા માલિક ઈર્શાદ ફર્માવે છે :

وَ مَا يُلَقّٰهَاۤ اِلَّا الَّذِيْنَ صَبَرُوْا ۚ وَ مَا يُلَقّٰهَاۤ اِلَّا ذُوْ حَظٍّ عَظِيْمٍ

"અને આ દોલત નથી મળતી પણ સબ્ર કરવાવાળાઓને અને તેને નથી પામતો પણ મહાન નસીબ વાળો." *( સૂ. حٰمٓ السَّجْدَة, ૪૧/૩૫)*

فَاصْبِرْ كَمَا صَبَرَ اُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ وَ لَا تَسْتَعْجِلْ لَّهُمْ

"તો તમે સબ્ર કરો જેમ કે હિંમતવાળા રસૂલોએ સબ્ર કર્યો અને તેમના માટે જલ્દી (ઉતાવળ) ન કરો."

*–(સૂરએ અહક઼ાફ, ૪૬/૩૫)*

પોતાના મો'મિન બંદાઓથી ફર્માવ્યું :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَ الصَّلٰوةِ ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ

"હે ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ મેળવો, બેશક ! અલ્લાહ સબ્ર કરવાવાળાઓ સાથે છે." *(સૂરએ બક઼રહ, ૨/૧૫૩)*

ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہએ કે દરેક કસોટીમાં સબ્ર પર અમલ કર્યો. અને હમેશાં સબ્ર અને નમાઝથી મદદ માગી. જેના ફળમાં અલ્લાહ ﷻએ તેમને એવી રૂહાની તાકત આપી કે આપે બાતિલ (નાહક્ક઼) સામે માથુ ન ઝુકાવી અઝીમ શહાદતનો હોદ્દો મેળવ્યો અને દુનિયા જ્યાં સુધી છે ત્યાં સુધી ઈમાનવાળાઓને પૈગામ આપી દીધો કે સબ્ર કરવાવાળો ક્યારેય એકલો નથી હોતો, પરંતુ અલ્લાહ તબારક વ તઆલાની ફતહ નુસરત તેની સાથે હોય છે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, ઓકટો.–૨૦૧૯, મુંબઈ)*

# મોલવી વિના દુનિયા કેવી લાગશે?!

સંપાદક
પ્રો. ઓનમુહમ્મદ સઈદી
રજૂકર્તા
મૌલાના મુહમ્મદઆદિલ નજમી મિસ્બાહી હલદરવી
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

આજના દોરમાં મોલવી મુસલમાનોનો એવો વર્ગ છે જેને સામાન્યતઃ તુચ્છ ગણવામાં આવે છે. એમાં અમુક આ વર્ગની પોતાની કમજોરીઓ છે અને અમુક ગૈરોની આ વર્ગની બેઈજ્જતી કરતી વાતો છે. મુસલમાનોના ઉર્ફમાં મોલવી એ શખ્સને કહેવાય છે જે ઈસ્લામી એહકામથી દિલચસ્પી રાખતો હોય, દીની કામોની જિમ્મેદારીઓને નિભાવતો હોય.

જો ઈન્સાફની નજરથી અવલોકન કરવામાં આવે તો ઈસ્લામની બધી જ ખીલેલી વસંત (બહાર) આ જ મોલવી વર્ગની કોશિશોથી છે, શરીઅત તેના જ અસ્તિત્વથી જીવંત છે. જો હાલની દુનિયામાં તેનું અસ્તિત્વ ન રહે તો ઈસ્લામ ધર્મ લાચાર થઈને રહી જાય. પરંતુ આ બધાની સાથે સાથે કૌમે તેમની સાથે જે જુલ્મ જારી રાખ્યો છે અને જે રીતે મહેણાટોણા તથા બેઈજ્જતીપૂર્વક તેમની સાથે વર્તે છે તે એક અતિ દુઃખ ઘટના છે. જો કે ઘણા બધા હકીકતના જાણકાર લોકો તેમની અઝમતોને સ્વીકારતા રહે છે પરંતુ સામાન્ય પ્રજાનું વર્તન એનાથી ઉલ્ટુ છે.

**ચાલો ! આપણે જોઈએ કે મોલ્વી વગર દુનિયા કેવી લાગશે ?**

રાત્રે થોડીવાર માટે હું ખયાલોના જગતમાં ગયો અને મને ખયાલ આવ્યો કે કાલે સવારે દુનિયા મોલવીઓથી ખાલી થઈ જશે અને બધી બાજુ ખુશીઓનો માહોલ હશે કે રંગમાં ભંગ કરવાવાળા અને કબાબમાં હડ્ડી બનવાવાળુ જુથ દુનિયાથી ચાલ્યુ ગયું ! હવે લોકોના રસ્તાઓમાં કોઈ પણ રૂકાવટ નહીં રહે અને એમને સ્વતંત્રતા મળશે. સવારે જ્યારે હું ઉઠયો તો મેં જોયું કે આ ખયાલ હકીકતનું રૂપ ધારણ કરી ચૂક્યો હતો. મોલવી નામની કોઈ પણ વસ્તુ ધરતી પર હાજર ન હતી. લોકો ચૈનના શ્વાસ લઈ રહ્યા હતા! તેમની ખુશીમાં બંધ બનાવનારી આ આફત કાયમ માટે દુનિયાથી ઓજલ થઈ ગઈ ! (મઆઝલ્લાહ !) પરંતુ એની સાથે અમુક નવાં અને વિચિત્ર દશ્યો મારી સામે હતાં.

★ મેં જોયું કે ઘણા લોકો કલમો પઢીને મુસલમાન થવા ઈચ્છે છે. એના માટે તેમને એક મોલવીની શોધ છે. પરંતુ તેમને કહેવામાં આવ્યું કે હવે મોલ્વી નામની કોઈ પણ વસ્તુ દુનિયામાં નથી રહી જે તેમને સહીહ રીતે ઈસ્લામથી માહિતગાર કરીને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશ કરાવે. તે બધા જ નિરાશ થઈને પરત ફર્યા.

★ મેં જોયું કે ઘણા બધા મુસલમાનો અલ્લાહ, રસૂલ ફરિશ્તાઓ, સહાબાઓ, એહલે બયત, આખેરત અને આસમાની કિતાબો વગેરે ઈસ્લામી અકીદાઓના વિશે ખોટી વાતો કરી રહ્યા છે, પરંતુ કોઈ પણ શખ્સ તેમને રોકવાવાળો નથી ! ઘણા બધા હમદર્દી રાખવાવાળાઓ મોલવીની શોધમાં નીકળ્યા હતા પરંતુ ખબર પડી કે હવે તેમનું મળવુ અશક્ય છે.

★ મેં જોયું કે ઘણા બધા લોકો વુઝૂ કર્યા વગર નમાઝ પઢી રહ્યા છે, કેટલાક લોકો પર ગુસલ જરૂરી થઈ ગયું છે પરંતુ તેઓ તેનાથી અજાણ થઈને પોતાના કામોમાં વ્યસ્ત છે. કેટલાક લોકોના કપડાં વગેરે નાપાક છે પરંતુ તેમને પાક

કરવાની રીત ખબર નથી. કેટલાક લોકો ઈસ્તિન્જા (જાજરૂ–પેશાબ) જેવી વસ્તુમાં પણ ભૂલો કરી રહ્યા છે, કેટલાય લોકો મસ્જિદના અદબને પામાલ કરી રહ્યા છે, પરંતુ તે બધાને સમજાવવા માટે કોઈ પણ વ્યક્તિ ઉપલબ્ધ નથી. કારણ કે તેમને જે પણ સમજાવશે તે મોલવી જ હશે, અને મોલવી દુનિયાથી અદશ્ય થઈ ગયા છે !

★ મેં જોયું કે ઘણા લોકો સુવ્વરનું માસ ખાઈ રહ્યા છે અને સાથે શરાબનો સ્વાદ પણ લઈ રહ્યા છે ! હોટલોમાં ચીલ, કાગડો, કૂતરા અને ગધેડાની સ્વાદિષ્ટ થાળીઓ રાંધવામાં આવે છે અને લોકો શોખથી ખરીદીને ખાય રહ્યા છે. ગોશ્તની દુકાન પર ગયો તો જાણ્યું કે મરઘીઓ અને જાનવરોને 'બિસ્મિલ્લાહ' પઢયા વગર ખૂબ જ ખોટી રીતે ઝબહ કરી તેનો ગોશ્ત વેચવામાં આવે છે, પરંતુ લોકોને ખબર જ નથી કે આ તેમના માટે હરામ છે ! મેં ખૂબ જ પરેશાન થઈને વિચાર્યું કે જલ્દીથી કોઈ મોલ્વી સાહબને પકડી લાવું કે તેમને હલાલ અને હરામનો ફર્ક બતાવે. પરંતુ ખબર પડી કે હવે મોલ્વી નામની કોઈ વસ્તુ દુનિયામાં ઉપલબ્ધ નથી ! હું પોતાના હાથ ઘસતો જ રહી ગયો.

★ મેં જોયું કે મસ્જિદમાં ઘણા લોકો નમાઝ માટે ભેગા થયા છે. અઝાન અને ઈમામ માટે કોઈ મોલવીની શોધ હતી, પરંતુ તેમને કહેવામાં આવ્યું કે દુનિયાની બધી મસ્જિદો મોલવીઓથી ખાલી થઈ ગઈ છે ! હવે અઝાન દેવાવાળો અને નમાઝ પઢાવવાવાળો કોઈ પણ વ્યક્તિ નથી રહ્યો. લોકો પરેશાનીથી અકળાઈ ઉઠયા અને તેમણે અલગ અલગ જાતે જ નમાઝ પઢીને ઘરે પરત થવું પડયું. બીજી નમાઝો વગર જમાઅતે પઢવી મજબૂરી બની ગઈ.

★ ખયાલોની દુનિયામાં મેં જોયું કે જુમ્આ અને ઈદોના દિવસો આવી ચૂક્યા છે. મસ્જિદો અને ઈદગાહોમાં હજારો લોકોની ભીડ છે, પરંતુ કોઈપણ વ્યક્તિ મિમ્બર પર ખુત્બો આપવા માટે નથી આવ્યા. દુનિયાભરના મુસલમાનો ખાલી મિમ્બર જોઈને પોક મૂકીને રડી રહ્યા છે કે તેમના વારસદાર ક્યાં જતા રહ્યા છે ?! પરંતુ, હવે શું થઈ શક્તુ હતું ? અગણિત મોલ્વિયતથી બેઝાર લોકોની ઈચ્છાના કારણે કુદરતે આખી પૃથ્વી પરથી મોલવીઓને આસમાન પર ઉઠાવી લીધા એટલા માટે લોકોએ જુમ્આ અને ઈદોની નમાઝ પઢયા વગર ઘરે પાછા ફરવું પડયુ !

★ મેં જોયું કે ઘણા બધા બાળકો માથા પર ટોપી અને હાથમાં સીપારાઓ લઈને મદ્રસામાં હિફ્ઝ અને નાઝરા માટે જઈ રહ્યા છે. પરંતુ જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા તો ઉસ્તાદોની બેઠકો ખાલી પડી હતી. કોઈ પણ કુર્આન પઢાવવાવાળુ ન હતું. બાળકોને મજા પડી ગઈ અને ખુશી ખુશી ઘરે પાછા ફર્યા. મા બાપને ખબર પડી કે તે મોલવીઓ જે એમને રટ્ટુ પોપટ બનાવતા અને કુર્આનનો ઈલ્મ શીખવાડવાથી અમારો સમય ખરાબ કરતા હતા તે બધાનું મૃત્યુ થયું છે, હવે અમને સ્વતંત્રતા મળી અને અમે ખૂબ સરસ વિકાસ કરીશું !

★ મેં જોયું કે રમઝાનનો મહીનો આવી ચૂક્યો છે, કેટલાક લોકોને રોઝાના મસ્અલાઓનું જ્ઞાન મેળવવું છે, સહેરી અને ઈફતારીની માહિતી પ્રાપ્ત કરવી છે, એ'તેકાફ વગેરેના વિશે જરૂરી વાતો પઢવી છે. ખાસ કરીને રાત્રે તરાવીહની નમાઝ પણ પઢવી છે, અને તેઓ કોઈ હાફિઝ, ક઼ારી, આલિમની શોધમાં છે, પરંતુ ખબર મળી કે આ વર્ગની શોધ બીજી દુનિયામાં કરવામાં આવે. આ દુનિયામાં તેમનું અસ્તિત્વ નાબૂદ થઈ ગયું

છે ! લોકો ખૂબ જ પરેશાન થયા. ધીરે ધીરે રોઝાઓ, એ'તેકાફ અને તરાવીહ વગેરેને છોડીને પોત પોતાના દુનિયવી કામોમાં ખુશ રહેવા લાગ્યા !

★ મેં જોયું કે ઘણા બધા ઘરોમાં મૃત્યુ થયાં છે અને તેમને ગુસ્લ અને કફન આપવાની મહાન સમસ્યા ઉભી થઈ ગઈ છે, ન કોઈ ગુસ્લ આપવાની રીત જાણે છે, ન કોઈ કફન પહેરાવવાની રીત ! તો એ મૈયતોને ગુસ્લ અને કફન વગર ઉઠાવીને અને કબ્રસ્તાનની તરફ ચાલ્યા. બધા એકબીજાને જોઈ રહ્યા છે. જનાઝાની નમાઝ કોણ પઢાવશે ? પરંતુ બધાએ એ જ વાત કહીને ના પાડી દીધી કે અમે કોઈ મોલ્વી થોડા છે કે જનાઝાની નમાઝ પઢાવીશું ?! તેથી આ કામ માટે મોલ્વીને બોલાવવામાં આવે. પણ ખબર મળી કે જનાઝો પઢાવવાવાળા મોલ્વીઓ મૃત્યુ પામી ગયા છે, તો લોકોએ મૈયતને જનાઝાની નમાઝ પઢયા વગર ઉઠાવ્યું અને કબ્રસ્તાનમાં પહોંચ્યા, તેમને ખાડામાં નાખી ઉપરથી માટી નાખી પાછા ફર્યા.

★ મેં જોયું કે કેટલાક લોકોને વઅઝ અને તબ્લીગના કાર્યક્રમોનો શોખ હતો. તેઓ તેના માટે આલિમોની શોધમાં હતા, પરંતુ તે વખતે તેઓના હાથ નિરાશા આવી જ્યારે તેઓને જાણ થઈ કે મોલ્વીઓના ન પ્રાપ્ત થવાના કારણે દુનિયાના બધા જ ધાર્મિક કાર્યક્રમો ખતમ થઈ ગયા છે ! હવે કયામત સુધી કોઈ પણ ધાર્મિક કાર્યક્રમનું પ્રાપ્ત થવુ અશક્ય છે. લોકોને જે દીની કાર્યક્રમોનો શોખ હતો તેને પૂર્ણ કરવાના બદલે તેની જગાએ દુનિયાના કાર્યક્રમો ગોઠવવાનું શરૂ કર્યું. તે બધી જ જગ્યાઓ જ્યાં કુર્આન અને હદીષ સંભળાવવામાં આવતી હતી ત્યાં ગીતો અને વાજા વગાડવાનું શરૂ થઈ ગયું !

★ મેં જોયું કે લોકો ઝકાત વિશે પણ ઘણી બધી મુશ્કેલીઓ, આફતો અને વેદનાઓના શિકાર થયા હતા. ગર્વમેન્ટની તરફથી નવો કાયદો આવ્યો હતો કે આજ પછી ગરીબો પર જરૂરી છે કે તે દરેક મહિના પછી પોતાના માલમાંથી માલદારો, અધિકારીઓ અને સરદારોને નિયમિત રીતે ઝકાત આપે. ઝકાત ફાળો પૂરી આવકનો અડધો ભાગ રાખ્યો હતો. એના પર બધા લોકો ખૂબ ચિંતામાં પડયા હતા. અને એવા ડિગ્રીધારી મોલ્વીની શોધમાં હતા જે તેમને માર્ગદર્શન આપે અને ગર્વમેન્ટને બતાવે કે ઝકાત આ પ્રમાણે આપવામાં નથી આવતી. પરંતુ તેમને તીવ્ર ફટકો લાગ્યો જ્યારે જાણ્યું કે મોલ્વી કાયમ માટે પ્રાપ્ત નહીં થાય !

★ મેં જોયું કે લાખો લોકો હજ્જ માટે તૈયાર હતા અને એના માટે લિટ્રેચર અને ટ્રેનિંગ પ્રાપ્ત કરવા માગતા હતા, પરંતુ તેમને નિષ્ફળતાનો સામનો થયો. તેમને જણાવવામાં આવ્યું કે સઊદી ગર્વમેન્ટે બધી મુસ્લિમ ગર્વમેન્ટોની સલાહથી મક્કા અને મદીનાના બદલે હજ્જનું નવુ સ્થળ વોશિંગ્ટન અને ન્યુયોર્કને બનાવી દીધું છે ! નવા હજ્જના અરકાનોની તૈયારી ખૂબ જ જોરશોરથી થઈ રહી છે ! અપેક્ષા કરવામાં આવે છે કે હજ્જના દિવસો ૧ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર સુધી રહેશે અને હજ્જનો ખુત્બો અમેરિકાનો પ્રમુખ વાઈટ હાઉસમાં આપશે. પરત ફરતી વેળાએ બધા હાજીઓને ન્યુ વર્લ્ડ ઓર્ડરના કિંમતી નુસ્ખાઓ અને વ્હિસ્કીના મોટા મોટા ગેલનો ભેટ આપવામાં આવશે !

એના પર લોકોમાં ગંભીર પ્રકારનું દુઃખ અને ગુસ્સો જોવા મળ્યો અને તેઓ એ પ્રકારના આલિમની શોધમાં હતા જે તેમની આગેવાની કરીને એ શૈતાની યોજનાને કાયમ માટે ખતમ કરે. પરંતુ તેઓને એ ભયાનક ખબર મળી કે મક્કા મદીનાની સાથે સમગ્ર

દુનિયાના મોલ્વીઓ ખતમ થઈ ગયા છે, માટે પ્રતિકારનો કોઈ માર્ગ નથી. તેઓ સૌ અફસોસ સાથે હાથ ઘસવા લાગ્યા કે હવે પસ્તાવાથી શો ફાયદો ?! કાશ ! કે તેઓ મૌજૂદ હતા ત્યારે તેમની કદર કરી હોત !

★ મેં જોયું કે ઘણા બધા નવયુવાન છોકરા છોકરીઓ ફેસબુક, વોટ્સઅપ, ટવીટર વગેરેના દ્વારા એકબીજાનો સંબંધ ફાઈનલ કરી ચૂક્યા હતા, પણ હવે એમને કોઈ એવા ધાર્મિક વ્યક્તિની શોધ હતી જે તેમના નિકાહ પઢાવીને શાદીના સુંદર જોડામાં બાધી દે, તેમને જાણ થઈ કે નિકાહ પઢાવવાવાળા અને તેના મસ્અલાઓ જાણવાવાળુ ધાર્મિક જુથ કાયમ માટે આસમાનમાં ઉઠાવી લેવામાં આવ્યું છે, હવે શરીઅતના તરીકાથી નિકાહ પઢાવવાવાળો કોઈ પણ વ્યક્તિ બાકી નથી રહ્યો ! એના પર છોકરા છોકરીઓએ શુક્રનો સજદો અદા કર્યો કે સારુ થયું કે આ ધાર્મિક પાબંદીઓથી મુક્તિ મળી ગઈ ! તેઓએ એવો ફૈંસલો કર્યો કે હવે લગ્ન જીવન માટે ગુંગટની બિલકુલ જરૂરત નથી અને ન તો પોતાના શરીર પર કપડાંઓનો બોજ ઉઠાવવાની કોઈ જરૂરત છે. એ જ રીતે એ વાતો જે મોલવીઓ બતાવતા હતા કે માની સાથે લગ્ન હરામ છે અને બહેનથી પણ અને માસીથી પણ હરામ છે અને ફોઈથી પણ. પુરૂષોને ચાર ચાર નિકાહની છૂટ આપતા અને સ્ત્રીઓને માત્ર એક નિકાહની જ છૂટ ! તે સૌ જૂના પૂરાણા કાનૂનો પણ તેમની સાથે વિદાય થઈ ચૂક્યા ! હવે કોઈ નવો મોલ્વી આવશે નહીં જે અમને આ પૂરાણા કાનૂનોથી માહિતગાર કરશે. જેથી મેદાન સાફ છે, જે દિલમાં ચાહો કરો !

★ મેં જોયું કે ઘણા બધા લોકો અલ્લાહનું વજૂદ અને એની તૌહીદને નકારતા થઈ ગયા, આખેરતને મોલવીઓનો ધોકો બતાવતા થઈ ગયા, અલ્લાહ રસૂલ અને ઈસ્લામના તરીકાની ખુલ્લે આમ ગુસ્તાખી કરે છે અને તેના પર ખૂબ જ ખુશી જાહેર કરે છે ! મેં તેઓને પૂછયું કે તમને આટલી સ્વતંત્રતા કઈ રીતે મળી અને તમારી જીભ આટલી લાંબી કઈ રીતે થઈ ગઈ ?! તેઓએ હાથ પર હાથ ફટકારી કહ્યું કે તમને ખબર નથી કે તે બધા મોલવી જેઓ આ રસ્તાનો સૌથી મોટો બંધ હતા અને મતંવ્ય જાહેર કરવાની સ્વતંત્રતા ન ઈચ્છતા હતા, તેઓ ઈન્સાનિયતની જાન છોડી ગયા. ગર્વનમેન્ટે આઝાદીનો કાયદો પાસ કરી આપ્યો છે, હવે કોઈ એવો વ્યક્તિ નથી રહ્યો જે અમને મનમાનીથી રોકે !

★ મેં જોયુ કે મોલ્વીના દુનિયાથી જતાં જ ન તબ્લીગ બાકી રહી ન જેહાદ, ન કુર્બાની ન વારસાઈના મસ્અલા, ન સમાજનો અદબ ન દીન અને ઈમાનનું જ્ઞાન બાકી રહ્યું. ન તો કુફ્ર અને ઈસ્લામનું જ્ઞાન ન નમાઝ રોઝાના મસ્અલાઓ મોજૂદ રહ્યા. ન હજ અને ઝકાતના મસ્અલાઓ ન જાહેર અને બાતિની ગુનાહની ખબર રહી અને ન નાના મોટા ગુનાહોની ખબર. ન ખરીદારીનું જ્ઞાન બાકી રહ્યું ન તો હલાલ અને હરામનું જ્ઞાન. ન અલ્લાહના હક્કો મૌજૂદ રહ્યા ન બંદાઓના હક્કો. મા બાપ તથા આઝાદ લોકોએ એક મતિએ ઈસ્લામ મઝહબનાં ચીથડાં ઉડાડી દીધાં ! શૈતાનિયતના ઝંડાને ઊંચો કરવાવાળાઓએ દીનને પસંદ કરવાવાળાઓના રસ્તા બંધ કરી દીધા.

હવે તે જ લોકો જેઓ મોલવીઓથી નફરત કરતા અને તેઓને ઝલીલ અને હકીર સમજતા હતા તેમને એહસાસ થયો કે તેઓ ગંભીર ભૂલ કરી રહ્યા હતા ! મોલવીઓએ તો તેમના દીન અને ઈમાનને બચાવી

રાખ્યાં હતાં. તેમની દુનિયાની અને આખેરતની કામયાબીના તેઓ જિમ્મેદાર હતા. આજે તેમનુ દુનિયામાં અપ્રાપ્ય થવું તે એમના માટે શું શું મુસીબતો અને આફતો લઈને આવ્યું ! એની ખબર તેઓને હવે થઈ. સાચુ કહ્યું હતુ કોઈએ કે જ્યાં સુધી નેઅમત બધા પાસે રહે છે તેની કદર નથી જણાતી પરંતુ જ્યારે તે એનાથી લઈ લેવામાં આવે છે ત્યારે પછી તેને નેઅમતનું મહત્વ જણાય છે.

બધા લોકો સાથે મળીને ડાહ્યા લોકો પાસે ગયા અને તે તૂટી પડેલી નાની ક઼િયામતના વિશે ફરિયાદ કરી. મોટા સરદારોએ સલાહ આપી કે કોઈ મેદાનમાં ભેગા થઈ અલ્લાહ પાસે માફી માગો અને તેનાથી અર્ઝ કરો કે આ મુશ્કેલીથી મુક્તિ મળે. તેમણે એ જ પ્રમાણે કર્યું ત્યારે મેં એક વિવિત્ર દશ્ય જોયું કે આસ્માનના દરવાજા ખુલ્યા અને ત્યાંથી મોટા મોટા આલિમો, ફક઼ીહો, ખતીબો, ફાઝિલો, નેક લોકો, નસીહત કરનારાઓ, મુબલ્લિગો, મુહદ્દિષો, મુફસ્સિરો, મુહક્કિ઼કો, મુસન્નિફો લાઈનોમાં ઉતરતા જોયા. લોકોએ તેમને જોતાં જ તકબીર અને રિસાલતના નારાઓ લગાડયા અને આંખોથી ખુશીનાં આંસુ સાથે તેમનું સ્વાગત કર્યું. મસ્જિદો ફરીથી આબાદ થઈ ગઈ અને મદ્રસાઓ પણ. મેહફિલોની રોનક ફરીથી પહેલાં જેવી જ થઈ ગઈ, દર્સ અને તદરીસ, વઅઝ અને તબલીગનો સિલસિલો ફરીથી શરૂ થઈ ગયો. રમઝાન ફરીથી આબાદ થઈ ગયો. હજ અને ઉમરા માટે લોકો મક્કા મદીનામાં ફરીથી જવા લાગ્યા. તિલાવત અને નઅતના નગમાઓ જીભ પર ફરી ગુંજવા લાગ્યાં. ઝકાત સદક઼ાઓ, જુમ્આ ઈદો, તરાવીહ તથા જનાઝા, કુર્બાની, નિકાહ તથા તલાક઼, કફન દફન, વારસાના મસ્અલા અને ખરીદ વેચાણ બધુ પોતાની વાસ્તવિક પરિસ્થિતિ પર આવ્યું. ખુદાને નકારવાના રસ્તાઓ બંધ થઈ ગયા. રસૂલુલ્લાહ ﷺની ગુસ્તાખી કરવાવાળાનો પ્રતિકાર શરૂ થયો. કુફ્ર અને શિર્કનો મુક઼ાબલો શરૂ થયો. ઈસ્લામના દુશ્મનોના વિરોધમાં અવાજો ઉઠવા માંડી, મુસ્તફા ﷺના નિઝામના ગલ્બા માટે કોશિશો શરૂ થઈ. વિરાન થયેલ દુનિયા એકવાર ફરી આબાદ થઈ ગઈ. લોકોએ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો અને ફરીવાર મોલવીઓના વિરોધથી સાચી તૌબા કરી !

**નોધ** : જ્યાં સુધી ઓલમાની કમજોરી અને ખામીઓની વાત છે તો તેના માટે એક બીજો લેખ લખ્યો છે : "લોકો મઝહબી વર્ગથી બેઝાર કેમ ?" ઓલમાએ એનો અભ્યાસ કરવો જોઈએ. આવતાં કોઈ અંકમાં જોઈ શકો છો.

*(માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી, નવેમ્બર–૨૦૧૯)*


## 'અલ–અશરફ નૂરાની કેલેન્ડર' ૨૦૨૦

★ ૧૮" × ૨૩" સાઈઝના ડબલ ગ્લેઝ આર્ટ પેપર પર મલ્ટીકલર પ્રિન્ટીંગ ★ ૧૨ મહિનાના ઉર્સ–સંદલની યાદી ★ બોધદાયક, ગાગરમાં સાગર સમાન ઈસ્લામી લેખો ★ દેશ–વિદેશના મુક઼દ્દસ આસ્તાનાઓની રંગીન તસ્વીરો ★ નઅત શરીફ, મનક઼બત, દુરૂદ શરીફ ★ ઈસ્લામી વેબસાઈટસ વિશે માહિતી, ★ ઈસ્લામી નવા વર્ષની પેશનગોઈ અને બીજુ ઘણુ બધુ.....

ટપાલથી મંગાવનારે પ્રકાશકના નીચેના સરનામે **રૂા. ૫૦/–**નો મનીઓર્ડર કરવો.

**મોહદ્દિસે આઝમ મિશન ગુજરાત પ્રદેશ (મિરઝાપૂર બ્રાન્ચ)**

૧૫, પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિરઝાપુર, અહમદાબાદ–૩૮૦૦૦૧. મો. 9712198441

# રાફઝિયતના પાંગરી રહેલ જંતુઓ

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَأَمَّا الَّذِينَ فِي قُلُوبِهِمْ زَيْغٌ فَيَتَّبِعُونَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَاءَ الْفِتْنَةِ

"તો જેમના દિલોમાં ટેઢાપણુ છે તેઓ મુશાબહતવાળી (આયતો)ની પાછળ પડે છે ગુમરાહીની ઈચ્છામાં." *(મઆરિફુલ કુર્આન)*

કાંઈક એવુ જ આજકાલ એહલે સુન્નતના સ્વીકૃત તથા મજબૂત, યકીની તથા પાયાના અકાઈદ વિરૂદ્ધ એવી વાતો તથા લખાણો રાફઝિયાતના પ્રચારની લાલસામાં એક ટીમવર્ક રૂપે શોધવામાં આવી રહ્યાં છે અને સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવી રહ્યાં છે. એહલે સુન્નત વ જમાઅતનો ઈજમાઅ અને ઈત્તેફાક છે કે શૈખૈન (હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર) رضی اللہ عنہما અંબિયાએ કિરામ, રસૂલો અને રસૂલ ફરિશ્તાઓ علیہم السلام બાદ ખુદાની મખ્લૂકમાં દરજા મુજબ સૌથી અફઝલ છે. આખા જગતના લોકોમાં કોઈ પણ વ્યક્તિ તેમની બુઝુર્ગી તથા ઈજ્જત અને અઝમતને નથી પહોંચી શકતો. પરંતુ પોતાને સુન્ની કહેડાવનારા અને તેમના ચેલા ચપાટીઓને શું થઈ ગયું છે કે એહલે સુન્નતની મુસલ્લમાત (સર્વ સંમતિથી) અને મોહકમાત (પાયાના સચોટ) વિચારો વિરુદ્ધ ફિત્નો પેદા કરનારા લખાણો ફેલાવી રહ્યા છે, ગુમરાહી અને બેદીની તરફ જઈ રહ્યા છે, અને ખારજી તથા નાસેબી હોવાનો આક્ષેપ તે બધા ઉલમા, અવલિયા, મોહદ્દિષો, ફકીહો, મુફસ્સિરો અને તાબઈન તથા સહાબાએ કિરામ પર લગાડી રહ્યા છે, જેઓ શૈખૈનના અફઝલ હોવાનો અકીદો ધરાવે છે. મઆઝલ્લાહ !

**★ ઈમામ હસન મુજતબા رضی اللہ عنہની રિવાયતની ખોટી સમજૂતી ★**

સોશિયલ મીડિયા પર એક સાહેબ મુસ્નદે અહમદની એક રિવાયત રજૂ કરી ઈજમાએ ઉમ્મત વિરુદ્ધ જઈ શૈખૈનની અફઝલિયતનો ઈન્કાર કરી બેઠા છે. અને નીચે મુજબ દાવો કર્યો છે કે,

સૈયદના ઈમામ હસન પોતાના વાલિદ સાહેબ મૌલાએ કાએનાત رضی اللہ عنہને તમામ પહેલાં અને પછીના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને ખલીફાઓથી અફઝલ જાણે છે. મુસ્નદે અહમદમાં ઈમામ હસન رضی اللہ عنہથી એક હદીષ ઘણા રાવીઓથી ભરોસાપાત્ર સનદો સાથે નકલ કરવામાં આવી છે, આ હદીષ ઈમામ હસન رضی اللہ عنہએ અમીરૂલ મો'મિનીન મૌલાએ કાએનાત સૈયદુના અલી رضی اللہ عنہ ની શહાદત બાદ બયાન ફર્માવી કે તમામ આગલી પાછલી મખ્લૂક પર અમીરૂલ મો'મિનીન મૌલાએ કાએનાત હઝરત અલી رضی اللہ عنہની અફઝલિયત સાબિત છે.

"હુબૈરા બિન મરયમ કહે છે કે મેં અમીરૂલ મો'મિનીન હઝરત ઈમામ હસનને ખુત્બો દેતા સાંભળ્યા, જેમાં આપે ઈર્શાદ ફર્માવ્યો "હે લોકો ! કાલે તમારી વચ્ચેથી એક એવા વ્યક્તિ જતા રહ્યા જેમના પરના પાછલા લોકો વધી શકયા, ન તો આવનારાઓ એમની ફઝીલતને પામી શકશે. રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم તેમને જંગોમાં મોકલતા અને ઝંડો તેમના હવાલે કરતા હતા, અને તે તે સમય સુધી પાછા ન ફરતા જ્યાં સુધી અલ્લાહ તઆલા તેમને વિજય ન આપતો, જિબ્રઈલ તેમની જમણી બાજુ અને મીકાઈલ

રજૂકર્તા : મૌલાના મુહમ્મદ નુઝરુલબારી અશરફી
(ઉસ્તાદ જામેઅ અશરફ કિછૌછા શરીફ–૮૪૨૩૪ ૪૩૪૭૫)

:: અનુવાદક ::
મૌલાના અબ્દુર્રહમાન પટેલ મિસ્બાહી–પારખેત

તેમની ડાબી બાજુ ચાલ્યા કરતા હતા, તેમણે સોના ચાંદી (ધન દોલત)માંથી સાત સો દિરહમ જેના દ્વારા તે એક ગુલામ ખરીદવા ઈચ્છતા હતા, સિવાય કાંઈ નથી છોડયું.''

''મોલ્વી નઝરુલ બારી ઉસ્તાદ જામેઅ અશરફ જે ખારજીઓના રસ્તે ચાલી આ મસ્અલામાં એહલે સુન્નત પર રાફઝી હોવાના ગોળા વરસાવી રહ્યા છે. જવાબ આપે કે શું તેમની નજરમાં રૈહાનતુર્રસૂલ ખલીફએ રાશિદ પંજુમ સૈયદના ઈમામ હસન رضی اللہ عنہ પણ મઆઝલ્લાહ રાફઝી હતા ? જ્યારે કે ઉપરોક્ત હદીષના સહીહ અને માન્ય હોવાને દરેક ફિર્કાના ઉલમાએ બયાન કર્યું છે.'' (વાત પૂરી)

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :-**

એ સાહેબને ખબર હોવી જોઈએ કે એહલે સુન્નત વ જમાઅત સૈયદુના અલી મુર્તઝા رضی اللہ عنہની પુષ્કળ વિશિષ્ટતાઓ તથા ફઝીલતો, જેમાં કોઈ સહાબીને આપની બરાબર નથી માનતા અને તેનો ઈકરાર કરે છે, પરંતું એહલે સુન્નત વ જમાઅતનો આ ઈજમાઈ અક઼ીદો છે કે સૈયદુના **સિદ્દીક઼ે અકબર અને ફારૂકે આ'ઝમ ખિલાફતના ક્રમ પ્રમાણે તમામ સહાબાથી અફ્ઝલ છે.** શૈખેન કરીમૈન (અબૂ બક્ર, ઉમર) પર સૈયદુના અલી رضی اللہ عنہની અફઝલિયત સાબિત કરવા માટે મુસ્નદે અહમદની જે રિવાયત ઈમામ હસનના હવાલાથી રજૂ કરી છે, તો તેને પોતે સમજયા જ નથી અથવા સમજીને પણ અવામે એહલે સુન્નતને ધોકો આપવાનો પ્રયાસ કર્યો છે !

ઉપરોક્ત રિવાયત મુસ્નદે અહમદ સિવાય ઘણી હદીષની કિતાબો જેમ કે સુનને નસઈ, મુઅજમે અવ્સત્ તિબ્રાની, ફઝાઈલે સહાબા અહમદ બિન હંબલ, મુસન્નફે ઈબ્ને અબી શૈબા વગેરેમાં છે. તમામ રિવાયતોમાં સાફ ઈશારો મળે છે કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ પોતાના ખુત્બામાં હઝરત મૌલા અલીના અમુક ખાસ ફઝાઈલ બયાન ફર્માવ્યા છે, શૈખેન કરીમૈન પર તેમની ફઝીલત બયાન નથી કરી.

તમામ રિવાતયતોમાં આ ખાસ ફઝીલતનું વર્ણન છે કે પહેલાના લોકોમાંથી કોઈના ભાગે આ ખુશનસીબી અને નેઅમત નથી આવી, અને પછી કોઈને મળવાની નથી, કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ જયારે પણ આપને જેહાદ માટે મોકલ્યા અને આપના હાથમાં ઝંડો આપ્યો તો જરૂર કામયાબી અને વિજય સાથે પાછા ફર્યા.

અમુક રિવાયતોમાં બીજી ખાસ ફઝીલતોનું વર્ણન પણ છે, જેમ કે જયારે પણ હઝરત મૌલા અલી رضی اللہ عنہ દુશ્મનો સાથે જંગ કરતા ત્યારે આપની જમણી બાજુ જિબ્રઈલ અને ડાબી બાજુ મીકાઈલ علیہم السلام રહેતા હતા. (સુનને કુબ્રા, ૪/૪૧૬) આપની શહાદત તે રાત્રીએ થઈ જેમાં કુર્આન નાઝિલ થયું, જેમાં હઝરત ઈસા علیہ السلام આસમાન પર ઉઠાવવામાં આવ્યા, જેમાં હઝરત મૂસા علیہ السلامનો વિસાલ થયો.

*(મુસ્તદરક, હાકિમ, ૩/૧૫૪)*

આ અને આના જેવી અમુક ખાસિયતો અને ફઝીલતોમાં આગલા પાછલા સહાબામાં કોઈ બરાબર નથી. આ રિવાયતમાં શૈખૈન પર મૌલા અલીની ફઝીલત વિશે જરાય ઈશારો નથી. આ જ કારણે આ રિવાયતથી આજ સુધી સહાબા, તાબઈન, તબ્એ તાબઈન, મુહદ્દિષો અને મુજતહિદ ઈમામોએ મૌલા અલીની અફઝલિયત સાબિત કરી નથી.

**બીજુ** : દરેક ફિર્કાના ઉલમા દ્વારા આ રિવાયતને સહીહ અથવા હસન કહી દેવાથી શું આ રિવાયતથી શૈખૈન પર મૌલા અલીની ફઝીલત સાબિત થઈ જશે ?

**ત્રીજુ** : અમે અહીં અમુક હદીષો અને રિવાયતો રજૂ કરીએ છીએ જે પોતે હઝરત મૌલા અલી અને એહલેબૈત પાક رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત છે, જેમાં સાફ સાફ લખેલું છે કે શૈખૈન (અબૂબક્ર, ઉમર) મૌલા અલીથી અફઝલ છે. જેથી આ સાહેબ માટે હિદાયતનો રસ્તો ખુલી જાય, પોતાની

બદ્ અક઼ીદગીથી તૌબા કરી લે અને એહલે સુન્નતની અવામ ફરેબથી બચી જાય.

**અ.** હઝરત મૌલા અલીના પુત્ર હઝરત મુહમ્મદ બિન ફનાફિય્યાથી રિવાયત છે, "મેં પોતાના વાલિદ સામે અર્ઝ કરી કે હુઝૂર ﷺ બાદ માણસોમાં સૌથી અફઝલ કોણ છે ? ફર્માવ્યું : અબૂ બક્ર મેં અર્ઝ કરી પછી કોણ ? ફર્માવ્યું, ઉમર !" *(સહીહ બુખારી, મનાકિબુ અસ્હાબિન્નબિય્યહ, ૧/૫૧૮)*

**બ.** અબ્દુલ્લાહ બિન સલ્મા رضی اللہ عنہا રિવાયત કરે છે કે મેં હઝરત અલીને એવું કહેતાં સાંભળ્યા કે, "હુઝૂર ﷺ પછી લોકોમાં સૌથી બેહતર અબૂબક્ર છે અને અબૂ બક્ર પછી ઉમર."

*(બુખારી, સુનને ઈબ્ને માજહ, અહીં શબ્દો ઈબ્ને માજહના છે.)*

**ક.** હુકમ બિન હિજ્લ અને અબ્દુર્રહમાન બિન ઈબ્ને અબી લૈલા હઝરત અલીથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું : "હું કોઈને જોઉં કે જે મને અબૂબક્ર તથા ઉમર પર ફઝીલત આપે છે તો તેને આક્ષેપ (તોહમત) લગાડનારાની સજા આપીશ." (એટલે કે ૮૦ કોરડા મારીશ)

*(અસ્સવાઈકુલ મુહર્રિકા)*

જનાબના કહેવા મુજબ ઈમામ હસન હઝરત અલીને સૌથી અફઝલ કહેતા હતા, તો તેઓ ૮૦ કોરડાના હકદાર થયા ? ના ! હું કહું છું કે ઈમામ હસને કયારેય એવું નથી કહ્યું, ન તો વિચાર્યું, બલ્કે આ સજા ગુસ્તાખોને મળવી જોઈએ કેમ કે એ લોકોએ તેમના પર આક્ષેપ લગાડયો, તેમની રિવાયતની ખોટી સમજૂતી કરી અને ખોટો અર્થ બયાન કર્યો.

**ખ.** હઝરત ઈમામ હસનની ઉપસ્થિતિમાં હઝરત અલી رضی اللہ عنہ એ મિમ્બર ચઢીને ઈર્શાદ ફર્માવ્યો, **મને ખબર મળી છે કે અમુક લોકો મને હઝરત અબૂ બક્ર અને ઉમરથી અફઝલ બતાવે છે, આ વિશે જો પહેલાં હુકમ બયાન થઈ ગયો હોત તો જરૂર સજા આપતો. આજથી જેને આ કહેતાં સાંભળીશ તો તે મુફતરી (જૂઠો આક્ષેપ લગાડનારો) છે અને તેના માટે સજા જરૂરી છે.** પછી ફર્માવ્યું : **"બેશક ! નબી ﷺ પછી ઉમ્મતમાં અબૂ બક્ર અફઝલ છે, ત્યાર બાદ ઉમર. પછી ખુદા ખૂબ જાણે છે કે તેમના બાદ કોણ બેહતર છે. અલ્ક઼મા (રાવી) કહે છે કે મજલિસમાં હઝરત ઈમામ હસન પણ હાજર હતા તેમણે ફર્માવ્યું, કસમ ખુદાની ! ત્રીજાનું નામ લૈતા ઉષ્માનનું નામ લેતા."** (ઈઝાલતુલ્ ખિફા)

શું આટલી ચોખવટ બાદ પણ કહેશો કે હઝરત ઈમામ હસન, શૈખૈન પર હઝરત અલીની ફઝીલતનો અક઼ીદો રાખતા હતા ? સહાબાને બલ્કે ત્યાં સુધી કે એહલેબૈતની મહાન હસ્તીને પણ આ રાફઝી ઈન્ટેલિજેન્સે ન છોડયા. આ લોકોની અક઼ીદત કયાં મરી ગઈ છે કે પોતાના ખોટા વિચારો સાબિત કરવા માટે પૈગમ્બરના નવાસાને પોતાના વાલિદના નાફર્માન સુધી બનાવી નાખ્યાં !

**ગ.** હઝરત જુહૈફા رضی اللہ عنہ થી રિવાયત છે કે, હું તેમને એટલે કે હઝરત અલી رضی اللہ عنہ ને "વહબુલ ખૈર" કહેતો હતો. એટલે કે એમના વિચારમાં હઝરત અલી તમામ ઉમ્મતથી અફઝલ હતા. તેમણે અમુક લોકોને એનાથી વિરૂધ્ધ કહેતાં સાંભળ્યા તો તેમને બહુ દુઃખ થયું. હઝરત અલી رضی اللہ عنہ હાથ પકડીને પોતાના ઘરે લઈ ગયા અને ફર્માવ્યું : "અબૂ જુહૈફા દુઃખનું કારણ શું છે ? જણાવી દીધું તો ઈર્શાદ ફર્માવ્યો, શું તને ન બતાવી દઉં કે આ ઉમ્મતમાં સૌથી બેહતર કોણ છે ? હઝરત અબૂબક્ર છે પછી ઉમર. (رضی اللہ عنہما) અબૂ જુહૈફા ફર્માવે છે કે મેં અલ્લાહ તઆલાથી

વાયદો કર્યો છે કે જ્યાં સુધી જીવન બાકી છે આ હદીષને છુપાવીશ નહીં. જ્યારે કે આ વાત મેં જાતે પોતે સામે સામે હઝરત મૌલા અલી (کرم اللہ وجہہ الکریم)થી સાંભળી છે."

–(હવાલો ઉપર મુજબ)

છ. હઝરત અબૂ હાઝિમ ફર્માવે છે કે, એક વ્યક્તિ સૈયદના ઈમામ ઝૈનુલ આબિદીન رضی اللہ عنہની ખિદમતમાં આવ્યો અને પૂછયું કે તમારી નજરમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને હઝરત ઉમર رضی اللہ عنہનો શું મર્તબો છે ? ફર્માવ્યું, જે મર્તબો તેમનો અત્યારે છે કે બંને હુઝૂર ﷺની સાથે આરામ કરી રહ્યા છે. *(મુસ્નદે અહમદ)*

જ. ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ મહઝ બિન હસન મુષન્ના બિન હસન મુજતબા બિન અલી મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعینની પાસે અમુક કૂફા અને જઝીરાના રહેવાસીઓએ હાજર થઈને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما વિશે સવાલ કર્યો. હઝરત જુન્દુબ અસદી ફર્માવે છે કે હઝરત ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ મારી તરફ ફર્યા અને ઈર્શાદ ફર્માવ્યો, "પોતાના શહેરવાસીઓને જુઓ, મને અબૂબક્ર તથા ઉમર વિશે સવાલ કરે છે, તે બંને મારી નજરમાં બેશક! મૌલા અલીથી અફઝલ છે."

–*(અસ્ સવાઈકુલ્ મુહરિકા)*

ઝ. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે : "હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, હું પોતાનુ ગળુ કપાવવાનું પસંદ કરું છું પણ અબૂબક્રથી આગળ કોઈને જોવાનું પસંદ નથી કરતો." –*(મુસન્નફે ઈબ્ને અબી શૈબા, ૩/૪૭૨)*

ઉપરોક્ત રિવાયતો સિવાય હઝરત ઉમર, અબ્દુલ્લાહ બિન ઉમર, અબ્દુર્રહમાન બિન અબી લૈલા, ઈમામ ઝુહરી, અબૂ હસીન, સઈદ બિન હસીબ અને સલમા બિન અક્વઅ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી તમામ ઉમ્મત પર હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ફઝીલતની રિવાયતો આવેલી છે. **શું ઉપરોક્ત રાવીઓને પણ ખારજીઓના રસ્તે ચાલનારા કહેવામાં આવશે ?!** હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم હોત તો આવા લોકોને ન જાણે કેટલી વાર આક્ષેપ લગાડનારાની (૮૦ કોરડાની) સજા આપી ચોક્કસ ચૂક્યા હોત.

## ★ અલ્લામા ઝહબીના લખાણમાં ભયંકર ફેરબદલ ★

સોશિયલ મિડીયા પર આ જ સાહબે આના પહેલા પણ એક ખતરનાક ખયાનત કરી સહાબી અને તાબઈન પર આક્ષેપ લગાડયો હતો. આ વિશે એ સાહબે જે ઘાલમેલ કરી છે તે બહુ ભયંકર છે. જનાબે પોતાની "ફેસબુક વોલ" પર આ પ્રમાણે લખ્યું છે :–

"ઈઝહારે મૌકિફનું સમર્થન કરનારા અને તૈયાર કરનારા જેઓ શૈખૈનને અફઝલ ન માનનારાઓને બદ્દીન કહે છે, હવે સહાબા તથા તાબઈન અને અલ્લામા ઝહબી વિશે તેમનો શું ફત્વો છે ? શું મઆઝલ્લાહ ! તેઓ પણ બદ્દીન છે ? અલ્લામા ઝહબી લખે છે :–

"હું કહું છું કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને અફઝલ સમજવાનો અકીદો રાફઝિયત નથી, ન તો બિદઅત છે, બલ્કે તે એક મખ્લૂકનો અકીદો છે જેમાં સહાબા અને તાબઈન પણ સામેલ છે." (વાત પૂરી)

આ વર્ષે ઉર્સે મખ્દૂમી ઓકટોબર ઈ.સ. ૨૦૧૮માં જામેઅ અશરફની વાર્ષિક દસ્તારબંદી અને ખાનકાહે અશરફિય્યહ્ના સ્ટેજથી એક એલાન આમ "ઈઝહારે મોકફ વ એલાને બરાઅત" પેશ કરવામાં આવ્યો છે, જે જામેઅ અશરફ મંથલી, ભાગ ત્રીજો, અંક નંબર ૧૪, નવેમ્બર–૨૦૧૮માં છપાયો પણ છે. ત્યાર બાદ પોતાની શ્રદ્ધા પ્રમાણે એક "હુજજતુલ્ ઈસ્લામ" અને "મુફતી"એ ઉપરોક્ત બયાન આપ્યું. જેમાં તેણે શૈખુલ ઈસ્લામ અલ્લામા સૈયદ મદની

અશરફી મદની મિયાં, સફીરે અમ્ન કાઈદે મિલ્લત હઝરત અલ્લામા મહમૂદ અશરફ અશ્રફી જીલાની–સજ્જાદાનશીન આસ્તાના આલિયા અશ્રફિયા, પીરે તરીક઼ત ડોકટર સૈયદ જલાલુદીન અશરફ અશ્રફી જીલાની ઉર્ફ કાદર મિયાં, જાનશીને મુજાહિદે દૌરાં હઝરત અલ્લામા સૈયદ ઝફર મસઊદ અશરફી જીલાની, તાજુલ ઉલમા અલ્લામા સૈયદ નૂરાની અશરફ અશરફી જીલાની, તાજુલ્ ઈસ્લામ જાનશીને કુતબુલ્ મશાઈખ હઝરત અલ્લામા સૈયદ નિઝામુદીન અશરફ અશ્રફી જીલાની, ફાઝિલે બગદાદ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ હસન અસ્કરી મિયાં અશરફી જીલાની, જાનશીને આસ્તાના મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત સૈયદ શિબ્લી મિયાં અશરફી જીલાની વગેરેને પોતાની ટીપ્પણીમાં ટાર્ગેટ (નિશાન) બનાવ્યા છે.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની અફઝલિયત વિશે અલ્લામા ઝહબીનું પોતાનું મંતવ્ય શૈખેન (અબૂ બક્ર, ઉમર) પર જુઓ પછી આ "મહાન કાર્ય" પર એ સાહેબને લક઼બો આપવાના તમે હક્કદાર થશો. અલ્લામા ઝહબી લખે છે :–

**"આ બંને (હઝરત ઉષ્માન رضی اللہ عنہ અને હઝરત અલી رضی اللہ عنہ)થી અફઝલ બેશક ! હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર (رضی اللہ عنہما) છે. જે વ્યક્તિ આની વિરુદ્ધ હોય તે ચઢેલો શીઆ છે. જે શૈખેનની ઈમામતને સહીહ જાણે પણ તેમનાથી દુશ્મની રાખે તે પાક્કો રાફઝી છે અને જે તેમને ખરાબ બોલે અને હિદાયતના ઈમામ ન સમજે તે ચઢેલો રાફઝી છે, અલ્લાહ તઆલાએ આવા લોકોને રહ્મતથી દૂર કરી દીધા."** *(સિયરુ અઅ્લામિન્નુબલા, ૧૬/૪૫૮)*

અલ્લામા ઝહબીએ شیعی جلد (ચઢેલો શીઆ) લખ્યું, અલ્લામા ઝહબીનો અક઼ીદો આ મસ્અલામાં આટલો સખત છે અને આ સાહબે તેમના લખાણમાં ફેરબદલ કરીને પોતાના બાતિલ વિચારને સાબિત કરવાની કેટલી ગંદી કોશિશ કરી છે. અલ્લામા ઝહબીએ આના વિરુદ્ધ અક઼ીદો રાખનારાઓને શીઆ કહ્યા, તો શું અલ્લામા ઝહબી પણ ખારજીના રસ્તે ચાલી આ મસ્અલામાં અહલે સુન્નત પર રાફઝી હોવાના ગોળા મારી રહ્યા છે ?!

હવે અહીં હું તે આખુ લખાણ રજૂ કરું છું જેથી ધોકાબાજી અને વહાબીઓ બલ્કે તેનાથી પણ ખરાબ વાત (પોતાના હેતુ મુજબ લખાણમાં ફેરબદલ કરવાની) સામે આવી જાય અને દૂધનું દૂધ, પાણીનું પાણી સ્પષ્ટ થઈ જાય. જુઓ, સિયરુ અઅ્લામિન્ નુબલાનુ લખાણ :–

"ઈમામ દાર કુત્નીએ ફર્માવ્યું કે બગદાદના લોકોમાં ઝઘડો હતો, કોઈ કહેતુ હતું હઝરત ઉષ્માન અફઝલ છે અને કોઈ કહેતું હઝરત અલી અફઝલ છે. (رضی اللہ عنہما) લોકો ફૈસલા માટે મારી પાસે આવ્યા, મેં જવાબ ન આપ્યો અને ચૂપ રહેવાને યોગ્ય સમજ્યો, પછી મને ચૂપ રહેવાનું યોગ્ય ન લાગ્યું અને મેં પૂછનારાને કહ્યું, જઈને લોકોને કહો કે અબુલ્ હસન (દાર કુત્ની) કહે છે કે સહાબાએ કિરામના ઈત્તેફાક઼ સાથે હઝરત ઉષ્માન હઝરત અલીથી અફઝલ છે. (رضی اللہ عنہما) અને આ જ અહલે સુન્નતનો અક઼ીદો છે, અને આ અક઼ીદો (કે હઝરત અલી હઝરત ઉષ્માનથી અફઝલ છે) સૌ પ્રથમ રાફઝીઓમાં ઘુસે છે.

મેં (અલ્લામા ઝહબીએ) કહ્યું, હઝરત અલી رضی اللہ عنہને અફઝલ કહેવા (હઝરત ઉષ્માન رضی اللہ عنہથી) ન રાફઝીયત છે ન બિદઅત બલ્કે સહાબા અને તાબઈનની એક જમાઅત આને માને છે. બંને હસ્તીઓ ફઝીલતવાળી, પ્રથમ ઈસ્લામ લાવનારી, મુજાહિદોમાંથી છે અને ઈલ્મ તથા મર્તબામાં નજીક નજીક છે. આશા છે કે આખેરતમાં પણ મર્તબામાં બરાબર હશે. બંને સરદારો શહીદોમાંથી છે. **જો કે જમહૂર ઉમ્મત એ વાતને માને છે કે હઝરત ઉષ્માન رضی اللہ عنہને હઝરત અલી کرم اللہ وجہہ الکریم પર**

**ફઝીલત છે, અને આ જ અમારો અક઼ીદો છે.**

જુઓ! ક્યાંની વાત ક્યાં ફીટ કરી છે. અલ્લામા ઝહબીએ "હઝરત અલી رضی اللہ عنہને હઝરત ઉષ્માન رضی اللہ عنہથી અફઝલ સમજવાને રાફઝીયત કહેવાના ઈમામ દારકુત્નીના મંતવ્ય પર કટાક્ષ કર્યો છે અને આ સાહબ કહી રહ્યા છે કે અલ્લામા ઝહબીએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને શૈખૈનથી અફઝલ કહેવાને જાઈઝ ઠરાવ્યું છે. (મઆઝલ્લાહ !) અલ્લામા ઝહબી તો શું સહાબા અને તાબઈનના માથે પણ થોપી માર્યું અને કહ્યું અને બોલ્યા, આ લોકો પણ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને શૈખૈનથી અફઝલ માને છે. આમાં શૈખેન પર અફઝલિયતનું કોઈ વર્ણન જ નથી, બલ્કે આ પેજ પછી જ આગલા પેજ નં. ૪૫૮માં આ જ અલ્લામા ઝહબીએ જ તો આ રાફઝી એજન્ટ અને તેના અનુયાયીઓના ચહેરા પરનો માસ્ક ઉતારી ફેંકયો અને જોરદાર ઘા માર્યો અને પોતાનો અક઼ીદો તથા મંતવ્ય બલ્કે અહલે સુન્નતનો (ઉપરોક્ત) અક઼ીદો બયાન ફર્માવ્યો.

આ અક઼ીદા સંબંધે મહબૂબે યઝ્દાની હઝરત સુલ્તાન સૈયદ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہના સચોટ અને ખુલ્લા મંતવ્યનું વર્ણન બહુ યોગ્ય છે. **હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, "અમે અલ્લાહ વ રસૂલ પર ઈમાન રાખીએ છીએ અને રસૂલુલ્લાહ ﷺના તમામ સહાબાએ કિરામની ફઝીલતને પણ યક઼ીનથી માનીએ છીએ, અને એ પણ માનીએ અને અક઼ીદો રાખીએ છીએ કે તમામ મુસલમાનોમાં ખિલાફતના સૌથી વધુ હક્દાર અને તેમનામાં સૌથી અફઝલ હઝરત અબૂબક્ર બિન અબૂ કુહાફા હતા, પછી ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) અમારા તમામ ભાઈઓ, પુત્રો, ચાહકો અને અક઼ીદતમંદો યાદ રાખે છે કે અમે આ (અક઼ીદા) પર હતા, આના પર જ છીએ અને હમેશાં આના પર જ રહીશું. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامનો ફર્માન છે કે તમે જે હાલતમાં જીવન ગુઝારશો તે જ હાલતમાં મૌત પામશો, અને જે જે હાલતમાં મૃત્યુ પામે તે જ હાલતમાં મેહશ્રમાં આવશે, જેનો ઉપરોક્ત અક઼ીદો ન હોય તે ગુમરાહ બેદીન છે, અમે તેનાથી બેઝાર છીએ, ખુદા તેનાથી રાજી નથી.**

*(હુજ્જતુઝ્ ઝાકિરીન)*

**પેલા સાહેબના કહેવા મુજબ શું હઝરત મખ્દૂમ પાક પણ ખારજીઓના રસ્તે ચાલી આ મસ્અલામાં અહલે સુન્નત પર રાફઝી હોવાના ગોળા ફેંકી રહ્યા છે ?!** હે રાફઝિયતની કઠપૂતળી ! હોશમાં આવ ! પોતાનું ઈમાન બચાવ ! અમે તો તે જ કહીએ છીએ જે રસૂલુલ્લાહ ﷺ, સહાબાએ કિરામ, તાબેઈન, તબ્એ તાબઈન, મુજતહિદ ઈમામો, મુહદ્દિષો, મુફસ્સિરો, ફુક઼હા, સૂફીઓ, આલિમો અને બધા જ પૂર્વજોએ કહ્યું છે. ઉમ્મતના ઈજમાઅ વિરુદ્ધ વાત કહીને રાફઝિયતને બદ્અક઼ીદગીનું ખાતર પહોંચાડનારા તમે લોકો છો, કેમ કે તમે ઈમામ હસનથી વર્ણન થયેલ એક રિવાયતનો ખોટો અર્થ ઘડીને રજૂ કર્યો અને અલ્લામા ઝહબીના એક લખાણમાં ફેરબદલ કરી તેમને અહલે સુન્નતના વિરોધી ઠરાવ્યા.

અલ્લાહ તબારક વ તઆલા આવા ક઼ૌમના સોદાગરોના ફરેબથી અહલે સુન્નતને બચાવે. આવા લોકોએ જોઈએ કે તેઓ પોતાના ગૌષુલ આલમ, કુદ્વતુલ કુબ્રા, મહબૂબે યઝદાની સુલ્તાન સૈયદ મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہની તરફ કદાપિ પોતાની નિસ્બત ન કરે, કેમ કે તેમણે પોતાની બરાઅત્ જાહેર કરી દીધી છે. આવા લોકો ખુલીને પણ કહે કે શૈખનની અફઝલિયતને નથી માનતા, તો પછી આવા લોકોને અમે તદ્દન છોડી મૂકીશું.

*(માહનામા કન્ઝુલ ઈમાન, માર્ચ-૨૦૧૯)*

# ઈદારએ શરઈય્યહ-ભરૂચ
## (દારુલ કઝા)ની મીટિંગનું આયોજન

(સમગ્ર ભરૂચ જિલ્લાના સુન્નીઓ જોગ જાહેરાત)

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક, ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ)*

વર્તમાન સમયમાં આ એક અતિ ગંભીર બાબત છે કે મુસલમાન પતિ પત્નીના ઝઘડાઓથી કોર્ટોમાં અસંખ્ય કેસો ચાલી રહ્યા છે. આપણે મુસલમાન છીએ અને કુર્આન હદીષના પ્રમાણે પતિ પત્નીના કે વારસાના વગેરે આંત્રિક ઝઘડાઓ માટે ગૈરોની કોર્ટમાં જવું અને કુર્આન હદીષની રૂએ ઈસ્લામી દારુલ કઝા કે મુફતીયાને કિરામથી ફૈંસલો ન ચાહવો એ ઈમાનની કમજોરી પુરવાર કરે છે. મુસલમાન છીએ તો અલ્લાહ વ રસૂલના હુકમો મુજબ આપણા આપસી ઝઘડાઓના ફૈંસલા કરાવવા જ જોઈએ.

તેમજ કેટલીક બહેનો એ રીતે મુસીબતોમાં સપડાયેલી પણ હોય છે કે પતિ ભરણ પોષણ નથી આપતો, પત્નીના હક્કો અદા નથી કરતો અને છૂટાછેડા પણ નથી આપતો કે ઈદ્દત ગુજારી સ્ત્રી બીજે ઘર માંડી શકે. વળી કેટલાક એવા પતિઓ પણ છે કે જેઓ લાપતા છે અથવા પરદેશ જતા રહ્યા છે અને પત્ની વરસોથી એકલી રહે છે, ન પતિ ભરણપોષણ મોકલે છે ન તો કોઈ સંપર્કમાં રહેલો છે, ન તો તેને તલાક આપી છૂટી કરતો કે ઈદ્દત ગુજારી તે સ્ત્રી બીજા નિકાહ કરી ઘર માંડી શકે. તેમજ દર મહિને ભરૂચ જિલ્લા લેવલ પર ચાંદની જાહેરાતની જવાબદારીને હલ કરવુ જરૂરી રહે છે.

આવી પરિસ્થિતિઓના નિકાલ માટે, આવી અટવાયેલી બહેનો કે આંત્રિક મસ્અલાઓના હલ માટે "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ" ખાતે તા. ૨૭-૧૦-૨૦૧૭ના રોજ ભરૂચ જિલ્લા લેવલ પર "ઈદારએ શરઈય્યહ-ભરૂચ" (દારુલ કઝા)ની સ્થાપ્ના હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી જામિઆ અશ્રફિયા-મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)ની સરપરસ્તીમાં અનેક ભરૂચ જિલ્લાના મુફતીઓ તથા ઉલમાની હાજરીમાં સ્થાપિત કરવામાં આવી જેની મુખ્ય જવાબદારી મુફતી મુહમ્મદસાબિર મિસ્બાહી રંગૂની, મુફતી તૌસીફ રઝા હલદરવી તથા મૌલાના મુબારક અશરફી મછાસરવીની પેનલને સોંપી તથા અન્ય સહાયક મુફતી ઉલમા નિયુક્ત કર્યા હતા.

સુન્ની અવામ આ સંસ્થાનો લાભ ઉઠાવી શકે અને અવામમાં આ સંસ્થાનો પ્રચાર થાય અને સુન્ની મુસલમાનો કુર્આન હદીષની રૂએ પોતાના અંગત મામલાઓનો હલ મેળવવા આ દારુલ કઝાનો સંપર્ક કરે એના માટે મુસલમાની ચાંદ ૭ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૧, તા.૫-૧૧-૨૦૧૯ મંગળવારના રોજ ભરૂચ જિલ્લાના ઉલમાની હાજરીમાં "ઈદારા શરઈય્યહ-ભરૂચ" (દારુલ કઝા)ની એક મીટિંગ **ફય્ઝાને રઝા ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર (નેશનલ ટ્રેડ સેન્ટર, પાંચબત્તી-ભરૂચ)** ખાતે રાખવામાં આવી. જેમાં મુફતી મુહમ્મદસાબિર મિસ્બાહી રંગૂની સાહબે ઈદારાનું મહત્વ સમજાવ્યું હતું અને એનો અવામમાં પ્રચાર કરવા માટે અપીલ કરી હતી જેથી સુન્ની મુસ્લિમો તેનો લાભ મેળવી શકે. તેમજ હાજર રહેલ ઉલમા મુફતીઓએ વિવિધ મશ્વરા પણ મઝકૂર મીટિંગમાં રજૂ કર્યા હતા જેની

નોંધ લઈને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તો સુન્ની અવામને વિનંતિ કે પતિ પત્નીના ઝઘડા કે પતિ લાપતા થયો તેવા સંજોગોમાં તથા વારસાના અન્ય શરઈ મસ્અલા બાબતે આ ઈદારએ શરઈય્યહ–ભરૂચ (C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)થી સંપર્ક કરે અને ચાંદના બારામાં તેના **"ચાંદના એલાનને જિલ્લા લેવલ પર"** સ્વીકાર્ય ગણી તેને અનુસરે જેનાથી ઘણી સમસ્યાઓ હલ થઈ જશે. (ઈન્શા અલ્લાહ !) **નોંધ** : સંસ્થા તરફથી દર મહિને વોટ્સ એપ પર એલાન થાય છે.

આ મીટિંગમાં ભરૂચ જિલ્લાના ઘણા ઉલમાએ હાજરી આપી હતી જેમાંથી અમુક નામો આ પ્રમાણે છે : મૌલાના મુબારક અશરફી મછાસરવી, મૌલાના સાદિક સાબરી દહેગામી, મૌલાના તૌસીફ રઝા હલદરવી, મૌલાના ઈકબાલ શમ્સી આમોદી, મુફતી મોહસિન મિસ્બાહી, મુફતી સરફરાઝ અશરફી, મૌલાના અશ્ફાક મિસ્બાહી, મુફતી મુહમ્મદઅશરફ રઝા મિસ્બાહી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, મૌલાના અખ્તરહુસૈન અશરફી, મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી, મૌલાના ગુલામયાસીન મિસ્બાહી નૂરાની, મુફતી મુહમ્મદ યૂનુસ–ટુંડજવાળા, મુફતી સાબિર મિસ્બાહી રંગૂની, મૌલાના પીર અલી મિસ્બાહી, મૌલાના સાજિદ મિસ્બાહી થામવાળા, મૌલાના આસિફ મિસ્બાહી, મૌલાના નૂર સઈદ મિસ્બાહી, મૌલાના સૈયદ આસિફ બરકાતી, મૌલાના ઈમરાન મિસ્બાહી દયાદરવી, કારી ઝુબેર અશરફી, મૌલાના ઈબ્રાહીમ જંબુસરી, મૌલાના અહમદ અશરફી–ભરૂચ, હાફિઝ મુબારક ઈસ્માઈલ, મૌલાના તલ્હા મિસ્બાહી, મુહમ્મદ અબ્બાસ સાહબ સારાંશ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા, દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ, દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ, દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા–જંબુસર, દારુલ ઉલૂમ ફયૂઝાને મદીના–ભરૂચ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચ ઉપરાંત અન્ય દારુલ ઉલૂમોના ઉલમા તથા વિવિધ મસ્જિદોના ઈમામો મુતવલ્લીઓ વગેરેએ હાજરી આપી હતી.

## દયાદરામાં ઈદે મીલાદુન્નબી ﷺ નિમિત્તે સુન્ની ઈજતેમા

**દયાદરા** ખાતે તા. ૬–૧૧–૨૦૧૯ બુધવારે ઈશા બાદ અકુજી કોમ્યુનિટી હોલ પાસે "જશ્ને મીલાદુન્નબી" ﷺ નિમિત્તે "સુન્ની દા'વતે ઈસ્લામી"નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો. જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી, હઝરત મૌલાના સૈયદ અમીનુલ કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ), બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) તેમજ અન્ય ઉલમાએ એઝામ તથા સાદાતે કિરામ, અઈમ્મા હઝરાત તથા મુબલ્લિગોએ હાજરી આપી હતી. ઈશા બાદ જનાબ કારી મકસૂદ કાવીવાળા (પેશ ઈમામ–દયાદરા)એ કિર્અત તથા નઅતે પાકના તરાનાં પેશ કર્યા હતાં. ત્યાર બાદ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે *"મીલાદુન્નબી"* ﷺ મનાવવાની સાબિતિમાં કુર્આન હદીષથી દલીલો સાથે પુરજોશ અસરકારક બયાન કર્યું હતું. ત્યાર બાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી માલેગાવીએ *"જમાલે મુસ્તફા"* ﷺના વિષયે વલવલા અંગેઝ બયાન કર્યું હતું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ *"હુઝૂર ﷺ કી ઉમ્મત કા ભલા ચાહો ઔર હુઝૂર ﷺ કો રાઝી કરો, ખુશ કરો !"* આ વિષયે ખૂબ જ અસરકારક ફિક્રી ઈસ્લાહી બયાન કર્યું હતું. બહોળી સંખ્યામાં સુન્ની અવામે દયાદરામાં હાજરી આપી ફયઝે મુસ્તફા ﷺ હાંસલ કર્યો હતો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## શાદી મુબારક

❑ **દયાદરા** : મર્હૂમ અલ્તાફ ઈસ્માઈલ ચોકવાલાની નેક દુખ્તર અઝમીનાની શાદી બાવા રયહાન નગર–ભરૂચના રહીશ પટેલ ઐયૂબ દાઉદભાઈના નેક ફરઝંદ તૌસીફ હુસૈન સાથે તા. ૩–૧૧–૨૦૧૯ રવિવારે અકુજી કોમ્યુ. હોલ–દયાદરા રાખવામાં આવી.

❑ **વડોદરા** : બરકાતે ખ્વાજા માસિક તથા અંજુમને રઝાએ મુસ્તફા દયાદરાના ખાસ ચાહક મુહિબ્બે ગિરામી જનાબ મુહમ્મદસાદિક઼ અબ્દુલગફફાર મેમણ ચશમાવાળા (સંજરી ઓપ્ટિકલ્સ)ની નેક દુખ્તર "ફિરદોસબાનુ"ની શાદી નૂર મુહમ્મદ તાર મુહમ્મદ મેમણના નેક ફરઝંદ "મુહમ્મદ વસીમ" સાથે તા. ૭–૧૧–૨૦૧૯ જુમેરાતે રાખવામાં આવી. ઘણા સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા, મુબલ્લિગોએ આ નૂરાની અવસરે હાજરી આપી હતી. તંત્રી બરકાતે ખ્વાજા શબ્બીર પટેલ રઝવી તથા હાફિઝ અ.રહીમ બરકાતી વગેરેએ પણ હાજરી આપી સૌને મુબારકબાદ આપી હતી.

❑ **ઝંઘાર** : ખાતે બરકાતે ખ્વાજા (મંથલી), ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા તથા અંજુમને રઝાએ મુસ્તફાના ખાસ હમદર્દ સપોટર હાજી અબ્દુર્રહીમ આદમ મુન્શીની નેક દુખ્તર નઝીરાની શાદી ટંકારીઆ નિવાસી મર્હૂમ ઈલ્યાસ અહમદ લાર્યાના નેક ફરઝંદ ખાલિદ સાથે ૧૮ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૧, અં. તા. ૧૬–૧૧–૨૦૧૯ને શનિવારે ઝંઘાર ખાતે રાખવામાં આવી.

❑ **કુરચણ** : (તા. આમોદ) મુકામે યાકૂબ મુહમ્મદ પટેલ સૂરતીના નેક ફરઝંદ શોએબની શાદી સીરાજ ઉમરજી પટેલ સૂરતની નેક દુખ્તર શબનમ સાથે તા. ૧૭–૧૧–૨૦૧૯ રવિવારે રાખવામાં આવી.

❑ **ભરૂચ** : મદીના પાર્ક નિવાસી પટેલ રફીક અલી મુહમ્મદની નેક દુખ્તર સમીનાની શાદી ઐયૂબ અહમદ ડબગર સૂરતના નેક ફરઝંદ મુજીબ અશરફ સાથે અન્નૂર મેરેજ હોલ, દહેજ રોડ, ભરૂચ ખાતે તા. ૧૬–૧૧–૨૦૧૯ શનિવાર, મુ. ચાંદ ૧૮ રબીઉલ અવ્વલ હિ. ૧૪૪૧ના રોજ રાખવામાં આવી.

❑ **દહેગામ** : (તા. જંબુસર) ખાતે હઝરત મૌલાના સાદિક઼ સાબરી સાહબની નેક દુખ્તર મુબશ્શિરાની શાદી દહેગામવાસી (હાલ સૂરત) હાજી ઐયૂબ હાજી હસન છતભાના નેક ફરઝંદ સાથે મુ. ચાંદ ૧૯ રબીઉન્નૂર, હિ.સ. ૧૪૪૧, અં. તા. ૧૭–૧૧–૨૦૧૯ રવિવારે ખૂબ શાનો શૌકકથી રાખવામાં આવી. મોટી સંખ્યામાં સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા, મુબલ્લિગો, મુતવલ્લીઓએ હાજરી આપી હતી. તંત્રી : બરકાતે ખ્વાજા માસિક પટેલ શબ્બીર અલી રઝવી, હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) તેમજ અલી માસ્તર ઘંટીવાળા (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા) વગેરે.. લોકોએ બહોળી સંખ્યામાં હાજરી આપી સૌને શાદીની મુબારકબાદી આપી હતી.

*દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સુરત** : મર્કઝે રિફાઈ બર્રે સગીર ખાનક઼ાહે ક઼લાં (રિફાઈ સાહબ કી બડી ગાદી) ગૌષુર્રફાઈ બાબુલ મક્કા સૂરત સાહિબે સજ્જાદાનશીન હઝરત સૈયદી સરકાર મોહ્યુદ્દીન સલીમુલ્લાહ શાહ અલ હમદાની અલ ક઼ાદરી અર્રિફાઈ બરોજ જુમ્આ સમય : ૦૪.૪૫ તારીખ ૨૫ ઓકટોબર ૨૦૧૯ કો ઈસ ફાની દુન્યા સે કૂચ કર ગયે હૈં. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْن આપકી નમાઝે જનાઝા નમાઝે ઈશા બાદ ખાનક઼ાહ શરીફમેં પઢાઈ ગઈ ઉસકે બાદ આપ કી તદફીન ખાનક઼ાહ શરીફમેં હૂઈ. રબ્બે કરીમ મર્હૂમ હઝરતની મગફેરત ફર્માવી બુલંદ દરજાત અતા કરે. *–તંત્રી*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા :** (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૧૫–૧૦–૨૦૧૯, ચાંદ ૧૫ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ મંગળવારના રોજ જનાબ સલીમ અલી ધીરજનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. તથા તા. ૨૮–૧૦–૨૦૧૯, ચાંદ ૨૮ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ સોમવારના રોજ જનાબ મુહમ્મદભાઈ ઈબ્રાહીમ રેડીયોવાલાનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે.
- **લુસાકા :** (જાંબિયા) ખાતે તા. ૧૬–૧૦–૨૦૧૯, ચાંદ ૧૬ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ જનાબ સલીમ જમાલભાઈ કોઠીવાલાનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે.
- **બોલ્ટન :** (ઈંગ્લેન્ડ) ખાતે તા. ૦૯–૧૧–૨૦૧૯, ચાંદ ૧૦ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૧ જુમ્આના રોજ જનાબ હાજી અનવરભાઈ છીપાના મધર હજીયાણી ફાતિમાબેન યૂસુફ છીપાનો લગભગ ૯૬ વર્ષની વયે ઈન્તેક઼ાલ થઈ ગયો છે.
- **વડોદરા :** ના રહેવાસી જનાબ હાફેઝ મુહમ્મદહુસૈન કલ્લનનો મક્કા શરીફમાં હજ્જ દરમિયાન ઈન્તેક઼ાલ થઈ ગયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૨૦**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૨૦નું બુકીંગ ચાલુ છે**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

**રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.**
**એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.**

**સંપર્ક**
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



**લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા. ૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧


**અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !**

✻ **ભાવનગર** : થી મુમતાઝ એ. કાઝી સાહબ થકી મીલાદુન્નબી ﷺની ખુશીમાં તેમની દીકરીઓ શીરીન મો.ઝુબેરભાઈ કુરેશી–અમદાવાદ તથા સાજિદા અનીસ સુમરા–ભૂજ તરફથી રૂા. ૮૦૦૦/– "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ને મોકલ્યા છે. જઝાકુમુલ્લાહુ ખૈરહ. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં સખાવત કરનાર બહેનોને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન) –*તંત્રી*

✻ **કાવી** : (તા. જંબુસર) **જનાબ માસ્તર સુલેમાન દોલા બરેલ્વી**ને ત્યાં ઈદે મીલાદુન્નબી ﷺના દિવસે પૌત્ર જન્મ થયો જેનું નામ **"મુહમ્મદ રઝા"** રાખ્યું છે. આ ખુશીમાં એમના તરફથી રૂા. ૪૧૨/– **"બરકાતે ખ્વાજા"** મંથલીમાં લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં, ગૌષો ખ્વાજા રઝાઓ અશરફ વ જુમ્લા અવલિયાના સદકા વ તુફૈલ નવાંગતુકને ફયૂઝને રઝા તથા સર્વ અવલિયાના ફયૂઝાનથી માલામાલ કરે, માબાપ, દાદા સૌની આંખોની ઠંડક બનાવે, બંને જહાનની નેઅમતો નસીબ કરે. (આમીન)–*તંત્રી*


**Masoom Tours & Travels**

**૨૭ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

**www.masoomtours.com**

| ઉમરાનું બુકીંગ ચાલુ છે | દિવસ |
|---|---|
| ૧૯ ડિસેમ્બર – ૨૦૧૯ | ૧૫ |
| ૩૧ ડિસેમ્બર – ૨૦૧૯ | ૧૫ |
| જાન્યુઆરી – ૨૦૨૦ | ૧૫ |
| ફેબ્રુઆરી–૨૦૨૦ | ૧૫ |
| માર્ચ– ૨૦૨૦ | ૧૫ |
| એપ્રિલ–૨૦૨૦ થી રમઝાન ઉમરાહ – ૨૦૨૦ | ૩૨ દિવસ |

For More Information, Visit Our Website

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેક્ટ ફ્લાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ
- લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મક્કા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.
- હોટલ-હરમ શરીફથી ફક્ત ૮ થી ૧૦ મિનીટના અંતરે
- મક્કા શરીફમાં ૪/૫/ રૂમ શેરીંગ- મદીના શરીફમાં ૪/૫ શેરીંગ

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી ૯૭૩૭૮૬૮૮૬૨

**ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨**